
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

PRAKASHAN

# ગુજરાતનાં જૈન તીર્થધામો

## (પ્રવાસ પથદર્શિકા)



ચૌલા કુરૂવા

For Private and Personal Use Only

।। कोबातीर्थमंडन श्री महावीरस्वामिने नमः ।।

।। अनंतलब्धिनिधान श्री गौतमस्वामिने नमः ।।

।। गणधर भगवंत श्री सुधर्मास्वामिने नमः ।।

।। योगनिष्ठ आचार्य श्रीमद् बुद्धिसागरसूरीश्वरेभ्यो नमः ।।

।। चारित्रचूडामणि आचार्य श्रीमद् कैलाससागरसूरीश्वरेभ्यो नमः ।।

# आचार्य श्री कैलाससागरसूरि ज्ञानमंदिर

## (जैन व प्राच्यविद्या शोधसंस्थान एवं ग्रंथालय)

## पुनितप्रेरणा व आशीर्वाद

## राष्ट्रसंत श्रुतोद्धारक आचार्यदेव श्रीमत् पद्मसागरसूरीश्वरजी म. सा.

## जैन मुद्रित ग्रंथ स्केनिंग प्रकल्प

ग्रंथांक : १३५४




**श्री महावीर जैन आराधना केन्द्र**


आचार्यश्री कैलाससागरसूरि ज्ञानमंदिर
कोबा, गांधीनगर-श्री महावीर जैन आराधना केन्द्र
आचार्यश्री कैलाससागरसूरि ज्ञानमंदिर
कोबा, गांधीनगर-३८२००७ (गुजरात)
(079) 23276252, 23276204
फेक्स : 23276249
**Websiet :** www.kobatirth.org
**Email :** Kendra@kobatirth.org


**शहर शाखा**

आचार्यश्री कैलाससागरसूरि ज्ञानमंदिर
शहर शाखा
आचार्यश्री कैलाससागरसूरि ज्ञानमंदिर
त्रण बंगला, टोलकनगर
हॉटल हेरीटेज़ की गली में
पालडी, अहमदाबाद – ३८०००७
(079) 26582355

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir







For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


R-3820
30-1-17

## અસ્મદીયમ :

સંગેમરમરમાં સુંદર કલા કોતરણીથી બનતા જૈનમંદિરો મહદ્અંશે પર્વત ઉપર શાંત વાતાવરણમાં બનાવેલા હોય છે. નાસ્તિકને પણ આસ્તિક બનાવી દે એવું શાંત, પવિત્ર અને સુંદર કલાત્મક વાતાવરણ જૈનમંદિરોમાં જ જોવા મળે છે. ભારતમાં આવેલા અનેક જૈન મંદિરોમાંથી મહત્વનાં જૈન મંદિરો આ પુસ્તીકામાં ગુજરાતનાં ૭૨ જૈન તીર્થોની સાથે સાંકળી લેવાયા છે.

પ્રત્યેક જૈન તીર્થની ટુંકી માહિતી, આવાસ સુવિધા અને વાહનવ્યવહાર સુવિધાની માહિતી સાથે અપાયેલી છે. મહત્ત્વનાં જૈન તહેવારો, મેળાઓ ને ધ્વજાઓની તિથિઓ તેમજ પંચતીર્થીનાં રૂટ છેલ્લા વિભાગમાં છે. જુદા જુદા જૈન તીર્થો દર્શાવતો નકશો સમાવતી આ પુસ્તીકા, આશા છે કે પ્રત્યેક ધાર્મિક તેમજ પ્રવાસ ઉત્સુક વ્યકિતને જૈન તીર્થની સુંદર માહિતી, સંક્ષિપ્તમાં, સરળ રીતે પૂરી પાડશે. પુસ્તીકામાં છેલ્લામાં છેલ્લી માહિતીનું સંકલન કરાયેલ છે.

**ચૌલા કુરવા...**



તસ્વીરો – ઉપર – તીર્થ સ્થળે મુખપૃષ્ઠ – શેત્રુંજય-ટાઈટલ અંદરનાપાને – ઉપરથી – ગિરનાર, તારંગા, જૈન મંદિરોની કોતરણી.

ACHARYA SRI KAILASSAGARSURI GYANMANDIR
SRI MAHAVIR JAIN ARADHANA KENDRA
Koba, Gandhinagar-382 009
Phone : (079) ...

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**સાદર અર્પણ મારા માતા**
**સ્વ. શ્રીમતી પ્રમીલા કુરૂવાને...**

**પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન**
**પ્રમીલા પબ્લીશર્સ વતી**
શ્રી ઉમરશી જે. કુરૂવા
શ્રીમતી હેમા લાલકા
શ્રી જીતેન કુરૂવા

**પ્રાપ્તિસ્થાન :**
એમ-૩-૧૫
પ્રગતિનગર
અમદાવાદ-૩૮૦૦૧૩
**તેમજ અન્ય પુસ્તક વિક્રેતાઓ પાસેથી**

**લેખક-સંપાદક**
ચૌલા કુરૂવા
( સર્વ હક્ક લેખકને સ્વાધીન)

**પ્રથમ આવૃત્તિ** **કિંમત રૂા. ૮/-**
ઓગષ્ટ ૧૯૮૬ ( પોસ્ટેજ અલગ )

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમ


| | પાના નં. |
|---|---|
| વિભાગ-૧ તીર્થયાત્રા | ૪ |
| વિભાગ-૨ ગુજરાતના જૈન તીર્થધામો | ૫ |
| અમદાવાદ જિલ્લો (કર્ણાવતી તીર્થ—અમદાવાદ, ધોળકા) | ૫ |
| ખેડા જિલ્લો (ખંભાત, માતર) | ૭ |
| વડોદરા જિલ્લો (દર્ભાવતી, બોડેલી) | ૯ |
| ભરૂચ જિલ્લો (કાવી, ઝઘડીયા, ભરૂચ, ગાંધાર) | ૧૦ |
| ભાવનગર જિલ્લો (મહુવા, તાલધ્વજગિરિ, કદમ્બગિરિ, હસ્તગિરિ, ઘોઘા વલ્લભીપુર, શત્રુંજય) | ૧૨ |
| જૂનાગઢ જિલ્લો (દેલવાડા, અજાહરા, ઉના, દીવ, ચંદ્રપ્રભાસપાટણ, ગિરનાર) | ૧૯ |
| સુરેન્દ્રનગર જિલ્લો (શિયાણી, ઉપરિયાળા) | ૨૩ |
| જામનગર જિલ્લો (જામનગર) | ૨૫ |
| કચ્છ જિલ્લો (તેરા, જખૌ, નલીયા, કોઠારા, સુથરી, ભદ્રેશ્વર, ભૂજ, મુન્દ્રા, માંડવી, સાંધાણ, ડૂમરા, ભૂજપુર, મોટીખાખર) | ૨૫ |
| બનાસકાંઠા જિલ્લો (કુંભારીયાજી, પ્રહલાદનપુર; ડીસા, થરાદ, ખીમા, વાવ, ભોરોલ, ભીલડીયાજી) | ૩૦ |
| મહેસાણા જિલ્લો (જમણપુર, મેત્રાણા, વાલમ, ગાંભુ, મોઢેરા, કમ્બોઈ, ચાણસ્મા, ચારૂપ, વામજ, પાનસર, શેરીસા, ભોંયણી, મહુડી, વીજાપુર, તારંગા, શંખેશ્વર, પાટણ, મહેસાણા) | ૩૬ |
| સાબરકાંઠા જિલ્લો (ખેડબ્રહ્મા, વડાલી, ઈડર, મોટાપોસીના) | ૪૫ |
| પંચમહાલ જિલ્લો (પાવાગઢ, પારોલી) | ૪૭ |
| વિભાગ-૩ ભારતનાં મહત્વનાં જૈનતીર્થો | ૪૯ |
| વિભાગ-૪ સંક્ષિપ્તમાં | ૫૪ |
| (૧) જૈન તહેવારો—ચાર્ટ ૧ અને ૨ | |
| (૨) જૈન તીર્થધામોની પંચતીર્થીની માહિતી | |


For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિભાગ–૧

## તીર્થયાત્રા

આદિકાળથી માનવી ઈશ્વરને એક અથવા બીજા સ્વરૂપે માનતો આવ્યો છે, અને તેને પૂજે છે. પ્રાચીન સમયથી તે આજ-દીન સુધી માનવી જીવનની ક્ષણિકતા, સંસારના સુખ દુઃખો અને સંઘર્ષોનાં કારણે ઈશ્વરને એક અવલંબન અને આશા તરીકે તેમજ દુઃખ, મૃત્યુ વગેરેના ભયથી શાંતિ મેળવવા પૂજે છે.

જગતના ધર્મો મનુષ્યને સંસારના સુખદુઃખમાંથી પર થઈ શાશ્વત સુખ મળી શકે તે માટે ઈશ્વરભક્તિનો રાહ ચીંધે છે. જૈનધર્મ જગતના પ્રાચીન ધર્મોમાંનો એક છે જેની રચના અહિંસા અને જીવદયાના પાયા પર થયેલી છે. કર્મબંધનમાંથી મુક્તિ મેળવી મોક્ષની પ્રાપ્તિ કરવી એ જૈન ધર્મનો પરમ સિધ્ધાંત છે.

જૈન તીર્થધામોની યાત્રાનો અને જિનેશ્વરની પૂજા, આરાધના, તપ, ઉપવાસ આદિ કઠિન સાધના દ્વારા આત્મશુદ્ધિ કરવાનો ને પુણ્ય મેળવી સદ્ગતિ થાય તેવો ઉદ્દેશ છે, જેથી કર્મબંધનોનો ક્ષય થાય ને મોક્ષમાર્ગે આત્મા પ્રયાણ કરી શકે.

તીર્થો પાવન ને મનભાવન હોય છે કારણ કે ત્યાંના વાતા-વરણમાં સત્ય, શિવ ને સૌંદર્યનો સુભગ સમન્વય હોય છે. આવા વાતાવરણમાં સંસારના રોજિંદા ને શહેરી વાતાવરણથી થોડો સમય દૂર જઈ ઈશ્વરની આરાધના કરવાથી મન રાગદ્વેષ, વેર સુખદુઃખોથી પર થઈ શાંતિ અનુભવે છે અને આત્મશુદ્ધિ થાય છે. આમાં કારણે તીર્થ જીવન તારણ ગણાય છે.

ખાસ કરીને જૈન તીર્થધામો પર્વતના કે એકાંત સ્થળે, શાંત રમણીય વાતાવરણમાં આવેલાં છે. જૈનોનાં મહત્ત્વનાં તીર્થો શત્રુંજય (પાલીતાણા), ગિરનાર, તારંગા, આબુ, સમેતશિખર વગેરે પર્વત પર સ્થિત છે જેની પ્રત્યેક જૈન જીવનમાં એકવાર યાત્રા કરવા–પ્રવાસે જવા ઝંખના કરે છે. પર્વતના ને યાત્રાના સ્થળે જવા કે કઠિન ચઢાણ દ્વારા શરીરને કષ્ટ આપી કઠીન સાધના કરવાથી યાત્રાનું પુણ્ય મળે છે, આત્મશુદ્ધિ થાય છે જે જીવને મોક્ષમાર્ગે ગતિ કરવામાં અને કર્મબંધનથી મુક્ત કરવામાં સહાય કરે છે એવી ધાર્મિક માન્યતા છે.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિભાગ–૨

# ગુજરાતનાં જૈન તીર્થધામો

## અમદાવાદ જિલ્લો :

**કર્ણાવતી તીર્થધામ:**–(અમદાવાદ) મુખ્ય સ્થળ-હઠીસીંગવાડી દહેરાં મૂળનાયક–શ્રી ધર્મનાથ ભગવાન.

શેઠ શ્રી હઠીસીંગજીએ આ મંદિરનું નિર્માણ કરાવ્યું અને વિ.સં. ૧૯૦૩ માં મૂર્તિની પ્રતિષ્ઠા કરાવી. આ વિશાળ મંદિરમાં મૂળનાયક શ્રી ધર્મનાથ ભગવાન સિવાય ચારે તરફ અન્ય તીર્થંકરોની દહેરીઓ આવેલી છે. મંદિરની કલા કોતરણી સુંદર અને અપ્રતિમ છે જે આબુનાં દેલવાડા ને કચ્છનાં ભદ્રેશ્વર જેવી છે. ફર્ગ્યુસન વગેરે વિદેશી નિષ્ણાતોએ પણ તેની કલાની પ્રશંસા કરેલી છે.

હઠીસીંગની વાડી સિવાય પણ શહેરમાં અનેક સુંદર મંદિરો રતનપોળ, ઝવેરીવાડ અને અન્ય વિસ્તારોમાં છે. અમદાવાદ એ પ્રાચીન નગરી છે જેની સ્થાપના ઈ.સ. ૧૪૧૧ માં બાદશાહ અહમદશાહે કરી હતી અને પોતાના નામ ઉપરથી શહેરને અમદાવાદનું નામાભિધાન આપ્યું. પરંતુ આ પૂર્વે અહીં આશાવલ અને કર્ણાવતી નગરી હોવાનો ઉલ્લેખ છે.

આશાવલ કે આશાવલ્લી નગરી દસમી સદી પૂર્વે વસેલી હતી. દસમી સદીમાં ભાભા પાર્શ્વનાથ ભગવાનનું એક વિશાળ મંદિર હતું. ઉદયન મંત્રીએ ઉદયન વિહાર નામના એક મંદિરનું નિર્માણ કરાવ્યું હતું. એ સિવાય પણ અનેક હિંદુ ને જૈન મંદિરો શહેરમાં હતાં. ૧૧મી સદીમાં શ્રી કર્ણદેવે ભીલપતિ આશાને પરાજિત કરી આ નગરીને કર્ણાવતી નામાભિધાન આપવાનો પ્રયાસ કર્યો. ઉલ્લેખો જણાવે છે કે કોઈ એક સમયે કર્ણાવતી નગરી જૈન ધર્મનું કેન્દ્ર બની ચૂકી હતી. આચાર્યશ્રી હેમચંદ્રાચાર્યે અહીં પ્રાથમિક શિક્ષા ગ્રહણ કરી હતી. કર્નલ ટોડે પણ અહીં અનેક મંદિરો હોવાનો ઉલ્લેખ કરેલ છે.

આજે પણ આ શહેરમાં નાનાંમોટાં ૨૨૫થી વધારે જૈન મંદિરો છે જેમાં ઝવેરીવાડમાં સ્થિત શ્રી સંભવનાથ ભગવાનનું



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મંદિર પ્રાચીનતમ માનવામાં આવે છે. જયારે હઠીસીંગનાં દહેરાં કલા અને વિશાળતા માટે પ્રસિદ્ધ છે. જૈનોની સારી વસ્તી છે.

વિ. સં. ૧૬૮૨માં તે વખતના નગરશેઠ શ્રી શાંતિદાસજીએ શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ ભગવાનનું મંદિર બાંધેલ જેને વિ. સ. ૧૭૦૦માં મસ્જિદમાં પરિવર્તન કરવામાં આવેલ. આજે તેનું નામો-નિશાન મળતું નથી. શીલવિજયજી રચિત 'તીર્થમાળા' માં વિ.સ. ૧૭૪૬માં અહીં ૧૭૮ જૈન મંદિરો અને પચાસ હજાર જૈન શ્રાવકોનાં ઘરો હતાં એવો ઉલ્લેખ છે. ભારતના સમસ્ત જૈન સંઘો દ્વારા સ્થાપિત થયેલ શેઠશ્રી આણંદજી કલ્યાણજી પેઢી છે (આનંદ ને કલ્યાણ એ નામ ને ધ્યેય સાથે) તે આજે અનેક પ્રાચીન જૈનતીર્થો મંદિરોના જીર્ણોદ્ધારનું તેમજ વહીવટ કરવાનું કામ કરી રહી છે.

**આવાસ સુવિધા** :–શ્રી હઠીસીંગ વાડી, રતનપોળમાં ધર્મશાળા –બ્લોકો તેમજ શહેરમાં અન્ય ધર્મશાળાઓ અને સારી તેમજ મધ્યમ દરની હોટલો વગેરે છે.

**વાહનવ્યવહાર** :–અમદાવાદ શહેર રાષ્ટ્રના અન્ય ભાગો સાથે હવાઈ તેમજ રેલ્વે માર્ગે સંકળાયેલું છે. શહેર બહાર જવા એસ. ટી. બસો તેમજ ટેક્ષી, ખાનગી વાહનો મળી રહે છે. શહેરમાં સ્થાનિક વાહનવ્યવહાર માટે બસો, રીક્ષા વગેરે છે.

**માહિતી કેન્દ્ર** :–શ્રી ધર્મનાથ ભગવાન જૈન મંદિર પેઢી, શેઠ હઠીસીંગ કેસરીસિંહ ટ્રસ્ટ, શેઠહઠીભાઈની વાડી, દીલ્હી દરવાજા, અમદાવાદ.

**આણંદજી કલ્યાણજી પેઢી** : ઝવેરીવાડ, રીલીફરોડ, અમદાવાદ–૧ ટે.નં. ૩૩૯૨૧૭

## શ્રી ધોળકા-કલીકુંડ તીર્થ :–મૂળનાયક શ્રી કલિકુંડ પાર્શ્વનાથ ભગવાન–આદીશ્વર ભગવાન.

ધોળકા શહેરમાં, અમદાવાદથી ૪૪ કિ.મી દૂર જૂના મહોલ્લામાં આવેલ આ મંદિર છે. ધોળકાનું પ્રાચીન નામ ધવલક્કપુર હતું એવો ઉલ્લેખ છે. એક લોકવાયકા પ્રમાણે મહાભારતના સમયનું વિરાટનગર આજ શહેર હતું. વિ. સં. ૧૨મીથી અહીં અનેક પ્રકાંડ આચાર્યોના પદાપર્ણ થયાનાં, જૈન મંદિરો બંધાયાના તેમજ ધાર્મિક કાર્યો થયાના ઉલ્લેખ ઠેકઠેકાણે મળી આવે છે. કહેવાય છે કે એક કાળે જયારે કલિકુંડ તીર્થ અદશ્ય થયું હતું, ત્યારે ભક્તોએ કેટલાક સ્થાનો પર કલિકુંડ પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવી હતી, જેમાંની આ એક છે. હાલ મૂળનાયક



For Private and Personal Use Only

આદીશ્વર ભગવાન છે. વિ. સં. ૧૪માં ઉપાધ્યાય વિનયપ્રભાવિજયજી રચિત તીર્થમાળામાં પણ આ તીર્થનો ઉલ્લેખ છે.

હાલમાં અન્ય બે મંદિરો પણ છે. પ્રતિમાઓ કલાત્મક છે. તે સિવાય શહેરમાં કલાના અન્ય નમૂનાઓ પણ છે. ધોળકાથી ૧ કી.મી દૂર ખેડા ધોળકા રોડ ઉપર કલીકુંડ તીર્થની રચના કરવામાં આવી છે. આતીર્થ નો વિકાસ ઝડપથી થઈ રહ્યો છે.

**આવાસ સુવિધા** :– ધર્મશાળા ને ભોજનશાળા છે.

**વાહનવ્યવહાર** :–ધોળકા રેલ્વેસ્ટેશન મંદિરથી ૧ કી.મી. દૂર છે. બસો અવરજવર કરે છે. (એસ. ટી.) અમદાવાદ–૪૪ કિમી.

**માહિતી કેન્દ્ર**:–શ્રી તેજપાલ વસ્તુપાલ ચેરીટેબલ ટ્રસ્ટ–ભાલાપોળ, ની પેઢી આદીશ્વર ભગવાન જૈનમંદિર, જૂનો મહોલ્લો ધોળકા. જિ. અમદાવાદ. કલીકુંડ તીર્થ, ધોળકા, જિ. અમદાવાદ.

## ખેડા જિલ્લો :–

**ખંભાતતીર્થ** :–મૂળનાયક શ્રી સ્તંભન પાર્શ્વનાથ ભગવાન.

ખેડા જિલ્લાના ખંભાત શહેરમાં ખારવાડા મહોલ્લામાં આ મંદિર આવેલ છે. અહીં બીજાં પણ ૧૬ જેટલાં મંદિરો છે, શ્રી હેમચંદ્રાચાર્ય–સ્મૃતિ–મંદિર પણ છે.

ખંભાત શહેરનું પ્રાચીન નામ ત્રંબાવતી નગરી હતું. જૈન શાસ્ત્રાનુસાર આ પ્રભાવિક પ્રભુપ્રતિમાનો ઇતિહાસ ઘણો જૂનો છે. વીસમા તીર્થંકરના સમયથી અંતિમ તીર્થંકરના સમય સુધીમાં અહીં અનેક ચમત્કારિક ઘટનાઓ બની હતી. આ પ્રતિમાના પ્રાદુર્ભાવ પાછળ પણ અનેક દંતકથાઓ છે. હાલનાં મંદિરમાં એક શિલા ઉપર લખેલા લેખ અનુસાર વિ. સં. ૧૧૬૫માં મોઢ વંશના બેલાશેઠની ધર્મપત્ની બાઈ બિદડાએ શ્રી સ્તંભન પાર્શ્વનાથના મંદિરનું નિર્માણ કરાવ્યું. વિ. સં. ૧૬૩૦ની આસપાસ શ્રી સંઘે ફરીથી ભવ્ય મંદિર બંધાવીને ઉત્સાહપૂર્વક પ્રતિમાજીની પ્રતિષ્ઠા કરાવ્યાનો ઉલ્લેખ છે. તે પછી અનેક જીર્ણોદ્ધાર થયા. અહીંનો ઇતિહાસ ગૌરવશાળી અને પ્રાચીન છે. શ્રી હેમચંદ્રાચાર્યે વિ. સં. ૧૧૫૦માં અહીં દીક્ષાગ્રહણ કરી ત્યારે અનેક કરોડપતિ શ્રાવકોનાં ઘર હતાં અને સેંકડો જૈન મંદિરોનાં નિર્માણ થયાં હતાં. વિ. સં. ૧૨૭૭માં અહીંના દંડનાયક વસ્તુપાળે તાડપત્ર પર અનેક ગ્રંથો લખાવ્યા હતાં. દાનવીરોએ, શ્રેષ્ઠીઓએ દુષ્કાળ સમયે અનેક દાનક્ષેત્રો ને ભોજનશાળાઓ ખોલાવ્યાના ઉલ્લેખો પણ મળે છે.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આજે ખંભાત, કિંમતી અકીકના પથ્થરના ગૃહઉદ્યોગ ને અલંકારો માટે પ્રસિદ્ધ છે જેની બનાવટોની નિકાસ વિદેશોમાં થાય છે.

**આવાસ સુવિધા:** ધર્મશાળા મંદિરથી થોડે દૂર છે. અન્ય લોજો, ગેસ્ટ હાઉસ પણ છે.

**વાહનવ્યવહાર:** મંદિરથી ૧.૫ કિ.મી. દૂર રેલ્વે સ્ટેશન છે. એસ. ટી. બસો અવરજવર કરે છે. અમદાવાદ–૯૨ કિ.મી. દૂર છે. ટેક્ષી–રીક્ષા, ઘોડાગાડી આંતરિક વાહન તરીકે મળી રહે છે.

**માહિતી કેન્દ્ર:** શ્રી સ્તંભન પાર્શ્વનાથ જૈન દેરાસર પેઢી, ખારવાડી, પો. ખંભાત, વાયા આણંદ. જિ. ખેડા.

**માતરતીર્થ:** મૂળનાયક (સાચાદેવ) શ્રી સુમતિનાથ ભગવાન.

માતરગામની મધ્યમાં મુખ્યમાર્ગ ઉપર આ શ્રી સુમતિનાથ ભગવાનનું વિશાળ મંદિર આવેલ છે. પ્રભુની આ ચમત્કારિક પ્રતિમા ખેડા જિલ્લાના મહેમદાવાદ તાલુકામાં મહુધા ગામની પાસે આવેલા સુહુજ ગામની જમીનમાંથી નીકળી હતી, જેના ઉપર વિ. સં. ૧૫૨૩ વૈશાખસુદ સાતમના રવિવારના દિવસે શ્રી લક્ષ્મી-સાગર સૂરીજીના હસ્તે પ્રતિષ્ઠા કરાવ્યાનો ઉલ્લેખ અંકિત થયેલ છે. આ ચમત્કારિક પ્રતિમાને માતર લાવીને, ભવ્ય મંદિર બનાવીને, વિ. સં. ૧૮૫૪ જેઠસુદત્રીજના દિને પુનઃ પ્રતિષ્ઠિત કરવામાં આવી.

પ્રતિમાજી વિષે તેમજ મંદિર વિષે અનેક ચમત્કારો થયા હોવાના ઉલ્લેખો મળી આવે છે. તેની પાછળ અનેક દંતકથાઓ પણ વણાયેલી છે. માતરમાં આ સિવાય અન્ય મંદિર નથી, પરંતુ આજ મંદિરમાં શ્રી સુપાર્શ્વનાથ ભગવાનની પ્રાચીન તેમજ ભવ્ય, ચમત્કારિક પ્રતિમા છે, જે ખેડા ગામના ખેતરમાંથી મળી આવી હોવાનું કહેવાય છે.

**આવાસ સુવિધા:–** આવાસને ભોજન માટે નજદીકમાં ભોજનશાળા તેમજ ધર્મશાળા છે.

**વાહનવ્યવહાર:–** નજદીકનું રેલ્વે સ્ટેશન નડિયાદ ૧૬ કિ.મી.ને મોટું શહેર ખેડા ૧૦ કિ.મી. છે. એસ.ટી. બસો અવર જવર માટે મળી રહે છે.

**માહિતી કેન્દ્ર:** શ્રી સાચાદેવ કારખાના પેઢી, પો. માતર જી. ખેડા



For Private and Personal Use Only

# વડોદરા જિલ્લો

**દર્ભાવતી તીર્થ :** મૂળનાયક શ્રી લોઢણ પાર્શ્વનાથ ભગવાન.

ડભોઈ શહેરના એક મહોલ્લામાં આ તીર્થ મંદિર આવેલું છે. મળી આવતા ઈતિહાસ અને પ્રાચીન એવી પ્રભુમૂર્તિની કલાકૃતિ ઉપરથી આ સ્થળ પ્રાચીન જણાય છે. એવી લોકવાયકા છે કે આ પ્રતિમાને રાજા વીરધવલના મંત્રી શ્રી તેજપાલે અહીંના એક વિશાળ દુર્ગનો જીર્ણોદ્ધાર કરાવતી વખતે એક ભવ્ય જિનાલયનું નિર્માણ કરીને પ્રતિષ્ઠિત કરી હતી. એક માન્યતા પ્રમાણે આ એક સમયે વિશાળ જૈન નગર હતું. એક બીજી માન્યતા પ્રમાણે આ પ્રતિમા લાંબા સમય સુધી જળગર્ભમાં રહી હતી જે અકસ્માત રાજા સાગરદત્ત સાર્થવાહના સમયમાં ફરીથી પ્રગટ થઈ હતી. તેનો ચમત્કાર અને પ્રભાવ જોઈ રાજા સાગરદત્તે એક ભવ્ય જિનાલયનું નિર્માણ કરી તેને ફરીથી પ્રતિષ્ઠિત કરાવી. આ તીર્થનો અંતિમ જીર્ણોદ્ધાર વિ.સં. ૧૯૯૦માં થયેલ. આ મંદિરની પાસે જ શામળા પાર્શ્વનાથનું મંદિર છે. આ સિવાય અન્ય બે–ત્રણ મંદિરો છે.

**આવાસ સુવિધા :–** ધર્મશાળા છે તદુપરાંત ગામમાં ગેસ્ટ હાઉસ પણ છે.

**વાહન વ્યવહાર :–** નજદીકનું રેલ્વેસ્ટેશન ડભોઈ, **મંદિરથી** ૩ ફર્લાંગ દૂર છે. બસસ્ટેન્ડ પાસે જ છે, જ્યાંથી એસ. ટી. બસો મળી રહે છે. અમદાવાદ–૧૪૭ કિ.મી.

**માહિતી કેન્દ્ર :–** શ્રી દેવચંદ ધરમચંદ શ્વેતાંબર જૈન પેઢી, જૈનવગા, ડભોઈ જિ. વડોદરા.

**બોડેલી તીર્થ :–** મૂળનાયક શ્રી મહાવીર ભગવાન.

બોડેલી નગર મધ્યે આ મંદિર આવેલું છે. આ મંદિરની પ્રતિષ્ઠા વિ.સં. ૨૦૧૧માં વૈશાખસુદ ૯ ના શુભ દિને પંજાબ કેસરી શ્રીમદ્ વિજયવલ્લભ સૂરીશ્વરજીના શિષ્ય આચાર્ય વિજય-સમુદ્ર સૂરીશ્વરજીના હસ્તે થઈ હતી. અહીંનું નવનિર્માણ કરેલ મંદિર સુંદર, કલાત્મક છે ને પ્રભુની પ્રતિમા ભવ્ય ને શાંત સુંદર લાગે છે. અન્ય મંદિરો નથી.

**આવાસ સુવિધા :–** ધર્મશાળા, ભોજનશાળા છે.

**વાહન વ્યવહાર :–**બોડેલી રેલ્વેસ્ટેશન તીર્થથી ૧૦૦ મીટર દૂર છે. આ સ્થાન ખંડવા–વડોદરા માર્ગ ઉપર છે ને એસ. ટી. બસો અવર જવર કરે છે. વડોદરા–૬૭. ડભોઈ–૩૮ કિ.મી.

**માહિતી કેન્દ્ર :–** શ્રી પરમાર ક્ષત્રિય જૈન ધર્મ પ્રચારક સભા, બોડેલી, જિ. વડોદરા.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભરૂચ જિલ્લો

**કાવીતીર્થ :**–મૂળનાયક શ્રી આદીશ્વર ભગવાન તથા શ્રી ધર્મનાથ ભગવાન.

આ તીર્થનું પ્રાચીન નામ કંકાવટી હતું. અત્યારે જે આદીશ્વર ભગવાનનું મંદિર છે તેનો જીર્ણોદ્ધાર વિ.સં. ૧૬૪૫માં વડનગરના નિવાસીએ કરાવેલ ને મંદિરનું નામ શ્રી સર્વજિનપ્રાસાદ રખાયેલ. આ પૂર્વેનો ઉલ્લેખ પ્રાપ્ત નથી.

એક દંતકથા પ્રમાણે સાસુવહુના ઝઘડામાંથી આ મંદિર થયું હોવાની માન્યતા પણ છે. કલાની દષ્ટિએ રત્નપ્રાસાદ મંદિરના શિખરોની કલા તેમજ બહારનું દશ્ય ભવ્ય ને સુંદર આકર્ષક છે. સમુદ્રની પેલી પાર આવેલ ખંભાતનું દશ્ય સુંદર લાગે છે.

**આવાસ સુવિધા :**– ભોજનશાળા ને રહેવા માટે ધર્મશાળા છે.

**વાહન વ્યવહાર :**– કાવી રેલ્વેસ્ટેશન સ્થળથી ૧ કિ.મી. દૂર છે. એસ. ટી. બસો અવરજવર કરે છે. વડોદરા કે ભરૂચથી અવાય છે. વડોદરા–૯૨ કિ.મી. ભરૂચ–૮૦ કિ.મી.

**માહિતી કેન્દ્ર :**–શ્રી રિખવદેવજી મહારાજ જૈન દેરાસર પેઢી. કાવી, તા. જંબુસર જી. ભરૂચ.

**ઝઘડિયાતીર્થ :**–મૂળનાયક શ્રી આદીનાથ ભગવાન.

આ મંદિર ઝઘડીયા ગામની વચ્ચમાં આવેલ છે. પ્રતિમાઓ ઉપર અંકિત લેખ તીર્થની પ્રાચીનતાનું પ્રમાણ છે. વિ. સં. ૧૯૨૧માં ગામની નજદીકનાં ખેતરોમાંથી થોડી પ્રાચીન પ્રતિમાઓ નીકળી હતી. જેમાં શ્રી ચક્રેશ્વરીદેવીની પ્રતિમા ઉપર લખેલા લેખ અનુસાર આ પ્રતિમાઓ વિ. સં. ૧૨૦૦ મહાસુદ ૧૦ના દિવસે મંત્રીશ્રી પૃથ્વીપાળ દ્વારા પ્રતિષ્ઠિત થઈ હતી.

એ વખતના નરેશ શ્રી ગંભીરસિંહજી એ જૈન મંદિર બનાવી વિ. સં. ૧૯૨૮નાં મહા કૃષ્ણપંચમીના દિવસે આ પ્રતિમાઓની પ્રતિષ્ઠા ફરીવાર કરી. ત્યાર પછી વિ. સં. ૧૯૫૯માં અહીંના શ્રી સંઘે રાણાગંભીરસિંહજી ના પુત્ર રાણા છત્રસિંહજી પાસેથી મંદિરનો વહીવટ લઈ ફરી જીર્ણોદ્ધાર કરાવ્યો.

**આવાસ સુવિધા :**–ધર્મશાળા, રેસ્ટ હાઉસ વગેરે છે.

**વાહન વ્યવહાર :**–રેલ્વેસ્ટેશન છે. એસ. ટી. બસો અવરજવર કરે છે. ભરૂચ ૧૦ કી.મી. અંતરે છે.

**માહિતી કેન્દ્ર :**– ઝઘડીઆ જૈન ઋષભદેવ તીર્થ પેઢી, ઝઘડીઆ. જિ. ભરૂચ.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**ભરૂચ તીર્થ** :–મૂળનાયક શ્રી મુનિસુવ્રતસ્વામી ભગવાન.

સમુદ્ર અને નર્મદાના તટ પર આવેલા ભરૂચ ગામની શ્રીમાળી પોળમાં આ મંદિર આવેલું છે, આ પ્રાચીન નગરી ભરૂચનાં ભૃગુપુર, ભૃગુકચ્છ, ભૃગુકુલ વગેરે નામો હતાં. લાટ દેશનું આ મહત્ત્વનું નગર હતું.

આ મંદિર અતિપ્રાચીન સમયમાં બંધાયેલ તેમ મનાય છે. પુરાતત્ત્વવેત્તાઓના મત મુજબ કલાકૃતિઓને જોઇને એમ કહી શકાય છે કે હાલની જામા મસ્જિદ જ આ પ્રાચીન મંદિર હશે. એમ પણ માનવામાં આવે છે કે ઉકત પરિવર્તન સમયે પ્રભુપ્રતિમા ક્યાંક સુરક્ષિત રાખવામાં આવી હશે જે કાળાન્તરે નવું મંદિર થતાં તેમાં પ્રસ્થાપિત કરવામાં આવી હશે. ધર્મઉત્થાપનના તથા જૈન શાસનના મહત્ત્વનાં કાર્યો–મંદિરોની પ્રતિષ્ઠા, ગ્રંથોની રચનાઓ વગેરે અહીં થયેલાં છે. આ સિવાય નગરમાં અન્ય ૧૦–૧૨ મંદિરો પણ છે. પ્રાચીન નગર હોવાના કારણે ઠેરઠેર પ્રાચીન કલાકૃતિઓનાં દર્શન થાય છે. જામામસ્જિદની કળા ઉપરથી તેને ૧૩મી સદીની શરૂઆત સુધીનું પ્રાચીન મંદિર માનવામાં આવે છે.

**આવાસ સુવિધા** :–ધર્મશાળા, ભોજનશાળા છે. અન્ય લોજો ને ગેસ્ટ હાઉસ પણ શહેરમાં છે.

**વાહનવ્યવહાર** :–રેલ્વેસ્ટેશન નજદીકમાં છે. બસ સુવિધા એસટીની છે, અમદાવાદ–૧૯૦કીમી.

**માહિતિ કેન્દ્ર** :–શ્રી મુનિસુવ્રતસ્વામી જૈન દેરાસરની પેઢી–શ્રીમાળી પોળ, ભરૂચ.

**ગાંધાર તીર્થ** : મૂળનાયક શ્રી પાર્શ્વનાથ ભગવાન.

સમુદ્ર કિનારે ગંધાર ગામની સામે મંદિર આવેલું છે. આ પ્રાચીન બંદર છે જયાં એક જમાનામાં અનેક જૈન મંદિરો હતાં. પ્રતિમાના લેખ અનુસાર વિ. સં. ૧૬૬૪ મહાસુદ ૧૦ ના દિવસે શ્રી વિજયસેનસૂરિના હાથે તેની પ્રતિષ્ઠા થઈ હતી. મહાવીરસ્વામીનું મંદિર પણ અહીં છે. સમુદ્ર કિનારે નાના ગામની પાસે જંગલમાં આવેલ સ્થળનું દશ્ય મોહક છે.

**આવાસ સુવિધા** :–ધર્મશાળા–ભોજનશાળા છે.

**વાહનવ્યવહાર** :–નજદીકનું રેલ્વેસ્ટેશન વાગરા-૧૯ કી.મી. કે પખંજણ ૧૩ કી.મી. પર છે. ભરૂચ-કાવી માર્ગ ઉપર છે. ભરૂચ-૨૬ કી.મી.ને દહેજ ૧૯કી.મી. છે. એસ. ટી બસ અવરજવર કરે છે



For Private and Personal Use Only

**માહિતી કેન્દ્ર** :-શ્રી અમીઝરા પાર્શ્વનાથની પેઢી. ગાંધાર તા-વાગરા જિ. ભરૂચ.

## ભાવનગર જિલ્લો :

**મહુવા તીર્થ** : મૂળનાયક-શ્રી મહાવીર ભગવાન. મહુવા ગામની મધ્યમાં તીર્થ છે. આ શહેરનું પ્રાચીન નામ મધુમતી હતું. દાનવીર પ્રખ્યાત શેઠ જગડુશાની આ જન્મભૂમિ છે. શ્રીનેમિસૂરીશ્વરજીની પણ આજ જન્મભૂમિ તેમજ સ્વર્ગભૂમિ છે. આ સ્થળ શત્રુંજય ગિરિરાજની પંચતીર્થીમાં ગણાય છે. અન્ય બે મંદિરો પણ છે. સમુદ્રકિનારે વસેલ હોઈ કુદરતી દશ્ય મનોરમ્ય છે. આ પ્રભુવીરની પ્રતિમાને જીવિતસ્વામી પણ કહે છે.

**આવાસ સુવિધા** :-ધર્મશાળા-ભોજનશાળા છે.

**વાહનવ્યવહાર** :-રેલ્વેસ્ટેશન ૧.૫ કિ.માં દૂર છે, એસ. ટી. બસો અવરજવર કરે છે. ભાવનગર-૯૭કીમાં. અમદાવાદ-૨૯૭.

**માહિતી કેન્દ્ર** :-શ્રી મહુવા વીસા શ્રીમાળી નવાગચ્છીય શ્વેતાંબર મૂર્તિપૂજક જૈનસંઘ પો. મહુવા બંદર-જી-ભાવનગર.

**તાલધ્વજગિરિ** :-મૂળનાયક-શ્રી સાચા સુમતિનાથ ભગવાન.

શેત્રુંજી તથા સહીતા નદીના સંગમ સ્થાન પર તળાજા ગામની પાસે એક સુંદર પહાડ પર આ સ્થાન આવેલું છે. પ્રાચીન કાળમાં આ શાશ્વત શ્રી શત્રુંજય મહાતીર્થની ટૂંક માનવામાં આવતી હતી. આજે પણ શત્રુંજય પંચતીર્થીનું એક તીર્થસ્થળ મનાય છે. પહાડપર અનેક પ્રકારની નાની મોટી ગુફાઓ સ્તંભો વગેરે છે.

શ્રી આદિનાથ ભગવાનના જયેષ્ઠ પુત્ર શ્રી ભરત ચક્રવર્તી અહીં યાત્રા કરવા પધાર્યા ત્યારે સુંદર મંદિર બંધાવ્યું હતું. વર્તમાન મંદિર ૧૨ મી સદીમાં રાજા કુમારપાળે બંધાવ્યું હોવાનો ઉલ્લેખ છે. સાચા સુમતિનાથ ભગવાનની પ્રતિમા સંપ્રતિકાળની મનાય છે. છેલ્લો ઉદ્ધાર ૧૮૭૨ વૈશાખસુદ ૧૩નાં થયો. પ્રભુપ્રતિમા ખૂબજ ચમત્કારિક મનાય છે. કહેવાય છે કે પ્રતિમા પ્રગટ થયા બાદ ને પ્રતિષ્ઠિત થયા બાદ ગામમાં રોગચાળો બંધ થઈ ગયો અને શાંતિનું વાતાવરણ ફેલાઈ ગયું. ત્યારથી લોકો પ્રભુને સાચા સુમતિનાથ કહેવા લાગ્યા. આજે પણ અખંડ જયોતિ ચાલુ છે જેમાંથી કેસરિયાં કાજળનાં દર્શન થાય છે.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ સિવાય પહાડપર અન્ય મંદિરો, ચિંતામણિ પાર્શ્વનાથ ભગવાનનું, શ્રી મહાવીર ભગવાનનું, ચૌમુખી મંદિર, ગુરૂમંદિર વગેરે છે. ગામમાં પણ બે વિશાળ મંદિરો શાંતિનાથ ભગવાનનાં અને મલ્લિનાથ ભગવાનનાં છે.

**આવાસ સુવિધા** :–રહેવા માટે તળેટીમાં ધર્મશાળા ભોજનશાળા છે.

**વાહનવ્યવહાર** :–રેલ્વેસ્ટેશન તળાજા ૧.૫ કિ.મી. દૂર છે. બસો અવર જવર કરે છે. પાલીતાણા ૩૮ કી.મી દૂર છે. ધર્મશાળાથી તળાજા ગિરિરાજનું ચઢાણ ૬૦૦ મીટર છે.

**માહિતી કેન્દ્ર** :–શ્રી તાલધ્વજ જૈન શ્વેતાંબર તીર્થ કમિટી, બાબુની જૈન ધર્મશાળા–તળાજા, જિ–ભાવનગર.

**કદમ્બગિરિતીર્થ** :–મૂળનાયક શ્રી આદીશ્વર ભગવાન.

પાલીતાણાથી ૧૯ કી.માં દૂર બોદાનોનેસ ગામની પાસે કદમ્બગિરિ પર્વત ઉપર એકાંત જંગલમાં આ મંદિર આવેલું છે. તીર્થની પ્રાચીનતાનો સંબંધ શત્રુંજય ગિરિરાજ સાથે છે. શત્રુંજય પંચતીર્થીમાં આવે છે.

ગઈ ચોવીસીના દ્વિતીય તીર્થંકર શ્રી નિર્વાણીપ્રભુના ગણધર શ્રી કદમ્બમુનિ અનેક મુનિઓ સહિત અહીં મોક્ષ પામ્યા હતા તેથી આ પર્વતનું નામ કદમ્બગિરિ પડયું છે. કદમ્બગિરિ પર્વત પર એની નજદીક અન્ય બે મંદિરો છે જયાંના મૂળનાયક શ્રી નેમિનાથ ભગવાન ને સીમંધર સ્વામી છે. પહાડના શિખર પર બે દેરીઓ છે જેમાં નિર્વાણી પ્રભુ અને કદમ્બ ગણધરની ચરણપાદુકાઓ સ્થાપિત છે. પહાડ ઉપર અન્ય મંદિર પણ છે. અહીં અનેક પ્રતિમાઓ એક જ સ્થાને સંગ્રહિત કરેલી છે. તળેટીમાં ગામમાં શ્રી વીરપ્રભુનું સુંદર, ભવ્ય મંદિર છે.

શ્રી આદિનાથ ભગવાનની પ્રતિમા ભવ્ય ને સુંદર છે. આસપાસનું પ્રાકૃતિક દશ્ય પણ મનોહર છે.

**આવાસ સુવિધા** :–બોદાનોનેસ નજદીક ઉતરવા માટે ધર્મશાળા ને ભોજનશાળા છે.

**વાહનવ્યવહાર** :–નજદીકનું રેલ્વેસ્ટેશન પાલીતાણા ૧૯ કી.મી દૂર છે. એસ. ટી. બસો અવરજવર કરે છે. ભંડારીયા ૮ કી.મી ને બોદાનોનેસ ૪ કી.માં દૂર છે.બોદાનોનેસથી પહાડનું ચઢાણ શરૂ થઈ જાય છે.

**માહિતી કેન્દ્ર** :–શેઠ શ્રી જિનદાસ ધર્મદાસ ધાર્મિક ટ્રસ્ટ પેઢી-કદમ્બગિરિ–ગામ બોદાનોનેસ પો. ભંડારીયા જી. ભાવનગર ૩૬૪૬૫૦.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**હસ્તગિરિ તીર્થ** :- મૂળનાયક શ્રી આદીશ્વર ભગવાન.

આ સ્થળ શેત્રુંજી નદીના ઉત્તરતટ ઉપર આવેલી એક ટેકરી ઉપર આવેલું છે. તેને આદીશ્વર ભગવાનના સમયનું તીર્થ તેમજ શત્રુંજય પર્વતનું એક શિખર માનવામાં આવે છે. શ્રી આદીશ્વર પ્રભુનાં અહીં અનેક વખત પદાપણું થયેલાં હતાં. શ્રી આદીશ્વર-પ્રભુના પુત્ર શ્રી ભરત ચક્રવતી એ આ તીર્થની સ્થાપના કરી હતી એવી માન્યતા છે. તેઓ અહીં મોક્ષ પામ્યા હતા. એમ પણ કહેવાય છે કે તેમનો હાથી અહીંથી અનશન કરીને સીધો સ્વર્ગે સિધાવ્યો હતો જેથી તેને હસ્તગિરિ કહેવાય છે.

આ પહાડપરથી એક તરફથી શત્રુંજય ગિરિ પરનો મંદિર સમૂહ અને બીજી તરફ કદમ્બગિરિપર્વતનું દશ્ય દિવ્યનગરી જેવું લાગે છે. આતીર્થ શત્રુંજયની ૧૨ કોસની પ્રદક્ષિણામાં આવતું હતું. પરંતુ શત્રુંજય ડેમ થતા બાર કોસની પ્રદક્ષિણ બંધ થઈ ગઈ છે. પાસે જ શેત્રુંજી નદી વહે છે અને રમણીય સ્થળ છે.

**આવાસ સુવિધા**:-ધર્મશાળા-ભોજનશાળા છે.

**વાહનવ્યવહાર** :-નજદીકનું રેલ્વેસ્ટેશન પાલીતાણા ૧૬ કી.મી છે. બસ કે ટેકસી દ્વારા જાલીયા-અમરાજી આવવું પડે છે. ત્યાંથી ૨.૫ કી.મી જેટલું ચઢાણ છે. કાર-ટેક્ષીથી પણ ઉપર જઈ શકાય છે.

**માહિતી કેન્દ્ર** :-હસ્તગિરિ તીર્થ પેઢી, તળેટી રોડ. પાલીતાણા જિ. ભાવનગર.

**ઘોઘા તીર્થ** :- મૂળનાયક-શ્રી નવખંડા પાર્શ્વનાથ.

આ તીર્થ ઘોઘાબંદર ગામમાં આવેલું છે. પ્રતિમા ઉપર કોઈ લેખ નથી છતાં કહેવાય છે કે, આ પ્રતિમા પ્રાચીન સમયમાં વડવા ગામના એક કુવામાંથી મળી હતી. એમ પણ કહેવાય છે કે પીરમ-બેટના એક પથ્થરના કુંડમાંથી બીજી પ્રતિમાઓની સાથે આ પ્રતિમા પણ મળી હતી. આ સ્થળ ૧૨મી સદીપૂર્વેનું હોય તેમ જણાય છે. વિ.સં. ૧૧૬૮માં આચાર્યશ્રી મહેન્દ્ર સૂરીશ્વરજીના શુભહસ્તે પ્રભુપ્રતિમાની અંજનશલાકા કર્યાનો ઉલ્લેખ છે.

મંદિર પાસે બીજાં ચાર મંદિરો તથા ગામમાં પણ અન્ય મંદિરો છે. જેમાં જીરાવાલા પાર્શ્વનાથ, શાંતિનાથ ભગવાનનું મંદિર, સુવિધિનાથ ભગવાનનું મંદિર વગેરે છે. પ્રતિમાઓ પ્રાચીન ને કલાત્મક છે. પંચધાતુની ને વિશિષ્ટ કલાયુકત પ્રતિમાઓ પણ છે.

**આવાસ સુવિધા** :-ધર્મશાળા-ભોજનશાળા છે. ગામમાં અન્ય લોજ, ગેસ્ટ હાઉસ પણ છે.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**વાહનવ્યવહાર** :–એસ. ટી. બસો અવરજવર કરે છે. નજદીકનું રેલ્વે સ્ટેશન ભાવનગર ૨૧ કિ.મી દૂર છે.
**માહિતી કેન્દ્ર**:–શેઠ કાળા મીઠાની પેઢી, નવખંડા પાર્શ્વનાથ જૈન દેરાસર, ઘોઘા જિ. ભાવનગર.

**વલ્લભીપુર તીર્થ** :–મૂળનાયક શ્રી આદીશ્વર ભગવાન.

વલ્લભીપુર ગામમાં મુખ્ય માર્ગ ઉપર આ તીર્થ આવેલું છે. વલ્લભીપુરનો ઈતિહાસ પ્રાચીન છે. આનું નામ પ્રાચીન સમયમાં વમિલપુર હતું. મૌર્ય વંશના રાજાઓની આ પ્રાચીન રાજધાની હતી, જેમણે સદીઓ સુધી અહીં રાજ્ય કર્યું હતું, અને અનેક રાજાઓ અહીં જૈન ધર્મના અનુયાયીઓ બન્યા હતા. કહેવાય છે કે વિ.સં. ૬૧૦થી ૬૨૫માં અહીં અનેક જૈન મંદિરો હતાં જેમાં આદીશ્વર ભગવાનનું એક વિશાળ મંદિર હતું. મનોહર પ્રભુ પ્રતિમા હતી. તે સમયે અનેક હસ્તલિખિત ગ્રંથો હોવાનો પણ ઉલ્લેખ છે.

વિસં. ૬૭૬ આસપાસ ચીની યાત્રી શ્રી હ્યુ. એન. સંગ અહીં આવ્યો હતો તેવો ઉલ્લેખ છે, ત્યારે આ અતિ ધનાઢય નગરી હતી. કહેવાય છે કે તે એક સમયે શત્રુંજયતીર્થની તળેટી હતી. ભારતનું મોટું વિશ્વવિદ્યાલય પણ અહીં હતું. મંદિરના નીચેના ભાગમાં દેવર્ધિગણિ ક્ષમાશ્રમણ તેમજ ૫૦૦ આચાર્યોની પ્રતિમાઓ છે જે દર્શનીય છે. ગામમાં પાર્શ્વનાથ ભગવાનનું મંદિર પણ છે. કલ્પસુત્રનું પ્રથમ વાંચન આ નગરમાં થયેલ.

**આવાસ સુવિધા** :–ધર્મશાળા છે, ગેસ્ટ હાઉસ વગેરે પણ ગામમાં છે.

**વાહનવ્યવહાર** :–નજદીકનું રેલ્વેસ્ટેશન ઘોઘા-૧૯ કી.મી. છે. એસ. ટી. બસો અવરજવર કરે છે. પાલીતાણા–૫૦ કી.મી દૂર છે.

**માહિતી કેન્દ્ર** :–શ્વેતામ્બર શ્રીજિનદાસ ધર્મદાસ ધાર્મિક ટ્રસ્ટ પેઢી. પો. ઓ. વલ્લભીપુર, ૩૬૪૩૧૦–જિ. ભાવનગર.

**શ્રી શેત્રુંજય તીર્થ**:–(પાલીતાણા) તિર્થાધિરાજ–શ્રી આદીશ્વર ભગવાન.

શેત્રુંજીનદીના કાંઠે પાલીતાણા ગામથી ૬ કી.મી. દૂર શેત્રુંજી પર્વત પર આ તીર્થ આવેલ છે. તળેટી પાલીતાણાથી પર્વત પરનું ચઢાણ લગભગ ચાર કી.મી. જેટલું છે. સુંદર કલા કોતરણીઓથી ભરપૂર આવા ભવ્ય ૮૬૩ જેટલા મોટી સંખ્યામાં આવેલા મંદિ-



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રાની પર્વત નગરી વિશ્વમાં બીજે ક્યાંયે નથી. એથીજ જૈન ભાવિકોમાં ધર્મની દષ્ટિએ મહત્ત્વની હોવાની સાથે સાથે આ નગરી પ્રવાસીઓ માટે પણ અનુપમ સ્થાન બની ગઇ છે, અને વિદેશીઓ પણ આકર્ષાઇને આવે છે.

જૈન શાસ્ત્રો અનુસાર આ તીર્થ પ્રાયઃ શાશ્વત તીર્થ માનવામાં આવે છે. પ્રાચીન સમયમાં આને પુંડરિકગિરિ કહેતા હતા. શાસ્ત્રોમાં આ મહાન તીર્થનાં ૧૦૮ નામો આપવામાં આવ્યાં છે. જૈન શાસ્ત્રો અનુસાર અહીં અનેક આત્માઓએ સિદ્ધપદ પ્રાપ્ત કર્યું છે.

એમ મનાય છે કે મોટા ભાગનાં મંદિરો ૧૫મા કે ૧૬માં શતકમાં અને તે પછી બંધાયાં છે જયારે એકાદ બે મંદિરો કુમારપાળના સમયમાં બંધાયાં હશે. હાલ આ વિષય પર સંશોધન ચાલી રહ્યું છે કારણ જૈન મંદિરો શેત્રુંજય પર કયારથી બંધાયાં તેનો કોઇ નકકર પુરાવો પ્રાપ્ત થયેલ નથી. આમ છતાં જૈનશાસ્ત્રો વગેરેમાં મળતા ઉલ્લેખો અનુસાર આ તીર્થ શાશ્વત છે અને તેના અનેક ઉદ્ધારો થયા છે અવસર્પિણી કાળમાં ૧૬ જેટલા ઉદ્ધાર થયા છે. પહેલો શ્રી આદીશ્વર ભગવાનના પુત્ર ભરતચક્રવર્તી દ્વારા થયેલ. મૌર્યરાજા, આંધ્રપતિ સપ્તવાહન વગેરે રાજવીઓ, શ્રેષ્ઠીઓ આ તીર્થના ઉદ્ધારકો હતા. આગમયુગપછી મૈત્રકયુગના પૂર્વાધમાં શેત્રુંજય પર્વત બૌદ્ધોના હાથમાં ચાલ્યો ગયો હોવાનો ઉલ્લેખ પણ છે. જો કે આઠમી સદીમાં તે પુનઃ જૈનોને મળ્યું હોવાનો ઉલ્લેખ છે. આઠમી–નવમી સદીના જૈન શાસ્ત્રોમાં શેત્રુંજયની સિદ્ધિનો ઉલ્લેખ મળી આવે છે. ગણધર પુંડરિકની પર્વત પરની પ્રતિમા પરના લેખ પરથી ભગવાન આદીશ્વરનું મંદિર વિ.સં–૧૦૬૪, ઈ.સ–૧૦૦૮માં હતું તેવું પુરવાર પણ થઇ શકે છે. ૧૩થી ૧૫મી સદી સુધીના ઉલ્લેખો પ્રમાણે સિદ્ધરાજે આ ગામને શેત્રુંજયને બાર ગામનું શાસન કરી આપ્યાનો ઉલ્લેખ છે. ગુર્જરેશ્વર મહારાજ કુમારપાળ ને ચક્રવર્તી રાજવી જયસિંહ સિદ્ધરાજે તેની યાત્રા કરી હોવાનો પણ ઉલ્લેખ છે.

આ તીર્થનો મુસ્લીમ આક્રમણો દરમ્યાન ભંગ પણ થયો છે. જૈન કવિ ધનપાલના મતે પાલીતાણાનો ભંગ મહમદ ગઝનીના સમયમાં, તે પછી ઇ.સ. ૧૩૧૩માં અલાઉદ્દીન ખીલજીના સમયમાં તેમજ મોગલબાદશાહ ઔરંગઝેબના સમયમાં થયેલો, જેમાં અનેક પ્રાચીન પ્રતિમાઓનો નાશ થયેલ કે જિનાલયોને ખંડિયેર બનાવાયાં હતાં. પ્રવેશદ્વાર આગળના લેખ પરથી જણાય છે કે, ઈ.સ. ૧૫૮૯ થી ૧૫૯૩માં મોટાભાગનાં મંદિરોનો જીર્ણોદ્ધાર થયેલો અને નવી પ્રતિમાઓ પ્રતિષ્ઠિત કરાયેલી. આમાંનાં ઘણુંખરાં ૧૨થી ૧૬માં



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સદીની આસપાસ બંધાયેલાં પરંતુ વારંવારના જીર્ણોદ્ધારના કારણે તેનાં મુળ સ્વરુપો આજે ભાગ્યેજ જળવાયા છે. છેલ્લા ૩૦૦–૪૦૦ વર્ષમાં થયેલું કામ પૂરેપૂરું જળવાયુ છે અને જે કોઈ મંદિરો છે તે જૈન કળા અને સ્થાપત્યના અણુમોલ વારસા સમાન છે. શેત્રુંજય પરનાં મંદિરો–જિનભવનોનું નિર્માણ પશ્ચિમભારતની સોલંકી અને અનુસોલંકીકાલીન 'મારુ-ગુર્જર' શૈલીમાં થયેલું છે. વિશેષમાં જૈન શ્રેષ્ઠીઓ અને મહાજનોએ વારંવાર અંહી પૈસાની વર્ષા કરી કોઈકને કોઈક મંદિરો વગેરે ઉભા કર્યેજ રાખ્યાં છે

શત્રુંજયની તળેટીમાં આવેલ પાલીતાણા ગામ પણ પ્રાચીન છે જેનું નામકરણ ઈસ્વીસનના આરંભકાળની સદીઓ આસપાસ થઈ ગયેલા જૈનાચાર્ય પાદલિપ્તસૂરિના નામ પરથી પડયું હોય તેમ જણાય છે. ૧૨મી સદીમાં કુમારપાળના મંત્રી વાગભટ્ટે તળેટીની પાસે ' કુમારપુર ' નામનું ગામ વસાવી તેમાં કુમારપાળના પિતા ત્રિભુવન પાળના નામ પરથી ત્રિભુવન વિહાર નામનું જિનાલય બનાવી પાર્શ્વનાથ જિનની પ્રતિષ્ઠા કરાવેલી. આજે પાલીતાણા ગામમાં તળેટીમાં પણ અનેક મંદિરો છે; જેમાં આયનામંદિર મુખ્ય છે. અહીં તળેટી પાસે પણ ભગવાનની દેરીઓ પાદુકાઓ વગેરે છે. ગામથી તળેટી સુધીનો રસ્તો ધર્મશાળા, મંદીરો, ઉપાશ્રયોથી છવાયેલો છે. તળેટીથી ઉપર જવા માટે ૧/૧–૨ કલાકનો રસ્તો છે અને પગથિયાં છે ત્યાં પણ માર્ગમાં કુમાર કુંડ, ભરતચક્રીનાં પગલાં, હીંગળાજનો હડો, શ્રી પાર્શ્વનાથનાં પગલાં, પદ્માવતીની દેરી હીરાબાઈનો કુંડ વગેરે અનેક દેરીઓ કુંડો પાદુકાઓ જેવાં નાનાં-નાનાં તીર્થો આવે છે. ત્યારબાદ હનુમાન દ્વાર આવે છે ત્યાંથી શત્રુંજયના મંદિરો પ્રતિ જવા માટે બે માર્ગ પડે છે. એક માર્ગ મુખ્ય ટૂંક કે આદીશ્વરની ટૂંક તરફ જાય છે જયારે બીજો માર્ગ નવટૂંકો પ્રતિ જાય છે ને આગળ જતા એક બીજા સાથે ભળી જાય છે

શેત્રુંજયજી શિખર ઉત્તર દક્ષિણ બે પટ્ટીઓમાં વહેંચાયલું છે. બંને પટ્ટી વચ્ચેની ખીણમાં જુદી જુદી કિલ્લેબંધી કરીને મંદિરો અંદર બાંધેલાં છે. આદીશ્વર ભગવાનનું મંદિર એ મુખ્ય ને તમામ મંદિરોમાં વિશાળ છે. તે ટૂંક પૂર્વે રામપોળ ને પછી વાઘપોળ જેવા દરવાજા આવે છે. અંદર કુંડો પણ છે. એક માન્યતા મુજબ આદીશ્વર ભગવાનનું મંદિર પ્રાચીનતમ ને પ્રથમ બંધાયેલ મંદિર છે જે ભરતરાજાએ બંધાવેલ અને તેનો વારંવાર જીર્ણોદ્ધાર જુદા જુદા સમયે થયેલ છે. સુંદરકલા કોતરણીવાળા ભવ્ય મંદિરમાં મૂળમંદિર અને ગુઢમંડપ સોલંકીયુગની મારુ



For Private and Personal Use Only

ગુર્જરશૈલીના વાસ્તુ-નિયમો અનુસારના ઘાટ અને અલંકાર ધરાવે છે. સમગ્ર મંદિરમાં અન્ય મૂર્તિઓ છે તે સિવાય અપ્સરાઓ પક્ષીઓ મૂર્તિઓ વગેરેનું સુંદર કોતરણુકામ પણ છે આસપાસ પણ નાનાં મંદિરો છે. હનુમાનદ્વારનો બીજો રસ્તો નવટૂંક પ્રતિ જાય છે. આ નવ ટૂંકોમાં ૧, શેઠ નરશી કેશવજીની ટૂંક શાંતિનાથ ભગવાન ૨, ચૌમુખજીની ટૂંક મૂળનાયક શ્રી આદીશ્વર ભગવાન-પાછળ પાંડવોની મૂર્તિઓ છે ૩, છીપાવસહીની ટૂંક મૂળનાયક શ્રી આદીશ્વર ભગવાન ૪, સાકરવસહીની ટૂંક મૂળનાયક શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ ભગવાન ૫, નંદીશ્વરની ટૂંક જેમાં (૧) ઋષભાનન (૨) ચન્દ્રાનન (૩) વારિષેણ (૪) વર્ધમાનની ચતુર્મુખ પ્રતિમાઓ છે. ૬, હેમવસહી ટૂંક જેના મૂળનાયક શ્રી આદીશ્વર ભગવાન છે ૭, પ્રેમવસહી ટૂંક મૂળનાયક શ્રી આદીશ્વર ભગવાન ૮, બાલાવસહી ટૂંક મૂળનાયક શ્રી આદીશ્વર ભગવાન ને ૯, મોતીશાહની ટૂંક મૂળનાયક શ્રી આદીશ્વર ભગવાન.

પહાડની પાછળ ઘેટીની પાગ છે જ્યાં આદીશ્વર ભગવાનની ચરણપાદુકાઓ છે તેમજ બે નવનિર્મિત્ત મંદિરો છે ત્યાં જવા માટે મુખ્ય ટૂંકની પાસેથી રસ્તો જાય છે. અહીંની યાત્રા કરવાથી બે યાત્રા ગણાય છે. પાસેની શેત્રુંજી નદી પવિત્ર ગણાય છે.

શેત્રુંજય પર્વતની તળેટીમાં ૧૪ વર્ષના એકધારા બાંધકામના અંતે ૧।। કરોડના ખર્ચે સમોવરણ દેરાસરને માર્ચ-૮૬માં ખૂલ્લું મુકાયેલ છે. આરસના આ મંદિરનો ઉપરી ઘાટ ગૂંબજ જેવો છે અંદર જેપુરી આરસની બનેલી ૨૪ તીર્થંકરોની મૂર્તિઓ છે. દેશનાં ૧૦ મુખ્ય અને મોટાં દેરાસરોની પ્રતિમાઓ પણ અહીં ગોઠવવામાં આવી છે. શ્વેત આરસ ઉપર રંગોની નયનરમ્ય અસર ઉભી કરવા જાપાનીસ લેમીનેશન ટેકનિકનો ઉપયોગ કરાયો છે. દુનિયાભરમાં ક્યાંય આ ટેકનિકનો ઉપયોગ અન્ય જૈન મંદિરોમાં નથી કરાયો. ૧૦૮ ફૂટ ઊંચા આ મંદિરમાં સ્ટીલ કે લાકડાનો ઉપયોગ નથી થયો. ૨૪ તીર્થંકરોની વિશાળ પ્રતિમાઓ. અને ૧૦૮ પાર્શ્વનાથ ભગવાનનાં જૈન મંદિરોની પ્રતિમાઓ પણ છે.

કાર્તિકપૂનમ, ફાગણસુદ તેરસ, તેમજ અક્ષયત્રીજ એ મહત્ત્વના તહેવારો છે, જ્યારે હજારો જૈન ભાવુકો યાત્રા કરે છે. તળેટીથી ગિરિરાજ ઉપર ચઢતાં દરેક વિશ્રામ સ્થાને પીવાના ઠંડા અને ગરમ પાણીની પરબ છે. યાત્રા કરીને પાછા આવતાં તળેટીએ ભાતાઘરમાં દરેક યાત્રિકને ભાતું આપવામાં આવે છે.

**આવાસ સુવિધા :-** ધર્મશાળાઓ, ભોજનશાળાઓ છે. તે તોરણ સુમેરુ હોટલ, સરકારી અને પંચાયતનાં ગેસ્ટ હાઉસ પણ છે.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**વાહનવ્યવહાર** :–રેલ્વેસ્ટેશન-પાલીતાણા છે. તળેટીથી ઉપરનું ચઢાણ ૧ થી ૧ ૧/૨ કલાકનું છે. ૩૨૧૬ જેટલાં પગથિયાં છે. ડોળી મળી રહે છે. ગામથી એસ. ટી. બસો અવરજવર કરે છે. ભાવનગર ૫૭ કિ.મી. દૂર હવાઈમથક છે. અમદાવાદ ૨૧૪ કિ.મી.

**માહિતી કેન્દ્ર** :–આણંદજી કલ્યાણજીની પેઢી, પાલીતાણા.
જી. ભાવનગર. ટે.નં. ૪૮

## જૂનાગઢ જિલ્લો

**દેલવાડા** :– મૂળનાયક શ્રી ચિન્તામણિ પાર્શ્વનાથ, દેલવાડા ગામની મધ્યમાં આ તીર્થ આવેલ છે. આનો ૧૭૩૪માં જીર્ણોદ્ધાર કરાવ્યાનો ઉલ્લેખ છે. આ તીર્થ અજાહરા પંચતીર્થીનું એક તીર્થ ગણાય છે.

આ સ્થળ અંગે કહેવાય છે કે ઉના જે અહીંથી ૫ કી.મી. દૂર છે તે જ્યારે મુસ્લીમ શાસન હેઠળ આવેલ ત્યારે દેલવાડાની સ્થાપના થઈ હતી. મુસ્લીમો તેને નવાનગર કહેતા હતા પરંતુ તે દેલવાડા તરીકે વધારે જાણીતું હતું.

હાલમાં ત્યાં આ સિવાય અન્ય મંદિરો નથી. ત્યાંની ૧૩મી સદીમાં મહમદ તઘલખ દ્વારા બંધાયેલી જુમ્મામસ્જિદમાં અમદાવાદ જેવા ઝૂલતા મિનારા છે.

**આવાસ સુવિધા** :–રહેવા ધર્મશાળા છે.

**વાહનવ્યવહાર** :–રેલ્વેસ્ટેશન છે. એસ.ટી. બસો અવરજવર કરે છે. અજાહરા અહીંથી ૨ કિ.મી. ને ઉના ૫ કિ.મી પર છે.

**માહિતી કેન્દ્ર** :–શ્રી અજાહરા પાર્શ્વનાથ જૈન કારખાના પેઢી, પો. દેલવાડા જી. જૂનાગઢ.

**અજાહરા તીર્થ** : મૂળનાયક–શ્રી અજાહરા પાર્શ્વનાથ ભગવાન.

અજાહરા કે અંજારા ગામને છેડે આ મંદિર આવેલ છે. પ્રભુની પ્રતિમા ખૂબજ પ્રાચીન છે અને તેની આસપાસ અનેક ચમત્કારિક દંતકથાઓ ગૂંથાએલી છે. અહીં મળી આવેલ એક ઘંટ પર 'શ્રી અજારા પાર્શ્વનાથ સં–૧૦૩૪ શાહ રાયચંદ જેચંદ' એમ કોતરેલું છે. ૧૪મી સદીમાં ઉપાધ્યાય શ્રી વિનપ્રભવિજયજીએ રચેલી 'તીર્થમાળા' માં પણ આ તીર્થનું વર્ણન છે. સૌરાષ્ટ્રની અજાહરા પંચતીર્થીનું મુખ્ય તીર્થ છે. દર વર્ષે કાર્તિકપૂનમ, ચૈત્રી-



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પૂનમ, તથા માગશર વદ ૧૦નાં મેળો ભરાય છે. અન્ય મંદિરો નથી વળી પ્રાચીન સ્થાન હોવાથી આસપાસના વિસ્તારમાંથી અવારનવાર પ્રાચીન અવશેષો મળી આવે છે. પ્રભુપ્રતિમાની કળા સુંદર છે, રેતીની બનેલી છે અને તેના ઉપર લેખ કોતરેલો છે.

**આવાસ સુવિધા** :–ધર્મશાળા ને ભોજનશાળા છે.

**વાહનવ્યવહાર** : નજદીકનું રેલ્વેસ્ટેશન ઉના ૫ કિ.મી.ને દેલવાડા ૨ કિ.મી. છે. એસ. ટી. બસો અવરજવર કરે છે.

**માહિતી કેન્દ્ર** :–શ્રી અજાહરા પાર્શ્વનાથ જૈન પેઢી, પો. દેલવાડા– જી. જૂનાગઢ.

**ઉના તીર્થ** :–મૂળનાયક શ્રી આદિનાથ ભગવાન.

આ સ્થળનું પ્રાચીન નામ કહેવાય છે કે ઉન્નતપુર હતું. આ મંદિરનું નિર્માણ સમ્પ્રતિકાળનું માનવામાં આવે છે. ૧૪મી સદીમાં ઉપાધ્યાય શ્રી વિનયપ્રભુજીએ તીર્થમાળામાં પણ આ તીર્થની વ્યાખ્યા કરી છે. ૧૭મી સદીમાં અકબર પ્રતિબોધક વિજયહીર-સૂરીશ્વરજી અહીંથી સ્વર્ગે સિધાવ્યા હતા. એક સમયે કહેવાય છેકે આ ખૂબ જાહોજલાલીવાળું શહેર હતું.

આ તીર્થ સૌરાષ્ટ્રમાં અજાહરા પંચતીર્થીમાંનું એક તીર્થ છે. ભોંયરામાં આદિનાથ ભગવાનની વિશાળ પ્રતિમા દર્શનીય છે. પાસેજ બીજા ભોંયરામાં શ્રી અમીઝરા પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા છે. કહેવાય છે કે તેમાંથી ઘણીવાર અમી ઝરે છે.

અહીં ઘણા ચમત્કારો થયા હતા તેમ મનાય છે. પ્રતિમાઓ કલાત્મક છે.

**આવાસ સુવિધા** :–ધર્મશાળા છે.

**વાહનવ્યવહાર** :–ઉના રેલ્વેસ્ટેશન છે. એસ.ટી બસો અવરજવર કરે છે. અમદાવાદ–૩૮૭ કી.મી.

**માહિતી કેન્દ્ર** :–શ્રી અજાહરા પાર્શ્વનાથ જૈન કારખાના પેઢી. ઉના, જી. જૂનાગઢ.

**દીવ તીર્થ** :–મૂળનાયક શ્રી નવલખા પાર્શ્વનાથ ભગવાન.

આ તીર્થ સમુદ્રની વચ્ચે વસેલા દીવ ગામની મધ્યમાં છે. આ સ્થળ પ્રાચીન માનવામાં આવે છે. સૌરાષ્ટ્રની અજાહરા પંચ-તીર્થીનું એક તીર્થ છે. બૃહતકલ્પસૂત્રમાં પણ આ ગામનો ઉલ્લેખ છે. કુમારપાળ રાજાએ પણ અહીં શ્રી આદિનાથ ભગવાનનું મંદિર



For Private and Personal Use Only

બંધાવ્યાનો ઉલ્લેખ છે. કહેવાય છે કે પૂર્વે-આ સ્થળે ઘણી જાહોજલાલી હતી અને અનેક જૈન શ્રાવકોનાં ઘરો હતાં. એક ઉલ્લેખ મુજબ કહેવાય છે કે અહીં કોઇ એક સમયે પ્રભુનો મુકુટહાર અને આંગી નવ-નવલાખનાં બનાવ્યાં હતાં તેથી પ્રભુનું નામ નવલખા પાર્શ્વનાથ પ્રચલિત થયું છે.

મંદિરની બાજુમાં અન્ય બે મંદિરો પણ છે, સમુદ્રની વચ્ચે આવેલા આ ટાપુનું કુદરતી સૌંદર્ય અનુપમ છે.

**આવાસ સુવિધા** :-શહેરમાં અન્ય સગવડો છે. મંદિર પાસે થોડી ઓરડીઓ બાંધેલી છે.

**વાહનવ્યવહાર** :-નજદીકનું રેલ્વેસ્ટેશન દેલવાડા ૮ કી.મી.ને ઉના ૧૩ કી.મી. છે. બસો ત્યાંથી અવરજવર કરે છે.

**માહિતી કેન્દ્ર** :-શ્રી અજાહરા પાર્શ્વનાથ પંચતીર્થી જૈન કારખાના પેઢી. પો. દીવ જી. જૂનાગઢ.

**ચંદ્રપ્રભાસ પાટણતીર્થ** :-મૂળનાયક શ્રી ચન્દ્રપ્રભ ભગવાન.

પ્રભાસપાટણ ગામની વચ્ચે સોમનાથ મંદિરથી લગભગ ૪૦૦ મીટર દૂર આ તીર્થ આવેલું છે. આ તીર્થની સ્થાપના શ્રી આદિનાથ ભગવાનના પુત્ર શ્રી ભરત ચક્રવર્તીએ કરેલી મનાય છે. આ પ્રદેશ પ્રાચીન સમયમાં દેવપટણમ, પાટણ, સોમનાથ, પ્રભાસ વગેરે નામોથી પ્રખ્યાત હતું. જૈન આગમ ગ્રંથ 'બ્રહતકલ્પસૂત્ર' માં પણ આનો ઉલ્લેખ છે. અનેક રાજા મહારાજાઓ અહીં યાત્રાએ આવ્યા હતા તેવા ઉલ્લેખો પણ છે. મુસલમાનોના સમયમાં અહીં અનેક આક્રમણોના કારણે તીર્થને નુકસાન પણ થયેલ.

વિ.સં. ૧૨૬૪માં શ્રી દેવેન્દ્રસૂરિજીએ અહીં ૫૩૨૫ શ્લોકોમાં શ્રી ચંદ્રપ્રભ ચરિત્રની રચના કરી હતી. મંદિરની નીચેના ભાગમાં એક આગમ મંદિર છે. જયારે પાસેના મંદિરમાં ડોકરીયા પાર્શ્વનાથ તથા શ્રી મલ્લિનાથ ભગવાનની પ્રાચીન ને સુંદર પ્રતિમાઓ છે. ગામમાં આવેલી કેટલીક મસ્જિદોની પુરાણી કલાઓ ઉપરથી એમ જણાય છે કે પ્રાચીન જૈન મંદિરોને મસ્જિદોમાં પરિવર્તિત કરવામાં આવ્યાં હશે.

**આવાસ સુવિધા** :-ધર્મશાળા તેમજ ભોજન શાળા છે. ગામમાં અન્ય ગેસ્ટ હાઉસો પણ છે.

**વાહનવ્યવહાર** :-૫ કિ. મી. દૂર આવેલ વેરાવળ નજદીકનું રેલ્વે સ્ટેશન છે. એસ. ટી. બસો સોમનાથથી અન્ય સ્થળોએ જવા મળી રહે છે. કેશોદ-૪૭ કિ.મી. દૂર નજદીકનું હવાઇ મથક છે.



For Private and Personal Use Only

**માહિતી કેન્દ્ર** :–શ્રી પ્રભાસપાટણ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ દેરાસરની ખડકી; પ્રભાસ પાટણ–જી. જૂનાગઢ.

**ગિરનાર તીર્થ** :– શ્રી નેમિનાથ ભગવાન.

આ તીર્થ જૂનાગઢથી ૩ કિ.મી. દૂર ૯૪૫ મીટર ઊંચા પર્વત ઉપર આવેલ છે. શ્વેતાંબર માન્યતા અનુસાર પ્રાચીન યુગમાં આને ઉજ્જયંતગિરિ અને રૈવતગિરિ આદિ કહેતા હતા. શ્વેતાંબર જૈન શાસ્ત્રોમાં આને નેમિનાથપર્વત તેમજ શત્રુંજયગિરિની પાંચમી ટૂંક પણ ગણવામાં આવે છે. બાવીસમા તીર્થંકર શ્રી નેમિનાથ ભગવાને અહીં દીક્ષા ગ્રહણ કરી હતી અને તપશ્ચર્યા કરીને મોક્ષે સિધાવ્યા હતા. એમ અનુમાન કરવામાં આવે છે કે અનેક મુનિઓ અહીં મોક્ષકાળે સિધાવ્યા હતા. પ્રથમ તીર્થંકર આદિશ્વર ભગવાનના સમયથી છેલ્લા તીર્થંકર શ્રી મહાવીર સ્વામી ભગવાનના સમય સુધીમાં અનેક ચક્રવર્તીઓ, રાજાઓ, શ્રેષ્ઠીઓ વગેરેએ રૈવતાચલની યાત્રા કર્યાનો ઉલ્લેખ મળી આવે છે. આની સાથે જોડાયેલી અનેક દંતકથાઓ પણ છે. તે અનુસાર ભગવાન નેમિનાથ, રાજુલમતીની સાથે લગ્ન કરવા જાન લઈને આવ્યા પરંતુ પશુઓની આ સમારોહ માટે કતલ થવાની હતી તેનો દર્દનાક અવાજ સાંભળીને તેમને વૈરાગ્ય ઉત્પન્ન થયો અને તેઓ રાજપાટ વૈભવનો ત્યાગ કરીને લગ્ન કર્યા વગર જ દીક્ષા ગ્રહણ કરી કઠોર તપશ્ચર્યા કરી, અહીં મોક્ષે સિધાવ્યા હતા. ત્યાર બાદ રાજુલમતી પણ સંસારનો ત્યાગ કરી, દીક્ષા ગ્રહણ કરી અહીં મોક્ષ પામ્યાં હતાં.

જૂનાગઢ ગામમાં શ્વેતાંબર મંદિરો ને દિગમ્બર મંદિર છે. તળેટીમાં પણ મંદિરો છે. તળેટીના મંદિરની પાસેથી જ પહાડ પરનું ચઢાણ શરૂ થાય છે. કહેવાય છે કે પર્વતના મંદિરોના અનેક વાર જીર્ણોદ્ધાર થયેલા. વિ.સં. ૧૨૨૨માં રાજા કુમારપાળના મંત્રીએ પહાડનો રસ્તો સુગમ બનાવવા પગથિયાંઓ બનાવેલા. પ્રભાસપાટણમાં પ્રાપ્ત થયેલા એક તામ્રપત્ર અનુસાર રેવાનગરના રાજાએ ઈ.સ. પૂર્વે છઠ્ઠી સદીમાં અહીં શ્રી નેમીનાથ ભગવાનના મંદિરનું નિર્માણ કરાવ્યાનો ઉલ્લેખ મળે છે. ૧૨મી સદીમાં વસ્તુપાલ તેજપાલ તથા સિદ્ધરાજના મંત્રી દ્વારા જીર્ણોધ્ધાર થયાનો ઉલ્લેખ છે.

તળેટીથી લગભગ ૪૨૦૦ પગથિયાં ચઢયા પછી (૩ કી.મી.) નેમીનાથ ભગવાનની મુખ્ય ટૂંકનો દરવાજો આવે છે. આ વિશાળ મંદિરની સામે માનસંગભોજરાજની ટૂંક છે જયાં મૂળનાયક શ્રી



For Private and Personal Use Only

સંભવનાથ ભગવાન છે. મેલક વસહી ટૂંકમાં મૂળનાયક શ્રી સહસ્ત્ર-ફણા પાર્શ્વનાથ ભગવાન છે. કુમારપાળની ટૂંકમાં શ્રી અભિનંદન સ્વામીનું દેરાસર છે. વસ્તુપાળ તેજપાળની ટુકમાં શ્રી પાર્શ્વનાથ શ્રી ઋષભદેવ શ્રી મહાવીરસ્વામીનાં મંદિરો છે. તે સિવાય સંપ્રતિ રાજાની ટૂંક, ચૌમુખજી, શ્રી સંભવનાથ ભગવાનની ટૂંક, સતી રાજુલમતીની ગુફા, ગૌમુખી ગંગા, ચોવીસ જીનેશ્વર ભગવાનની પાદુકાઓ વગેરે છે.

રાજુલમતીની ગુફાના ઉપરના ભાગમાં દિગમ્બર મંદિર, શ્રીનેમીનાથ ભગવાનને શ્રી બાહુબલી ભગવાનનાં મંદિરો પણ છે.

આગળ જતાં ૩૦૦ ફૂટ ઊંચે અંબાજીમાતાની ટૂંક છે. અંબાજીમાતા શ્રી નેમીનાથ ભગવાનની અધિષ્ઠાયિકા મનાય છે. ગિરનાર એ જૈન સિવાય હિંદુ તીર્થ તેમજ મુસ્લિમોનું પણ ધર્મ-સ્થાન છે. જેનાં મંદિરો જુદા જુદા શિખરો ઉપર આવેલાં છે.

જેમ તીર્થનાં મંદિરોનું શિલ્પ અને પહાડનું સૌંદર્ય અનુપમ વાતાવરણ ઊભું કરે છે.

**આવાસ સુવિધા** :–પહાડ ઉપર ધર્મશાળાઓ અને ચા પાણી તેમજ જમવાની સવલત ઉપલબ્ધ છે. તળેટીમાં અન્ય ધર્મશાળાઓ અને ભોજનાલય છે. જૂનાગઢ શહેર ૩ કિ.મી. દૂર છે જ્યાં અન્ય આવાસ સુવિધાઓ, ગેસ્ટ હાઉસ, હોટલો વગેરે મળી રહે છે.

રસ્તામાં ચા–પાણી વગેરેની દુકાનો છે. તળેટીએ યાત્રાળુઓને ભાતું અપાય છે.

**વાહનવ્યવહાર** :– જૂનાગઢ ૩ કી.મી. અહીં આવવા બસ–ટેક્સી મળી રહે છે. જૂનાગઢ સુધી બસ કે ટ્રેન દ્વારા આવી શકાય. નજદીકનું હવાઈ મથક કેશોદ ૬૫ કિ.મી. દૂર છે.

તળેટીથી ઉપર નેમીનાથની ટૂંક સુધી લગભગ ૪૨૦૦ પગ-થિયાં છે. જવા માટે ડોળી મળી શકે છે. પહેલી ટૂંકથી પાંચમી ટૂંક સુધી ૩.૨ કી.મી. જેટલું અંતર છે.

**માહિતી કેન્દ્ર** :– શેઠ દેવચંદ લક્ષ્મીચંદ, જગમાલ ચોક, જૂનાગઢ.

## સુરેન્દ્રનગર જીલ્લો :

**શિયાણીતીર્થ** :– મૂળનાયક શ્રી શાંતિનાથ ભગવાન. શિયાણી ગામમાં આ પ્રાચીન તીર્થ આવેલ છે. શાંતિનાથ ભગવાનની પ્રતિમા



For Private and Personal Use Only

શ્રી સાંપ્રતિરાજા દ્વારા પ્રતિષ્ઠિત થયેલી છે. આ તીર્થના અનેકવાર જીર્ણોધ્ધાર થયાના ઉલ્લેખો છે. કલાત્મક પ્રતિમા છે. જીલ્લાનું પ્રાચીન તીર્થ છે. દર વર્ષે માગશર સુદ પાંચમનો મેળો ભરાય છે. હાલમાં અન્ય મંદિરો નથી.

**આવાસ સુવિધા**–ભોજનશાળા-ધર્મશાળા ઉપલબ્ધ છે.

**વાહનવ્યવહાર**– બસો અવરજવર કરે છે. નજદીકનું રેલ્વેસ્ટેશન-લીંબડી- ૧૩ કી.મી. છે. અમદાવાદ- ૧૧૯ કી.મી.

**માહિતીકેન્દ્ર** :– શ્રી શિયાણી જૈન સંઘની પેઢી પો. શિયાણી તા. લીંબડી જિ. સુરેંદ્રનગર.

**ઉપરિયાળાતીર્થ** :- મૂળનાયક શ્રી આદીશ્વર ભગવાન.

ઉપરિયાળા ગામની પાસે મુખ્ય માર્ગ ઉપર આ તીર્થ આવેલું છે. આ તીર્થ વિક્રમની ૧૫મી સદીની પૂર્વેનું મનાય છે. કારણ શ્રી જયસાગરજીના ૧૫મી સદીના 'ચૈત્યપરિપાટિ'માં આ તીર્થનો ઉલ્લેખ છે. વિક્રમની ૧૬મી સદીમાં ત્યાંનાં શ્રાવકોએ ઠેર ઠેર અનેક જૈન મંદિરો બંધાવ્યાનો ઉલ્લેખ છે. કાળક્રમે આ તીર્થ લાંબો સમય અલોપ રહ્યું હતું.

કહેવાય છે કે વિ.સં. ૧૯૧૯માં વૈશાખી પૂનમના દિવસે આ ગામના ખેડૂત રત્ના કુંભારને સ્વપ્નમાં આ પ્રતિમાઓ પોતાના ખેતરમાં છે તેવો સંકેત થયો અને તેના આધારે ખોદકામ કરતાં મૂર્તિ પ્રગટ થઈ જેને વિધિપૂર્વક વિ.સં. ૧૯૨૦ કારતક પૂનમના દિવસે સ્થાપવામાં આવી. વર્ષોથી અહીં અખંડજ્યોત છે. દરવર્ષે ફાગણસુદ ૮નાં મેળો ભરાય છે. અનેક ચમત્કારો થયાના ઉલ્લેખ મળે છે. અન્ય મંદિરો નથી, તેમજ કોઇ મૂર્તિ ઉપર લેખ અંકિત નથી. નાનું ને નિરાળા ઢંગનું શિખર છે. અહીં જમીનમાંથી પ્રાપ્ત થયેલી પ્રાચીન મૂર્તિઓ ખૂબજ સુંદર અને આકર્ષક છે.

**આવાસ સુવિધા** :– ધર્મશાળા, ભોજનશાળાની સગવડ છે.

**વાહનવ્યવહાર** :– અહીંથી ઉપરિયાળા રેલ્વેસ્ટેશન ૧૫ કી.મી. છે જે વીરમગામ–ખારાઘોડા માર્ગ ઉપર છે. પાટડી ૧૦ કિ.મી. મોટું નજદીકનું ગામ છે. વીરમગામ - ૧૮ કી.મી. વીરમગામ-દસાડા માર્ગે ફુલકી ને નવરંગપુરાથી અહીં આવી શકાય. અમદાવાદ ને વીરમગામથી બસો મળે છે. અમદાવાદ- ૮૪ કી.મી.

**માહિતીકેન્દ્ર** :- શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી, ઉપરિયાળા તીર્થ જિ. સુરેન્દ્રનગર.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## જામનગર જિલ્લો :-

**જામનગર :-** શહેરમાં ૧૮ જેટલાં દેરાસરો છે જે વિશાળ ને ભવ્ય છે અને શહેરની શાન જેવાં છે. તે સર્વમાં ચાંદીબજારના ચોકનાં દેરાસરો નામે પ્રસિદ્ધ દેરાસરો ખૂબ જ રમણીય ને ભવ્ય છે. ૪૦૦ વર્ષ પૂર્વેના પુરાણા આ દેરાસરોનો જીર્ણોદ્ધાર પણ વારંવાર થયેલ છે. શ્રી શાંતિનાથ, નેમિનાથ, ધર્મનાથ, આદીશ્વરજી ચંદ્રપ્રભુ વગેરે ભગવાનોનાં દેરાસરો છે.

જામરાવલ દ્વારા ૧૫૦૦ માં સ્થપાયેલ જામનગર મહત્ત્વનું બંદર હોવા ઉપરાંત જિલ્લામથક પણ છે.

**આવાસ સુવિધા :-** શહેરમાં જૈન ધર્મશાળા, ભોજનશાળા છે. ઉપરાંત ગેસ્ટહાઉસો, હોટલો વગેરે આવાસની સુવિધાઓ છે.

**વાહનવ્યવહાર :-** જામનગર મુંબઈ સાથે રોજિંદી હવાઈ સેવાથી જોડાયેલ છે. રેલ્વે ને એસ.ટી. બસો અન્ય સ્થળોએ જવા મળી રહે છે. અમદાવાદ ૩૦૮ કિ.મી. સ્થાનિક વાહનવ્યવહાર માટે બસ-રીક્ષા ઉપલબ્ધ છે.

**માહિતી કેન્દ્ર :-** શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક તપગચ્છ સંઘ કે જૈન દેરાશર નગર ચોક, જામનગર પીન-૩૬૧૦૦૧ જિ. જામનગર.

## કચ્છ જિલ્લો

**તેરાતીર્થ :-** મૂળનાયક શ્રી જીરાવાલા પાર્શ્વનાથ ભગવાન. તેરા ગામની મધ્યમાં આ તીર્થ આવેલું છે. આ પ્રતિમા શ્રી સાંપ્રતિરાજા દ્વારા પ્રતિષ્ઠિત થયેલી મનાય છે. મંદિરનું પૂનઃનિર્માણ વિ.સં. ૧૯૧૫માં થયું હતું અને છેલ્લો જીર્ણોદ્ધાર વિ.સં ૨૦૨૭માં થયો. આચાર્ય શ્રી ગુણસાગરસૂરીશ્વરજીના સુહસ્તે પ્રતિષ્ઠા થઈ હતી. આ સ્થળ અબડાસા પંચતીર્થીનું એક તીર્થ હોવાના કારણે તેની મહત્તા વિશેષ છે. આ મંદિરનાં નવ શિખરોની કલા પ્રસિધ્ધ છે. જ્ઞાનમંદિરમાં કલાત્મક તીર્થપટ જોવાલાયક છે.

**આવાસ સુવિધા :-** ધર્મશાળા, ભોજનશાળાની સગવડ ઉપલબ્ધ છે.

**વાહનવ્યવહાર**–તેરા ભુજથી ૮૪ કી.મી. છે જે નજદીકનું રેલ્વે તેમજ હવાઈમથક છે. ભુજ–મુંબઈ વચ્ચે રોજીંદી હવાઈસેવા છે. તેરા જવા ભુજ તેમજ અન્ય સ્થળેથી બસો મળી રહે છે. નલીયા ૧૮ કી.મી.

**માહિતીકેન્દ્ર :-** જીરાવાલા પાર્શ્વનાથ જૈન દેરાસર ટ્રસ્ટ પેઢી, પો. તેરા–૩૭૦૬૬૦, જિ. કચ્છ.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**જખૌતીર્થ** :–મૂળનાયક શ્રી મહાવીર ભગવાન. જખૌ ગામની મધ્યમાં આ તીર્થ આવેલું છે. કચ્છની અબડાસા પંચતીર્થીનું આ તીર્થ સ્થાન છે. મંદિરની પ્રતિષ્ઠા વિ.સં ૧૯૦૫માં થઈ હતી. અને પુનઃપ્રતિષ્ઠા, વિ.સં ૨૦૨૮માં થયેલ. આને રત્ન ટૂંક પણ કહે છે. આ કોટની અંદર, બીજાં આઠ મંદિરો છે. એકજ કોટમાં નવ ટૂંકો હોવાથી શિખરોનું દ્રશ્ય સુંદર લાગે છે. મંદિરોની કલા ને સૌંદર્ય પણ અનુપમ છે. દર વર્ષે મહાસુદ પાંચમના દિવસે વાર્ષિક ઉત્સવ મનાવાય છે.

**આવાસ સુવિધા** :– ધર્મશાળા, ભોજનાલયની સુવિધા છે.

**વાહનવ્યવહાર** :– નજદીકનું રેલ્વે તેમજ હવાઈ મથક ભુજ ૧૦૮ કી.મી. છે. અવરજવર માટે એસ. ટી. બસો છે. તેરા-૨૮ કી.મી. નલીયા ૧૫ કિ.મી.

**માહિતી કેન્દ્ર** :–જખૌ રત્ન ટૂંક દેરાસર પેઢી, પો. જખૌ-૩૭૦૬૪૦ તા. અબડાસા, જિ. કચ્છ.

**નલીયાતીર્થ** :–મૂળનાયક શ્રી ચંદ્રપ્રભુ ભગવાન. નલીયા ગામમાં આ તીર્થ આવેલું છે. કચ્છની અબડાસા પંચતીર્થીનું મહત્વનું સ્થાન છે. નરસીનાથા દ્વારા નિર્માણ થયેલ વિશાળ મંદિરની પ્રતિષ્ઠા વિ.સં ૧૮૯૭માં થઈ હતી. મંદિરનું વિશાળ શિખર ને ચૌદમંડપ-વાળું મંદિર તેની કલા માટે પ્રસિધ્ધ છે. ચોકમાં અન્ય ત્રણ મંદિરો છે.

મંદિરનું કાચનું કામ સુંદર છે, પથ્થરપર સુવર્ણકલાથી કરેલું કાર્ય તેની વિશિષ્ટ કલામાટે પ્રસિધ્ધ છે.

**આવાસ સુવિધા** :– ધર્મશાળા અને ભોજનાલય છે ગામમાં ગેસ્ટહાઉસ પણ છે.

**વાહન વ્યવહાર** :– નજદીકનું રેલ્વેસ્ટેશન તેમજ હવાઇમથક ભુજ ૯૭ કી.મી. છે ત્યાંથી તેમજ અન્ય સ્થળોએથી બસો મળી રહે છે. તેરા–૧૮ કી.મી. ટુંક સમયમાં આ શહેર રેલ્વેથી જોડાઈ જશે.

**માહિતી કેન્દ્ર** :–શ્રી ચંદ્રપ્રભુ તથા શ્રી શાંતિનાથજી જૈન દેરાસર પેઢી, વીરવસંહી ટૂંક. પો. નલીયા, ૩૭૦૬૫૫ જિ. કચ્છ.

**કોઠારાતીર્થ** :–મૂળનાયક શ્રી શાંતિનાથ ભગવાન. કોઠારા ગામની મધ્યે જૈન મહોલ્લામાં આ મંદિર છે. કચ્છની અબડાસા પંચતીર્થી નું એક તીર્થ છે. આ મંદિર કલાત્મક છે અને તેની કલા માટે પ્રખ્યાત છે. તેની પ્રતિષ્ઠા વિ.સં. ૧૯૧૮ મહાસુદ ૧૩ના શુભ દિવસે અચલગચ્છના આચાર્યશ્રી રત્નસાગર સુરીશ્વરજીના સુહસ્તે



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

થઇ હતી. શિખર સંયોજનમાં અને મંદિરના રંગમંડપ વગેરેમાં ઉત્કીર્ણ શિલ્પકલા ખૂબ જ આકર્ષક છે. મંદિર ના આઠ શિખરો ઉપર ફરકતી ધ્વજા દૂરથી જ આકર્ષે છે.

**આવાસ સુવિધા** :– ધર્મશાળા, ભોજનશાળા છે.

**વાહનવ્યવહાર** :–નજદીકનું રેલ્વેસ્ટેશન ને હવાઈમથક ભુજ ૮૦ કી.મી દૂર છે. એસ.ટી. બસો અવરજવર કરે છે માંડવી-૫૮ કી.મી સુથરી થઈને આવવું પડે. ટુંક સમયમાં આ શહેર રેલ્વેથી જોડાઈ જનાર છે.

**માહિતીકેન્દ્ર** :–કોઠારા શ્રી શાંતિનાથ જૈન દેરાસર પેઢી, પો. કોઠારા-૩૭૦૫૪૫ જિ. કચ્છ.

**સુથરી તીર્થ** :- મૂળનાયક શ્રી ધૃતકલ્લોલ પાર્શ્વનાથ. સુથરી ગામની વચ્ચે તીર્થ આવેલ છે. કચ્છની અબડાસા પંચતીર્થીનું એક તીર્થ છે. પ્રભુપ્રતિમા ચમત્કારિક હોવાના કારણે તીર્થની ખ્યાતી ખૂબ જ ફેલાયેલી છે. મંદિરની પ્રતિષ્ઠા વિ.સં ૧૮૯૫ વૈશાખ સુદ આઠમે થઇ હતી.

અનેક ચમત્કારો થયાની દંતકથાઓ છે. તીર્થાધિરાજશ્રી ધૃતકલ્લોલ નામાભિધાન પાછળ કહેવાય છે કે ચમત્કારિક રીતે આપણા પ્રભુની પ્રતિમાની સ્થાપનાના અવસરે સ્વામીવાત્સલ્યનું ભોજન યોજવામાં આવેલ જેમાં એકજ વાસણમાં રાખેલુ ઘી આવશ્યકતા પ્રમાણે વાપરવા છતાં તેનું વાસણ ભરેલું જ રહયું હતું, અન્ય દંતકથાઓ પણ છે. આ સિવાય અન્ય મંદિરો નથી.

મંદિરના શિખરની કલા આકર્ષક છે. મંદિરમાં મહાલક્ષ્મી દેવીની અને ગૌતમસ્વામીજીની પ્રતિમાઓ છે જે નિરાળી છે ને ઉપર લેપન કરાવેલ છે. રંગરંગીન મંદિર આકર્ષક છે.

**આવાસ સુવિધા** :– ભોજનશાળા અને ધર્મશાળા છે.

**વાહનવ્યવહાર** :– નજદીકનું રેલ્વે ને હવાઈમથક ભુજ ૮૬ કી.મી. છે એસ.ટી. બસો અવરજવર કરે છે. ગાંધીધામ ૧૬૧ કી.મી છે. કોઠારા-૧૧ કી.મી. માંડવી- ૬૪ કી.મી.

**માહિતી કેન્દ્ર** :– શ્રી સુથરી ધૃતકલ્લોલ પાર્શ્વનાથ શ્વેતાંબર અચલગચ્છ દેરાસર- પો. સુથરી તા. અબડસા. જિ. કચ્છ.

**ભદ્રેશ્વર તીર્થ** :– મૂળનાયક શ્રી મહાવીર ભગવાન.ભદ્રેશ્વર ગામની બહાર પૂર્વ ભાગમાં એકાંત સ્થળે આ ભવ્ય ને સુંદર કોતરણીવાળું દેરાસર આવેલ છે. જે જગવિખ્યાત છે. આ ગામનું પ્રાચીન નામ



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભદ્રાવતી નગરી હતું. મહાભારતમાં પણ તેનો ઉલ્લેખ છે.

જમીનમાંથી મળેલા પ્રાચીન તામ્રપત્ર પ્રમાણે વિક્રમની પાંચમી સદી પૂર્વે તથા તીર્થંકર ભગવાન મહાવીરના નિર્વાણના ૨૩ વર્ષ પછી ભદ્રાવતી નગરીના શ્રાવક શ્રી દેવચંદે આ ભૂમિને શોધીને તીર્થનું શિલારોપણ કર્યું હતું અને પ્રભુનિર્વાણના ૪૫ વર્ષ પછી પરમપૂજ્ય કેવલી કપિલમુનિના હસ્તે ભગવાન શ્રી પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી હતી. વિ.સં ૧૧૩૪માં અને પછી વિ.સં ૧૧૧૩-૧૪માં શેઠ જગડુશા દ્વારા આ તીર્થનો જીર્ણોધ્ધાર થયો હોવાનો ઉલ્લેખ છે.

૧૪મી સદીના દાનવીર જગડુશાહની આ નગરી છે. જેમનો જન્મ અહીં થયો હતો. વિશાળમેદાનમાં સુશોભિત આ મંદિરની કલા આકર્ષક છે. તેમજ વીરપ્રભુની પ્રતિમા પણ અદ્ભૂત ને મનોહર છે.

**આવાસ સુવિધા** :– મંદિરના સંકુલમાં જ વિશાળ ધર્મશાળાઓ ને ભોજનશાળા છે.

**વાહનવ્યવહાર** :– નજદીકનું હવાઈમથક ભુજ ૮૦ કી.મી છે. એસ.ટી બસો અવરજવર કરે છે. નજદીકનું રેલ્વેમથક ગાંધીધામ ૩૯ કી.મી છે. મુન્દ્રા- ૨૭ કી.મી. અમદાવાદ ૪૦૬ કી.મી.

**માહિતીકેન્દ્ર** :–શેઠ વર્ધમાન કલ્યાણજી પેઢી પો. ભદ્રેશ્વર (વસહી) જિ. કચ્છ.

**ભુજ** :–શ્રી શાંતિનાથ, શ્રી પાર્શ્વનાથ ને શ્રી આદીશ્વર ભગવાનનાં દેરાસરો છે. અન્ય દેરાસરો પણ થયાં છે.

આ કચ્છ જિલ્લાનું મુખ્ય ને સમૃદ્ધ શહેર પ્રાચીન ને ઐતિહાસિક છે.સં. ૧૬૦૫માં કચ્છના રાવ ખેંગારજીએ આ શહેર વસાવેલું. ૫૦૦૦ ફીટ ઊંચા ભુજિયા કિલ્લા ઉપર ભુજંગનું સુંદર બાંધણીનું મંદિર છે. અહીં આયના મહેલ, મ્યુઝીયમ, છત્રી વગેરે જોવા લાયક સ્થાનો પણ ઘણાં છે. તેમજ અહીંથી જૈન તીર્થધામો એ જવા માટે બસો–ટેક્સીઓ મળી રહે છે.

**આવાસ સુવિધા** :–ધર્મશાળાઓ, હોટલો વગેરે છે.

**વાહનવ્યવહાર** :– હવાઇ, રેલ ને બસ સેવાથી સંકળાયેલ છે. અમદાવાદ–૪૧૧.

**માહિતીકેન્દ્ર** :–શ્રી વીસા ઓસવાલ જૈન ગુર્જર જ્ઞાતિ, વાણિયાવાડ, ૯૬ ડોસાભાઈ લાલચંદ રોડ, ભૂજ, જિ–કચ્છ,



For Private and Personal Use Only

**મુન્દ્રા** :–મૂળનાયક શ્રી મહાવીરસ્વામી શ્રી શાન્તિનાથ,શ્રી પાર્શ્વનાથ –અમીઝરા, ને શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ વગેરેનાં સુંદર જીનાલયો છે. પાઠશાળા ને ઉપાશ્રય પણ છે. આ પ્રાચીન ગામ છે. એક કાળે ખૂબ સમૃદ્ધ હોવાનું જણાય છે. એક વખત જાણીતું બંદર હતું.

**આવાસ સુવિધા** :–ધર્મશાળા–ગેસ્ટ હાઉસ છે.

**વાહનવ્યવહાર** :–ભૂજ, અંજાર, ગાંધીધામ વગેરેથી બસો મળી રહે છે. ભૂજ–૫૨ કી.મી. અંજાર–૪૫ કી.મી.

**માહિતી કેન્દ્ર** :–શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ મુન્દ્રા–જિ. કચ્છ.

**માંડવી** :–મૂળનાયક શ્રી મહાવીરસ્વામી, શ્રી ધર્મનાથસ્વામી (પારણું બજાર), શ્રી શીતલનાથ ભગવાન, શ્રી શાંતિનાથનું આંબાબજારમાં તેમજ બંદર પર શ્રી અજીતનાથ ભગવાનનું, ગામબહાર દાદાવાડીમાં પાર્શ્વનાથ ભગવાનનું વગેરે દેરાસરો જોવા લાયક છે.

કચ્છનું આ પ્રાચીન બંદર એક કાળે જાહોજલાલીથી સમૃદ્ધ હતું આજે પણ સુંદર સાગરકાંઠો છે. માંડવી ભુજ રોડ ઉપર કોડાય-તલવણા ક્રોસીંગ ઉપર ૭૨ જિનાલય નામનું તીર્થ આકાર લઈ રહેલ છે. તીર્થનું બાંધકામ શરૂ થઈ ગયેલ છે

**આવાસ સુવિધા** :– ધર્મશાળાઓ, ગેસ્ટ હાઉસ વિ. છે. એસ. ટી રોડ પર જૈન ગુર્જર વણીકની ધર્મશાળા, ભોજનશાળા છે.

**વાહનવ્યવહાર** :–ભૂજ, અંજારથી બસો અવરજવર કરે છે. ભૂજ– ૬૦ કી.મી. રેલ્વેને હવાઈ મથક છે.

**માહિતીકેન્દ્ર** :–શ્રી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ, શ્રી મહાવીર સ્વામી જૈન દેરાસર, માંડવી. જિ. કચ્છ.

**સાંધાણ** :–મૂળનાયક શ્રી શાંતિનાથ ભગવાન. નાના ગામમાં સં. ૧૯૧૦ માં શેઠ માંડણ તેજશી દ્વારા બંધાયેલ આ વિશાળ શિખર બંધી દેરાસર પ્રભાવશાળી છે. નવટૂંક જેવી રચના છે. પ્રાચીનજ્ઞાન ભંડાર પણ છે.

**આવાસ સુવિધા** :–ધર્મશાળા, ભોજનશાળા છે.

**વાહનવ્યવહાર** :–માંડવી, ભૂજથી બસોઅવરજવર કરે છે. સુથરી-સાંધાણ-૧૦ કી.મી.

**માહિતીકેન્દ્ર** :–શ્રી જૈન શ્વેતાંમ્બર મૂર્તિપૂજક સંઘ, સાંધાણ જિ. કચ્છ. (વાયા માંડવી)

**ડુમરા** :–મૂળનાયક શ્રી ચંદ્રપ્રભુસ્વામી. આ પ્રાચીન ગામની મધ્યમાં ૧૦૮ વર્ષ જૂનું ભવ્ય શિખરબંધી જિનાલય આવેલું છે.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**આવાસ સુવિધા** :- ધર્મશાળા છે.
**વાહનવ્યવહાર** :- બસ સાથે જોડાયેલ છે.
**માહિતીકેન્દ્ર** :-શ્રી જૈન શ્વેતાંમ્બર મૂર્તિપૂજક સંઘ-મુ. ડુમરા વાયા માંડવી. જિ. કચ્છ.

**ભુજપુર** : મૂળનાયક શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ. ગામની મધ્યમા આ ભવ્ય જિનાલય આવેલું છે. ભોંયરામાં શ્રી આદીશ્વરભગવાનની તેજસ્વી પ્રતિમા છે.
**આવાસ સુવિધા** :-ધર્મશાળા, ભોજનશાળા છે.
**વાહનવ્યવહાર** :-ભુજ, ભદ્રેશ્વર, મુંદ્રા, માંડવીની બસો મળી રહે છે. મુંદ્રા ૧૮ કી.મી. ભૂજ. ૭૬ કી.મી.
**માહિતીકેન્દ્ર** :-શ્રી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ ભુજપુર જિ.કચ્છ.

**મોટીખાખર-નાનીખાખર** : મૂળનાયક શ્રી આદીશ્વર ભગવાન. નાના ગામમાં આ ભવ્ય જિનાલય આવેલું છે. જ્યારે નાનીખાખર ગામની મધ્યમાં શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ ભગવાનનું સુંદર જિનાલય છે.
**આવાસ સુવિધા** :- ધર્મશાળા છે.
**વાહનવ્યવહાર** :-મુંદ્રા, ભુજ, માંડવાની બસો મળી રહે છે. ભુજપુર-૨૩ કિ.મી
**માહિતીકેન્દ્ર** :- શ્રી જૈન શ્વેતાંમ્બર મૂર્તિપૂજક સંઘ, મોટીખાખર વાયા મુદ્રા-જિ. કચ્છ.

## બનાસકાંઠા જિલ્લો :-

**કુંભારિયાજી તીર્થ**:- મૂળનાયક શ્રી નેમિનાથ ભગવાન. અંબાજીથી ૨ કી.મી. દૂર કુંભારીયાજીનાં પાંચ સુંદર મંદિરો જંગલના એકાંતમાં દાંતા માર્ગ ઉપર આવેલ છે. કહેવાય છેકે આ સ્થાનનું નામ આરાસણા હતું અને એમાંથી કુંભારીયા કયારે થયું તે જાણવું મુશ્કેલ છે. શિલાલેખો દર્શાવે છે કે લગભગ વિ.સં. ૧૭મી સદી સુધી આરાસણા હશે. આસપાસનાં અવશેષો અને ઉપલબ્ધ શિલાલેખો એમ પણ દર્શાવે છે કે કોઈ સમયે આ વિરાટ નગરી હશે અને અનેક જૈન મંદિર અહીં હશે. ધરતીકંપમાં પાંચ સિવાયનાં અન્ય નાશ પામ્યાં હોય તેવી માન્યતા છે.

એક મત પ્રમાણે મંત્રી શ્રી વિમળશા દ્વારા આ મંદિર લગભગ વિ.સં ૧૦૮૮માં નિર્મિત થયેલ. અત્યારે સૌથી મોટું ને મુખ્ય મંદિર નેમિનાથ ભગવાનનું છે જેનો વારંવાર જીર્ણોધ્ધાર થયેલ છે. આ સિવાયનાં અન્ય ચાર મંદિરો પાર્શ્વનાથ ભગવાન, શ્રી મહાવીર



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી શાંતિનાથપ્રભુ તેમજ શ્રી સંભવનાથ ભગવાનનાં છે. આ મંદિરોની શિલ્પકળા કોતરણી છત ઉપર, થાંભલાઓ, કમાનો ઉપર અજોડ ને અનુપમ છે જેને આબુના દેલવાડા સાથે સરખાવવામાં આવે છે. આ કલા રાણકપુર, જેસલમેર ને ખજૂરાહોની યાદ અપાવે છે.

કેટલાંક મંદિરોની છત ઉપર પથ્થર પરની બારીક શિલ્પકળા દ્વારા ભાવિ ચોવીસીના માતાપિતા, વર્તમાન ચોવીસી તથા તેમના માતાપિતા, ચૌદ સ્વપ્નો, મેરુ પર્વત પર ઈન્દ્ર મહારાજ દ્વારા જન્માભિષેક, શ્રી નેમીનાથ ભગવાનના પાંચ કલ્યાણક આદિ અનેક ભાવપૂર્ણ પ્રસંગો કોતરાયેલા છે.જંગલની વચ્ચે એકાંત સ્થળે પર્વતોની વચ્ચે આવેલ આ સ્થાન રમણીય છે તેમજ તેની કલા અનુપમ છે.

**આવાસ સુવિધા** :– ધર્મશાળા અને સુંદર ભોજનશાળા છે.

**વાહનવ્યવહાર** :– નજદીકનું રેલ્વેસ્ટેશન આબુરોડ ૨૪ કીમી. બસો અવરજવર કરે છે. અંબાજી ૨ કીમી. છે ત્યાં જતાં આધુનિક ધર્મશાળા, શક્તિ ગેસ્ટહાઉસ પણ માર્ગ ઉપર આવે છે. પાલનપુર ૪૯ કીમી.

**માહિતીકેન્દ્ર** :– શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી, પો. અંબાજી ૩૮૫૧૧૦ જિ. બનાસકાંઠા.

**પ્રહ્લાદનપુર-પાલનપુરતીર્થ** : મૂળનાયક શ્રીપ્રહલવિયા પાર્શ્વનાથ ભગવાન. પાલનપુર ગામમાં આ તીર્થ આવેલું છે. આબુના પરમાર વંશના રાજા ધારાવર્ષદેવના ભાઈ પ્રહલાદને પોતાના નામપરથી પ્રહલાદનપુર નામનું નગર વસાવ્યું હતું જે પાછળથી પાલનપુરમાં બદલાઈ ગયું. આનો ઈતિહાસ વિ.સં. ૧૩ માંથી શરૂ થયેલો મનાય છે.

ચમત્કારિક ઘટનાઓ જીવનમાં બન્યા પછી રાજા પ્રહલાદન જૈન ધર્મના અનુયાયી બન્યા અને આ મંદિરનું નિર્માણ કરી શ્રી પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા પ્રતિષ્ઠિત કરાવી. સંજોગોએ આ પ્રતિમાનું ઉત્થાપન કર્યું અને વિ.સં. ૧૨૭૯ ફાગણસુદ પાંચમના હાલની પ્રતિમા પ્રતિષ્ઠિત કરવામાં આવી.

રાજા પ્રહલાદન દ્વારા નિર્મિત થયું હોવાથી પહેલાં આ મંદિર શ્રી પ્રહલાદન પાર્શ્વનાથ મંદિરના નામથી પ્રખ્યાત હતું જે આજે પલ્લવિયા પાર્શ્વનાથ મંદિરના નામથી ઓળખાય છે. અન્ય ૧૪ જેટલાં મંદિરો પણ છે. મંદિરોમાં ઘણી પ્રતિમાઓ પ્રાચીન છે.

**આવાસ સુવિધા** :– ધર્મશાળા તેમજ ભોજનશાળા છે.

**વાહનવ્યવહાર** :– પાલનપુર રેલ્વેસ્ટેશન છે. એસ. ટી. બસો પણ અવરજવર કરે છે. અમદાવાદથી ૧૪૪ કિ.મી. પાલનપુર છે.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**માહિતી કેન્દ્રઃ–** શ્રી પલ્લવિયા પાર્શ્વનાથ જૈન શ્વેતાંબર મંદિરની પેઢી, પાલનપુર. જિલ્લો બનાસકાંઠા.

**ડીસાતીર્થ :–** મૂળનાયક શ્રી આદીશ્વર ભગવાન. જૂના ડીસા ગામમાં આ સ્થળ આવેલું છે. આ તીર્થક્ષેત્ર વિક્રમની ૧૩મી સદી પૂર્વેનું માનવામાં આવે છે. અનેક દંતકથાઓ સંકળાયેલી છે. સંવત ૧૮૮૮માં જીર્ણોદ્ધાર પછી પ્રતિષ્ઠા થઈ હતી. અહીં પૂર્વે અનેક મંદિરો હશે તેમ પણ કહેવાય છે.

મહાવીરસ્વામીનું સુંદર ને કલાત્મક પ્રતિમાવાળું મંદિર છે.

**આવાસ સુવિધાઃ–** ધર્મશાળા અને ભોજનશાળા, સરકારી ગેસ્ટહાઉસ છે.

**વાહનવ્યવહાર :–** નજદીકનું રેલ્વેસ્ટેશન ડીસા ૩ કિ.મી. છે. બસો અવર જવર કરે છે. પાલનપુર ૨૬ કિ.મી.

**માહિતી કેન્દ્ર :–** જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ પેઢી, પો. જૂના ડીસા, જિ. બનાસકાંઠા.

**થરાદ તીર્થ :–** મૂળનાયક શ્રી આદીશ્વર ભગવાન. થરાદ ગામના મોટાદેરાસર મહોલ્લામાં આ તીર્થ છે. અન્ય ૧૦ જેટલા મંદિરો પણ છે. મંદિરોમાં પ્રાચીન કલાત્મક પ્રતિમાઓનાં દર્શન થાય છે. આ નગરીનાં પ્રાચીન નામ થિરપુર, થિરાદ્રિ, થરાદ, થિરાપ્રદ્ર, વગેરે હતાં. કહેવાય છેકે શ્રી થિરપાલધરુએ વિ.સં. ૧૦૧માં આ ગામ વસાવ્યું હતું, તથા તેમની બ્હેન હરકુએ ૧૪૪૪ સ્તંભયુક્ત વિશાળ ગગનચુંબી બાવન જિનાલય મંદિર બનાવ્યાનો ઉલ્લેખ છે. કહેવાય છે કે વાવમાં રહેલા શ્રી અજિતનાથ ભગવાનની પદ્માસનસ્થ ઊંચી અલૌકિક ધાતુની પ્રતિમા મુસલમાનોના આક્રમણના ભયે અહીંથી વાવમાં ખસેડવામાં આવી હતી. પ્રતિમા વિ. સં. ૧૩૬ શ્રાવણવદ અમાસના દિવસે આ મંદિરમાં પ્રતિષ્ઠિત કરવામાં આવી હતી એવો ઉલ્લેખ મળી આવે છે.

કુમારપાલ રાજાએ અહીં 'કુમાર વિહાર' મંદિર બંધાવ્યાનો ઉલ્લેખ છે. ૧૩ મી સદીમાં શ્રેષ્ઠી આહલાદન દંડનાયકે અહીં શ્રી આદીશ્વર ભગવાનના મંદિરમાં શ્રી ચંદ્રપ્રભ ભગવાન, સીમંધર સ્વામી, યુગંધર સ્વામી, અંબિકાદેવી વગેરેની પ્રતિષ્ઠા કરાવ્યાનો ઉલ્લેખ છે. કહેવાય છે કે એક જમાનામાં અહીં વિરાટ નગરી હતી જ્યાં હજારો સાધનસંપન્ન શ્રાવકોનાં ઘરો હતાં જેમણે અનેક ધર્મઉત્થાનનાં ઉલ્લેખનીય કાર્યો કર્યા હતાં.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**આવાસ સુવિધા** :- ધર્મશાળા, સરકારી ગેસ્ટહાઉસ છે.

**વાહનવ્યવહાર** :- નજદીકનું રેલ્વે સ્ટેશન ડીસા-૫૫ કિ.મી, બસો અવર જવર કરે છે. વાવ-૧૨ કિ.મી.

**માહિતી કેન્દ્ર** :- જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ પેઢી. પો. થરાદ તા. ડીસા, જિ. પાલનપુર.

**ખીમાતીર્થ** :- મૂળનાયક શ્રી પાર્શ્વનાથ ભગવાન. ખીમા ગામમાં આ તીર્થ આવેલું છે. આ સ્થાનનો પ્રાચીન ઈતિહાસ મળવો મુશ્કેલ છે.

શ્રી કુમારપાળ રાજાએ આ તીર્થનો જીર્ણોધ્ધાર કરાવ્યાનો ઉલ્લેખ છે. અન્ય મંદિરો નથી.

**આવાસ સુવિધા** :- ઉપાશ્રય છે. પરંતુ રહેવા ઊતરવાની વિશેષ સગવડ નથી.

**વાહનવ્યવહાર** :- ડીસા નજદીકનું રેલ્વેસ્ટેશન ૮૦ કી.મી. પર છે. બસો અવરજવર કરે છે. નજદીકનું મોટું ગામ થરાદ ૨૫ કી.મી પર છે.

**માહિતીકેન્દ્ર** :- શ્રી શ્વેતાંબર જૈન મૂર્તિપૂજક સંઘ પેઢી, પો. મુ. ખીમા, તા. થરાદ જિ. બનાસકાંઠા.

**વાવતીર્થ** :- મૂળનાયક શ્રી અજિતનાથ ભગવાન. વાવ ગામની મધ્યમાં આ તીર્થ આવેલ છે. આ ૧૩મી સદીનું તીર્થક્ષેત્ર છે. મંદિરની નજદીકમાં શ્રી ગોડી પાર્શ્વનાથનુ મંદિર છે. તિર્થાધિરાજ શ્રી અજિતનાથ ભગવાનની પંચધાતુથી નિર્મિત આ પ્રતિમા અત્યંત પ્રભાવશાળી છે.

કહેવાય છે કે થરાદના રાજા થિરપાણુધરુ દ્વારા વિ.સં ૧૩૬ માં થરાદના મંદિરમાં પ્રતિષ્ઠિત આ પ્રતિમા આક્રમણકારીઓના ભયથી થરાદથી વાવ લાવવામાં આવી હતી.

**આવાસ સુવિધા** :- સંઘની વાડી છે. જ્યાં વીજળી-પાણી ઉપલબ્ધ છે.

**વાહનવ્યવહાર** :- નજદીકનુ રેલ્વેસ્ટેશન ડીસા. ૭૦ કી.મી છે. બસો અવરજવર કરે છે. ભોરોલતીર્થ- ૨૨ કી.મી. ખીમાતીર્થ ૧૨ કી.મી ને થરાદતીર્થ ૧૨ કિ.મી. પર છે.

**માહિતીકેન્દ્ર** :- શ્રી જૈન શ્વેતાંબર મુર્તિપૂજક સંઘની પેઢી, પો. વાવ જિ. બનાસકાંઠા.



For Private and Personal Use Only

**ભોરોલ તીર્થ** :– મૂળનાયક શ્રી નેમિનાથ ભગવાન. ભોરોલ ગ.મની વચમાં આ તીર્થ આવેલું છે. આ સ્થળ અતિપ્રાચીન હોય તેમ જણાય છે. પ્રાચીનકાળમાં તેને પીપલપુર, પાટણ, પીપલગામ વગેરે નામે ઓળખાવવામાં આવતું હતું.

અચલગચ્છના વલ્લભીશાળાના આચાર્ય શ્રી પુણ્યતિલકસૂરીશ્વરજીના ઉપદેશથી વિ.સં. ૧૩૦૨માં કાત્યાયન ગોત્રના શ્રીમાલ શેઠ પૂંજાશાહે અહીં શહેરની બહાર ૧૪૪૪ રતભોવાળુ ૭૨ દેવકુલિકાઓવાળુ ભવ્ય મંદિર તથા એક વાવ સવા કરોડ ખર્ચીને બંધાવ્યા હતા તેવો ઉલ્લેખ છે. આ વાવ જીર્ણ અવસ્થામાં આજે પણ મોજુદ છે જો કે આસપાસના લેખોથી એમ જણાય છે કે પૂર્વે પણ અહીં મંદિર હતું. શિલાલેખો દર્શાવે છે કે વિ.સં. ૧૩૫૫ સુધી આનું નામ પીપળગામ હતું. હાલનું મંદિર વિક્રમની ૧૨મી સદીમાં બંધાયેલું છે એમ મનાય છે. મૂર્તિ ઉપર કોઈ લેખ નથી.

લગભગ ૧૫મી સદી સુધી આ સ્થળ ભારે જાહોજલાલીવાળુ રહયું હતું એવો ખ્યાલ જમીનમાંથી મળી આવતી ઈંટો, પથ્થરો અને ખંડેરો ઉપરથી આવે છે. શ્રી નેમીનાથ ભગવાનની પ્રતિમા ચમત્કારિક મનાય છે. દર વર્ષે કાર્તિક તથા ચૈત્ર માસની પૂનમે મેળો ભરાય છે.

પ્રાચીન સમયમાં જાહોજલાલીપૂર્ણ ક્ષેત્ર હોવાના કારણે જમીનમાંથી અનેક કલાત્મક અવશેષો મળી આવે છે.

**આવાસ સુવિધા** :– ધર્મશાળા ને ભોજનાલય છે.

**વાહનવ્યવહાર** :– નજદીકનું રેલ્વેસ્ટેશન ડીસા ૬૦ કી.મી. પર છે. ભીલડી- ૪૦ કીમી. થરાદ ૨૨ કી.મી. બસો અવરજવર કરે છે

**માહિતી કેન્દ્ર** :– શ્રી નેમીનાથ ભગવાનની જૈન પેઢી. પો. ભોરોલ. તા. થરાદ, જિ. બનાસકાંઠા

**ભીલડિયાજી તીર્થ** :- મૂળનાયક શ્રી ભીલડિયા પાર્શ્વનાથ ભગવાન. ભીલડિયાજી ગામમાં છે. જૈન શાસ્ત્રમાં આ સ્થાનનું પ્રાચીન નામ ભીમપલ્લી હોવાનો ઉલ્લેખ છે. પ્રતિમા ખૂબ પ્રાચીન ને શ્રી કપિલ કેવલીના હસ્તે પ્રતિષ્ઠિત થયેલી મનાય છે. જ્યારે એક માન્યતા મુજબ સામ્પ્રતિરાજાના હસ્તે પ્રતિષ્ઠિત થયેલી પણ મનાય છે.

કહેવાય છે કે એક સમયે અહીં અનેક કૂવા, વાવો, સુંદર બજારો તથા મંદિરના પશ્ચિમ ભાગમાં રાજગઢી પણ હતી. આજે આ સ્થળ ગઢેહ નામે પ્રસિધ્ધ છે. અનેકવારના નાશ પછી ઉલ્લેખો



For Private and Personal Use Only

અનુસાર વિ.સં ૧૯૩૬માં જર્ણોધ્ધારનું કામ થયું. છેલ્લો જીર્ણોધ્ધાર વિ.સં ૨૦૨૭માં થયો અને મૂર્તિની પ્રતિષ્ઠા થઈ. વિ.સં ૧૬માં ભીમપલ્લીગચ્છની સ્થાપના આજ તીર્થ ક્ષેત્રમાં થયેલી બતાવવામાં આવે છે. અનેક દંતકથાઓ અને ચમત્કારિક ઘટનાઓ તેની સાથે સંકળાયેલી છે. દર વર્ષે માગશર વદ દશમે મેળો ભરાય છે.

**આવાસ સુવિધા** :- ધર્મશાળા, ભોજનાલય છે.

**વાહનવ્યવહાર** :- નજદીકમાં જ ભીલડી રેલ્વેસ્ટેશન છે. બસો અવરજવર કરે છે. ડીસા ૨૪ કી.મી.

**માહિતીકેન્દ્ર** :- શ્રી ભીલડિયાજી પાર્શ્વનાથ કારખાના પેઢી, પો. ભીલડી તા. ડીસા. જિ. બનાસકાંઠા.

## મહેસાણા જિલ્લો

**જમણપુર તીર્થ** :- મૂળનાયક શ્રી ચંદ્રપ્રભુ ભગવાન. જમણપુર ગામમાં આ તીર્થ આવેલું છે. કહેવાય છે કે શ્રી વસ્તુપાળના પુત્ર મંત્રી જૈત્રસિંહે પોતાની પત્ની જમણદેવીના નામ ઉપરથી આ નગરી વસાવી હતી. વસ્તુપાલનો જન્મ વિ.સં ૧૨૪૦–૪૨નો માનવામાં આવે છે. આ તીર્થ ક્ષેત્ર ૧૩મી સદી પૂર્વેનું મનાય છે. અંતિમ જીર્ણોધ્ધાર પછી પુનઃપ્રતિષ્ઠા વિ.સં ૧૯૬૪ વૈશાખસુદ ૧૦ના થઈ હતી. મૂળનાયક ભગવાન પરિકરની ગાદી પર વિ.સં. ૧૧૨૬ વૈશાખ વદ ૧૧ નો લેખ ઉત્કીર્ણ છે. જમણકીય ગચ્છનું ઉદગમ સ્થાન આજ મનાય છે. ગામની આસપાસ જીર્ણ ઈમારતો ને પથ્થરોના ઢગલા પડેલા છે જે દર્શાવે છે કે એક વખત આ વિરાટ નગરી હશે.

**આવાસ સુવિધા** : —

**વાહનવ્યવહાર** :- નજદીકનું રેલ્વેમથક હારીજ ૮ કી.મી. બસો અવરજવર કરે છે.

**માહિતીકેન્દ્ર** :-જૈન દેરાસર પેઢી જમણપુર, તા.હારીજ, જિ મહેસાણા.

**મૈત્રાણાતીર્થ** :- મૂળનાયક શ્રી આદિનાથ ભગવાન. મૈત્રાણા ગામની વચ્ચે આ તીર્થ આવેલ છે. ૭૨ વર્ષ પુરાણું આ જૈન મંદિર પ્રસિધ્ધ તીર્થધામ છે.

એક અનુમાન પ્રમાણે તેમજ શિલાલેખોના આધારે આ તીર્થ ૧૪મી સદી પૂર્વેનું છે. કહેવાય છે કે એક શ્રાવકને રાતના આવેલ



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સ્વપ્ન અનુસાર જમીનમાંથી ઋષભદેવ, શાંતિનાથ, કુંથુનાથ અને પદ્મપ્રભુની પ્રતિમાઓ વિ.સં. ૧૮૯૯માં પ્રાપ્ત થઇ હતી. જે વિ.સં. ૧૯૪૭માં અક્ષયતૃતિયાના શુભદિને વિશાળ મંદિર બંધાવીને પુનઃ પ્રતિષ્ઠિત કરવામાં આવી છે. એક પ્રતિમાની ગાદી પર સં ૧૩૫૧ નો લેખ છે.

કાર્તિક પૂનમ, ચૈત્રીપૂનમ ને માગશરસુદ તેરસે મેળા જેવું વાતાવરણ રહે છે અને અનેક ભાવુકો દર્શનાર્થે આવે છે.

**આવાસ સુવિધા** :– ધર્મશાળા, ભોજનશાળા છે.

**વાહનવ્યવહાર** :– મેત્રાણા રેલ્વેસ્ટેશન છે, બસો અવરજવર કરે છે. સિધ્ધપુર ૧૬ કીમી. મહેસાણા ૫૩ કીમી.

**માહિતી કેન્દ્ર** :– શ્રી ઋષભદેવ ભગવાન જૈન શ્વેતાંબર દેરાસર કારખાના પેઢી, પો. મેત્રાણા, તા. સિધ્ધપુર જિ. મહેસાણા.

**વાલમતીર્થ** :– મૂળનાયક શ્રી નેમિનાથ ભગવાન. વાલમ ગામની મધ્યમાં આ તીર્થ આવેલું છે, એમ માનવામાં આવે છે કે આ ગામમાં ગુજરાતના મહાન કવિ નરસિંહ મહેતાએ તેમની પુત્રી કુંવરબાઇનું મામેરૂ કર્યું હતું. પુરાણી વાવ સિવાય વિશાળ જૈન મંદિર નેમિનાથ ભગવાનનું છે જેને કારણે તે તીર્થધામ બની ગયેલ છે. ગામમાં સર્વોદય આશ્રમ વગેરે છે.

તીર્થનો ઇતિહાસ પ્રાચીન માનવામાં આવે છે. પ્રતિમાની કલાકૃતિ તેની પ્રાચીનતા દર્શાવે છે.

**આવાસ સુવિધા** :– ધર્મશાળા, ભોજનશાળાની સગવડ છે.

**વાહનવ્યવહાર** :– નજદીકનુ રેલ્વેસ્ટેશન વીસનગર ૧૦ કીમી ને ઊંઝા ૧૧ કી.મી છે. બસો અવરજવર કરે છે. મહેસાણા–૩૦

**માહિતી કેન્દ્ર** :– શ્રી જૈન શ્વેતાંબર મુર્તિપૂજક દેરાસર પો. વાલમ, તા. વીસનગર જિ. મહેસાણા.

**ગાંભુતીર્થ** : મૂળનાયક શ્રી ગંભીરા પાર્શ્વનાથ ભગવાન. ગાંભુ ગામની મધ્યમાં આ તીર્થ આવેલું છે. અહીંનો ઇતિહાસ વિ.સં ૯મી સદી પૂર્વેનો મનાય છે. કહેવાય છે કે આ પૂર્વે વિરાટ નગર હતું અને પાટણનગર વસ્યુ તે પૂર્વે વસેલુ સ્થળ હતું જેનુ પ્રાચીન નામ ગંભીરા અને ગંભુતા હતું.

જીનાલયને આપેલા ભેટપત્રો દર્શાવે છે કે પ્રાચીન કાળમાં અંહી અનેક જૈન મંદિરો હતા. અનેક જૈન ગ્રંથોની રચના અહીં થયેલી છે. ભગ્ન ને વિખેરાયેલા અવશેષો પ્રમાણપત્ર રૂપે મળી આવે છે.



For Private and Personal Use Only

પ્રાચીન બૌધ્ધ ગ્રંથ સુશ્રુતની રચના અંહી થઇ હતી. શક સં ૮૨૬માં રચાયેલા 'શ્રાવક' પ્રતિક્રમણ સુત્રને અહીં તાડપત્ર ઉપર લખવામાં આવેલ. પ્રતિમાની કલા સુંદર છે. અહીંથી ભૂગર્ભમાંથી મળી આવેલ અનેક પ્રાચીન પ્રતિમાઓ મુંબઈ, પાલીતાણા, તળાજા વગેરે સ્થળે ગઈ છે. કેટલીક ભોંયરામાં રખાયેલી છે. શિખરની કળા પણ નિરાળીને સુંદર છે.

**આવાસ સુવિધાઃ**– ધર્મશાળા છે.

**વાહનવ્યવહાર :–** નજદીકનું રેલ્વેસ્ટેશન મહેસાણા ૧૬ કિ.મી. બસો ફરે છે. મહેસાણા - મોઢેરા રોડ પર ગણેશપુરા થઈને જવાય છે.

**માહિતીકેન્દ્ર :–**શ્રી ગાંભુ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ. પો. ગાંભુ તા. ચાણસ્મા જિ. મહેસાણા.

**મોઢેરાતીર્થ :–** મૂળનાયક શ્રી ચિંતામણી પાર્શ્વનાથ તીર્થ સ્થળ મોઢેરા ગામમાં આવેલું છે જે વિ.સં નવમી સદી પૂર્વેનું પ્રાચીન મનાય છે. સર્વજ્ઞ હેમચંદ્રા ચાર્યજીની જન્મભૂમિ પણ આજ મનાય છે. ગામની બહાર જૈન મંદિરોના ખંડેરો જોવા મળે છે. મોઢેરા ગચ્છનું આ ઉત્પતિ સ્થાન મનાય છે. અહીં આવેલ પ્રખ્યાત સુર્યમંદિર જે હાલ ખંડિયેર અવસ્થામાં છે તે પ્રસિધ્ધ છે.

**આવાસ સુવિધા :–** સાર્વજનીક ધર્મશાળા છે.

**વાહનવ્યવહાર :–**નજદીકનું રેલ્વેસ્ટેશન બેચરાજી ૧૩ કી.મી દુર છે બસો અહીં અવરજવર કરે છે. ચાણસ્મા-૨૫ મહેસાણા- ૨૬ કી.મી અમદાવાદ- ૧૧૦ કી.મી

**માહિતી કેન્દ્ર :–**શ્રી ચિંતામણી પાર્શ્વનાથ ભગવાન જૈન દેરાસર પેઢી પો. મોઢેરા. જિ. મહેસાણા

**કમ્બોઇતીર્થ :–** મૂળનાયક શ્રી મનમોહન પાર્શ્વનાથ ભગવાન. કમ્બોઇ ગામની મધ્યમાં આ તીર્થ આવેલું છે. એક ભેટપત્ર અનુસાર આ ગામ ૧૧મી સદી પૂર્વે વસેલું હશે તેમ મનાય છે. પ્રતિમાની આકૃતિ અને કલા ઉપરથી તેને રાજા સંપ્રતિકાળની માનવામાં આવે છે. મંદિરમાં અન્ય પ્રતિમાઓ ઉપર ૧૬મી સદીના લેખો અંકિત થયેલાં છે. ૧૭મી સદીની પાટણ ચૈત્યપરિપાટીમાં કમ્બોઈ તીર્થનો ઉલ્લેખ છે. વિ.સં. ૧૬૩૮ ની એક ધાતુની પ્રતિમા પર કમ્બોઈ ગામનો ઉલ્લેખ છે. છેલ્લો જીર્ણોદ્ધાર વિ.સં. ૨૦૦૩માં થયો હતો. દર વર્ષે ફાગણસુદ બીજનો મેળો ભરાય છે.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**આવાસ સુવિધા** :– ધર્મશાળા, ભોજનાલયની સુવિધા છે.

**વાહનવ્યવહાર** :–રેલ્વેસ્ટેશન કમ્બોઈ નજદીકમાં ૧ કિ.મી. પર છે. બસો અવરજવર કરે છે. ચાણસ્મા ૧૬ કિ.મી., મહેસાણા ૫૧ કિ.મી.

**માહિતીકેન્દ્ર** :–શ્રી મનમોહન પાર્શ્વનાથ કારખાના પેઢી, કમ્બોઈ. તા. ચાણસ્મા, જિ. મહેસાણા.

**ચાણસ્માતીર્થ** :– મૂળનાયક શ્રી ભટેવા પાર્શ્વનાથ ભગવાન. ધરણેન્દ્ર પદ્માવતી સાથે. ચાણસ્મા ગામની મધ્યમાં એક મહોલ્લામાં આ તીર્થ આવેલું છે. આધારો પરથી જણાય છે કે તીર્થસ્થાનની સ્થાપના વિ.ની ૧૪મી સદી પૂર્વે થઈ હશે.

આ પ્રતિમા અંગે કહેવાય છે કે તે ભાટુઆર ગામમાં ભૂગર્ભમાંથી પેદા થઈ હતી તેથી તેને ભટેવા પાર્શ્વનાથ પણ કહેવામાં આવે છે. રેતીની પ્રતિમા પ્રભાવશાળી છે. મંદિરની કલા સુંદર છે.

**આવાસ સુવિધા** :- ધર્મશાળા છે.

**વાહનવ્યવહાર** :- ચાણસ્મા રેલ્વેસ્ટેશન છે જે મંદિરથી લગભગ ૧ કિ.મી. દૂર છે. બસો અવરજવર કરે છે. મહેસાણા ૩૯ કિ.મી.

**માહિતીકેન્દ્ર** :-શ્રી ચાણસ્મા જૈન સંઘની પેઢી, મોટી વાણીયાવાડ પો. ચાણસ્મા, જિ. મહેસાણા.

**ચારૂપ તીર્થ** :– મૂળનાયક શ્રી શામળા પાર્શ્વનાથ ભગવાન. ચારૂપ ગામની મધ્યમાં આ તીર્થ આવેલું છે. સોલંકી કાળમાં આ નગરમાં અનેક જૈનો વસતા હતા. આ સ્થળનો અને પ્રતિમાનો ઈતિહાસ પ્રાચીન છે. પ્રાચીન કાળમાં શ્રી અષાઢી શ્રાવકે ત્રણ પ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવી હતી તેમાંની આ એક છે.

વિક્રમની નવમી સદીમાં અહીં પાર્શ્વનાથ પ્રભુના પરિકર સ્થાપિત કર્યાનો ઉલ્લેખ છે. પછી અનેકવાર ૧૩મી સદીમાં, ૧૪ મી, ૧૫મી સદીમાં તે ઠેઠ ૧૯મી સદી સુધી અનેક જગ્યાએ આનો ઉલ્લેખ મળી આવે છે. વિશાળ મંદિરનું નિર્માણ કરાવીને વિ.સં. ૧૯૮૪નાં જેઠ સુદ પાંચમના દિવસે પ્રતિમાની પુનપ્રતિષ્ઠા કરવામાં આવી હતી. પ્રભુપ્રતિમા પ્રાચીન શિલ્પકળાનો નમૂનો છે.

**આવાસ સુવિધા** :– ધર્મશાળા, ભોજનશાળા છે.

**વાહનવ્યવહાર** :–ચારૂપ રેલ્વે સ્ટેશન છે. બસો અવરજવર કરે છે. પાટણ ૧૦ કિ.મી મહેસાણા ૭૦ કિ.મી.

**માહિતીકેન્દ્ર** :- શ્રી ચારૂપ જૈન શ્વેતામ્બર શ્રી શામળા પાર્શ્વનાથજી મહાતીર્થ કારખાના પેઢી, ચારૂપ. તા. પાટણ. જિ. મહેસાણા.



For Private and Personal Use Only

**વામજ તીર્થ** : મૂળનાયક શ્રી આદિશ્વર ભગવાન. વામજ ગામની પાસે આ તીર્થ આવેલ છે. જે શેરીસાથી ૬ કિ.મી. દૂર છે.

પ્રભુપ્રતિમાની કલાકૃતિ રાજા સંપ્રતિકાળની લાગે છે. જો કે મૂળ પ્રાચીનતા જાણવી મુશ્કેલ છે. કહેવાય છે કે આ એક સમયે પ્રખ્યાત તીર્થ હતું અને અહીંથી શેરીસા સુધી ભોયરું હતું. વિ.સં ૨૦૦૨ વૈશાખસુદ ૧૩ના દિવસે શ્રી વિજય ઉદયસૂરીશ્વરજીના હસ્તે નવનિર્માણ કરેલા ભવ્ય મંદિરમાં આ પ્રતિમાની પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. આ પ્રતિમાજી ખોદકામ કરતાં મળી આવેલા છે.

**આવાસ સુવિધા** :- ધર્મશાળા છે.

**વાહન વ્યવહાર** :-બસ સુવિધા છે. નજદીકનું રેલ્વેસ્ટેશન કલોલ ૧૬ કિ.મી. છે.

**માહિતી કેન્દ્ર** :-શેઠશ્રી આણંદજી કલ્યાણજી પેઢી, વામજ. જિ. મહેસાણા.

**પાનસર તીર્થ** :-મૂળનાયક શ્રી મહાવીર ભગવાન. પાનસર ગામની પાસે આ તીર્થ આવેલું છે. કહેવાય છે કે ભગવાન મહાવીરની આ પ્રતિમા વિ.સં ૧૯૬૭ શ્રાવણવદ નવમના દિવસે અહીં પ્રગટ થઈ હતી. વિ.સં ૧૯૭૪ વૈશાખ સુદ છઠના દિવસે તેની પ્રતિષ્ઠા કરવામાં આવી હતી.

આ ગામ પૂર્વે પાનાશહેર તરીકે જાણીતું હતું અને મુસ્લીમો ચડી આવ્યા ત્યાં સુધી એક વિશાળ સમૃદ્ધ શહેર તરીકે જાણીતું હતું.

**આવાસ સુવિધા** :-મંદિરના ચોગાનમાં વિશાળ ધર્મશાળા આવેલી છે. ભોજનશાળા પણ છે.

**વાહન વ્યવહાર** :- પાનસર અમદાવાદ - દિલ્હી લાઈન ઉપર રેલ્વેસ્ટેશન છે. એસ.ટી બસો અવરજવર કરે છે. અમદાવાદ ૪૪ કી.મી મહેસાણા ૪૦ કી.મી. કલોલથી ૮ કી.મી. દુર આવેલ છે.

**માહિતી કેન્દ્ર** :-શ્રી મહાવીર સ્વામીજી મહારાજની પેઢી, પાનસર. જિ. મહેસાણા. વાયા કલોલ.

**શેરીસા તીર્થ** :- મુળનાયક શ્રી પાર્શ્વનાથ ભગવાન. શેરીસા ગામની પાસે પૂર્વ દિશામાં આ સ્થળ આવેલું છે.

કહેવાય છે કે શેરીશા એક સમયે સોનપુર નગરીનો એક ભાગ હતો. આજે એ સોનપુર નગરીનું નામ નિશાન નથી છતાં આજે તે અમદાવાદ નજદીકનું ભવ્ય તીર્થ સ્થળ છે.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વીર નિર્વાણની ૧૮મી સદીમાં શ્રી દેવેન્દ્રસિંહજી દ્વારા શ્રી પાર્શ્વનાથ મંદિરની પ્રતિષ્ઠા કર્યા નો ઉલ્લેખ છે. એક લેખ પરથી જણાય છે કે વિક્રમની ૧૩મી સદીમાં મંત્રી વસ્તુ પાળ તેજપાળે પોતાના ભાઇ માલદેવ તથા તેમના પુત્ર પુનસિંહના શ્રેયાર્થે આ શેરીશા મહાતીર્થમાં શ્રી નેમીનાથ પ્રતિમાને પણ પ્રતિષ્ઠિત કરાવી હતી. વિક્રમની ૧૬મી સદી પછી મુસ્લીમોના હાથે આ તીર્થ ખંડિત થયું.

ભોંયરામાંની પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા સુંદર છે. સુંદર કલાકૃતિ ઘણે ઠેકાણે જણાય છે.

**આવાસ સુવિધા :–** ધર્મશાળા તેમજ ભોજનશાળા છે.

**વાહન વ્યવહાર :–** નજદીકનું રેલ્વે સ્ટેશન કલોલ ૮ કી.મી. દૂર છે. અમદાવાદ- ૪૦ મહેસાણા- ૬૦

**માહિતી કેન્દ્ર :–** શેઠ આણંદજી કલ્યાણજી પેઢી,
શેરીસા, વાયા કલોલ જિ. મહેસાણા.

**ભોંયણી તીર્થ** :- મૂળનાયક શ્રી મલ્લિનાથ ભગવાન. ભોંયણી ગામની પાસે જ આ તીર્થ આવેલું છે. એક સમયે આ સ્થળ પદ્માવતી નગરના નામે પ્રસિદ્ધ હતું.

વિ.સં ૧૯૩૦માં અહીંના ખેતરમાંથી આ પ્રતિમા મળી આવેલ. જેની વિ.સં ૧૯૪૩માં પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. દર વર્ષે મહાસુદ દસમના રોજ મેળો ભરાય છે.

**આવાસ સુવિધા :–** ધર્મશાળા તેમજ ભોજનાલયની સગવડ છે.

**વાહનવ્યવહાર :–** ભોંયણી રેલ્વે સ્ટેશન છે. એસ.ટી. બસો અવર-જવર કરે છે. કડીથી ૮ કી.મી. દુર છે. અમદાવાદ - ૪૬ કી.મી. મહેસાણા- ૪૧.

**માહિતી કેન્દ્ર :–** શ્રી મલ્લિનાથ મહારાજ કારખાના પેઢી, પો. ભોંયણી. જિ. મહેસાણા.

**મહુડી તીર્થ** :- શ્રી ઘંટાકર્ણ મહાવીર સ્વામી.

જૈનોનું આ મહત્વનું તીર્થસ્થાન મનાય છે. એક સમયે તે મધુમતી નામથી ઓળખાતું હતું. પ્રાચીનકાળમાં આ ક્ષેત્રને ખડાયત પણ કહેતા હતા.

આ ક્ષેત્રમાં ભુગર્ભમાંથી પ્રાપ્ત થયેલી પ્રતિમાઓ અને કલાત્મક અવશેષો ઉપરથી એમ પ્રતીત થાય છે કે આ તીર્થ ક્ષેત્ર લગભગ ૨૦૦૦ વર્ષ પ્રાચીન હશે અને અહીં અનેક જૈન મંદિરો તેમજ શ્રાવકોનાં ઘરો વસેલાં હશે. અહી ઘુમંટબંધી નૂતન મંદિર વિ.સં. ૧૯૭૩માં બંધાયેલ છે. મૂળનાયક પદ્મપ્રભુસ્વામી. છે.



For Private and Personal Use Only

શ્રી ઘંટાકર્ણ મહાવીરના મંદિરની પ્રતિષ્ઠા વિ.સં ૧૯૮૦માં થયેલી. મંદિરની પાસે ૨૪ દેવકુલિકાઓ, ઘન્ટાકર્ણ મહાવીરનું ભવ્ય મંદિર તથા શ્રી બુધ્ધિસાગર સુરીશ્વરજીનું ગુરુ મંદિર છે જ્યારે ૧.૫ કી.મી દૂર સાબરમતીના કીનારે ખડાત ગામની પાસે કોટીયાર્ક મંદિર આવેલ છે. જેમાં અનેક કલાપૂર્ણ પ્રતિમાઓ અને પ્રાચીન અવશેષો નજરે પડે છે.

દર વર્ષે આસોવદ ચૌદશના દિવસે વાર્ષિક ઉત્સવ ઉજવાય છે. ત્યારે ઘંટાકર્ણ મહાવીરના મંદિરમાં જૈન વિધિથી હવન થાય છે. બાવનવીરોમાં તેઓ ત્રીસમાં છે. અને ચોથા ગુણસ્થાનવાળા દેવ મનાય છે.

**આવાસ સુવિધા**:-મંદિર પાસે વિશાળ ધર્મશાળા અને ભોજનશાળા છે

**વાહનવ્યવહાર** :- નજદીકનું રેલ્વેસ્ટેશન વીજાપુર ૧૦ કી.મી. ને પીલવાઈરોડ ૫ કી.મી. છે. એસ.ટી બસો અવરજવર કરે છે. મહેસાણા- ૫૮ કી.મી અમદાવાદ ૮૦ કી.મી.

**માહિતી કેન્દ્ર** :- શ્રી મહુડી જૈન શ્વેતાંબર કારખાના પેઢી પો. મહુડી તા. વિજાપુર જી. મહેસાણા.

**વીજાપુર તીર્થ**:- વીજાપુર એ જૈન મુનિ શ્રી બુધ્ધિસાગરજીનું જન્મ સ્થાન છે. જૈનોના નવ મંદિરો છે. તે સિવાય મસ્જીદો, પ્રાચીન શાવમંદિર ને વાવ પણ છે.

છઠી સદીમાં વીજાપુર કનકસેનના એક વંશજ વીજાજી દ્વારા સ્થપાયેલા અને ચાવડા વંશના લોકોએ તેની ઉપર રાજ કરેલ છે.

શ્રી બુધ્ધિસાગરજી મહારાજનાં પુસ્તકો અને અન્ય પ્રકાશનો જૈન જ્ઞાન મંદિરમાં વીજાપુરમાં જ રખાયલા છે. તેમની સમાધિ સરકારી ગેસ્ટહાઉસની પાછળ છે. હમૂણાં અહીં ભવ્ય જૈન મંદિર ઘંટાકર્ણ ભગવાનનું મંદિર. ગુરૂમંદિર, દેવીઓના મંદિર ગુરૂપાદુકાઓ વિગેરે વિશાળ સંકુલમાં બનાવ્યા છે.

**આવાસ સુવિધા** :- ધર્મશાળા ભોજનશાળા આવેલી છે.

**વાહનવ્યવહાર** :- વીજાપુર રેલ્વેસ્ટેશન છે. એસ.ટી. બસો અવરજવર કરે છે. અમદાવાદ- ૭૨ કો.મી મહેસાણા- ૪૭ કી.મી.

**તારંગા તીર્થ** :- મૂળનાયક શ્રી અજીતનાથ ભગવાન. જૈનોનું આ મહત્વનું તીર્થ છે. આનું પ્રાચીન નામ ધર્મગ્રંથોમાં તાર ઉર, તારણગઢ, તારાણુગિરિ વગેરે મળે છે. એમ પણ કહેવાય છે, કે તારંગા નામાભિધાન થવાનું કારણુ પર્વત ઉપર આવેલી બૌધ્ધ દેવી તારા માતાનું મંદિર છે.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તારંગા ઉપર ૧૮ શિખરોનો સમૂહ છે જેમાં ઉત્તરે સિધ્ધ શીલા દક્ષિણે કોટીશીલા પૂર્વે મોટીશીલા છે. આ પર્વત દરિયાની સપાટીથી ૨૪૪ મીટરની ઉંચાઈએ છે.

તારંગાનું મુખ્ય મંદિર જૈન મંદિરોમાં ગુજરાત અને રાજસ્થાનમાં મોટું છે. આ તીર્થ વિક્રમની પહેલી સદી પૂર્વેનું મનાય છે. સંવત ૧૨૪૧માં સોમ પ્રભાચાર્ય દ્વારા લખાયેલા કુમારપાલ પ્રતિબોધમાં તારંગાનો ઉલ્લેખ મળી આવે છે. તે મુજબ તારંગા પર્વત પરની બુદ્ધ ભગવાનની પ્રતિમા તારા શરૂઆતના સમયમાં વેલી–વરછરાજ દ્વારા બંધાયેલી હતી. પરિણામે મંદિર અને પર્વત શરૂઆતના સમયમાં તારાપુર તરીકે અને પાછળથી તારંગા તરીકે જાણીતા થયા.

તારંગામા પાંચ શ્વેતાંબર ને પાંચ દિગમ્બર મંદિરો છે. જેમાંનુ મુખ્ય મંદિર અજીતનાથ ભગવાનનું છે. આ વિશાળને ભવ્ય મંદિર અણહિલવાડના કુમારપાળ દ્વારા ૧૨ મી સદીમાં બંધાયેલ. ત્યાર બાદ અવારનવાર તેના જીર્ણોદ્ધારના ઉલ્લેખ છે.

અજીતનાથ ભગવાનની ભવ્ય ૨.૭૫ મીટર ઉંચી પ્રતીમાની નીચે નવગ્રહોની પ્રતિમાઓ છે. અનેક તીર્થંકરોની પ્રતિમાઓ ધરાવતુ ૧૫૦ ફૂટ ઉંચુ, આ ભવ્ય સુંદર સંગેમરમરનું મંદિર છે. તે ૩૦૦ × ૨૦૦ ફૂટપહોળા–લાંબા ચોકની અંદર આવેલું છે. તેમાં ચારમાળનું ૨૭.૫ મીટર ઉંચુ શીખર ભવ્યને કલાત્મક છે. વિશાળ રંગમંડપ ને ચોક છે. મંદિરનું શિલ્પ પ્રાચીન ને રમણીય છે, આમાંનો પથ્થર હિંમતનગર પાસેનો હોય તેમ મનાય છે. મૂળમંદિરમાં અનેકવાર જીર્ણોદ્ધાર દ્વારા ફેરફાર કરાયેલ છે કે વિસ્તૃત કરાયેલ છે છતાં તેનું મૂળસ્વરૂપ જળવાઈ રહેલ છે.

**આવાસ સુવિધા** :– ધર્મશાળા ભોજનાલયની સુંદર સગવડ છે.

**વાહનવ્યવહાર** :– તારંગા હીલ સુધી મંદિરો સુધી બસો અવર જવર કરે છે. તારંગા તળેટી સુધી અમદાવાદથી સીધી રેલ્વે પણ છે. ઉપર જવા બસ સુવિધા છે. અમદાવાદ ૧૪૦ કી. મી. મહેસાણા ૭૨ કી.મી.

**માહિતીકેન્દ્ર** :– શ્રી આણંદજી કલ્યાણજી પેઢી તારંગા, જિ. મહેસાણા

**શંખેશ્વરતીર્થ** :– મૂળનાયક શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાન. જૈનોનું આ એક મહત્વનું અને પ્રખ્યાત તીર્થ છે. આ તીર્થ સ્થળ ચમત્કારીક હોવાની અનેક દંતકથાઓ છે. પ્રાચીન ગ્રંથોમાં આ ગામ શંખપુર નામે જાણીતુ છે. એક દંતકથા અનુસાર



For Private and Personal Use Only

મહાભારતના શ્રીકૃષ્ણને જરાસંઘના યુદ્ધ સમયે શ્રીકૃષ્ણે વિજયનો શંખ અહીં વગાડયો હતો. આ તીર્થનો ઐતિહાસિક કાળ વિ.સં ૧૧૫૫થી શરૂ થયો ગણાય. કેમકે તીર્થનો પ્રથમ જીર્ણોદ્ધાર એ કાળમાં સિદ્ધરાજ જયસિંહના મહામંત્રી સજ્જન શેઠે કરાવ્યો. તે પછી મહામંત્રી વસ્તુપાળ તેજપાળ અને અન્ય લોકોએ પણ તેનો જીર્ણોદ્ધાર કરાવ્યાનાં ઉલ્લેખો છે. ત્યાર બાદ ૧૪ મી સદીમાં અલાઉદ્દીન ખીલજીના આક્રમણોથી આ તીર્થનો સંપૂર્ણ નાશ થયેલ. પરંતુ પ્રતિમા ભોંયરામાં રાખી સુરક્ષિત રાખવામાં આવી હતી. આ તીર્થનું હાલનું વિશાળ જિનાલય વિ.સં ૧૭૬૦ આસપાસ બનાવાયેલ હોવાનું ને તેની પ્રતિષ્ઠિા વિજય પ્રભૂસુરીજી મહારાજના વરદ હસ્તે થયાના ઉલ્લેખ મળે છે.

દર વર્ષે ચૈત્ર પૂનમ, કાર્તિકી પૂનમ અને માગશર વદ દશમના દિવસે મેળો ભરાય છે ત્યારે અસંખ્ય યાત્રાળુઓ પ્રભુપૂજા કરે છે.

**આવાસ સુવિધા:-** વિશાળ ધર્મશાળા અને ભોજનાલય ઉપલબ્ધ છે.

**વાહનવ્યવહાર :-** નજદીકનું રેલ્વેસ્ટેશન હારીજ ૮ કી.મી છે. એસ.ટી બસો અવરજવર કરે છે. અમદાવાદ– ૧૨૦ કી.મી મહેસાણા-૭૨ કી.મી વિરમગામ– ૬૦ કી.મી

**માહિતીકેન્દ્ર :-** શેઠ જીવનદાસ ગોડીદાસના કારખાના- શંખેશ્વર જિ. મહેસાણા

**પાટણ તીર્થ ;–** મૂળનાયક શ્રી પંચાસરા પાર્શ્વનાથ. ૮મી અને ૧૪મી સદીની વચ્ચે લગભગ ૬૦૦ વર્ષ માટે પાટણ ગુજરાતની રાજધાની હતું. સોલંકી કાળમાં તે સમૃધ્ધિની ટોચે પહોંચેલ. પૂર્વે તેમજ હાલમાં પણ તે અણહિલવાડ કે અણહીલપુર તરીકે જાણીતું છે. ઈ.સ ૭૪૬માં વનરાજચાવડાએ આ નગરીની સ્થાપના કરી હતી.

પાટણનાં વિશાળ સુંદર જૈન મંદિરો વિશ્વવિખ્યાત છે. હાલમાં પણ લગભગ ૧૦૦ જેટલા મંદિરો છે. જેમાં પંચાસરા પાર્શ્વનાથનું મંદિર સૌથી મોટું છે તે સિવાય પણ નિમેશ્વર, નેમીનાથ, શાંતિનાથ ને ગૌતમ સ્વામીનાં સુંદર મંદિરો પ્રખ્યાત છે.

આ મંદિરો વનરાજ ચાવડાએ કરેલી શરૂઆત પછી સોલંકી ને કુમારપાળના રાજ્ય દરમ્યાન પણ બંધાતા ગયા. પરંતુ વિ.સં. ૧૩૫૩થી ૫૬ દરમ્યાન અલાઉદ્દીન ના હાથે અનેક મંદિરો અને નગરોનો નાશ થયેલ.

પં. શ્રી કલ્યાણજી વિજયજી દ્વારા કરાયેલી શોધ અનુસાર વિ.સં ૧૩૭૦ આસપાસ ફરી નવું પાટણ વસ્યું અને અનેક મંદિરોના નિર્માણ થયા વિ.સ ૧૪૧૭થી ૧૪૨૨ સુંધીમાં અનેક જૈન મંદિરોની પ્રતિષ્ઠાનો ઉલ્લેખ છે. વિ.સં ૧૭૨૯માં શ્રી હર્ષવિજયજી



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દ્વારા રચેલા 'ચૈત્ય પરિપાટી'' માં ૯૫ મોટા મંદિરો અને ૫૦૦ નાનાં દેરાસરો બતાવેલાં છે.

પાટણની શૂરતા, પવિત્રતા ને જાહોજલાલી ઇતિહાસમાં પ્રસિધ્ધ છે. અહીં જૈન શ્રાવકો, ધનિકો, મંત્રીઓ અને રાજવીઓ પણ અનેક થઈ ગયાં જેમણે જૈન સાહિત્ય કળા સંસ્કૃતિને પણ મંદિરોની સાથે સાથે વિકસાવી. વિદ્વાન શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજનું જ્ઞાનમંદિર આજે પણ અહીં છે. અહીંના વસ્તુપાળે આબુ ઉપર વિશ્વવિખ્યાત મંદિરો બનાવ્યા છે.

હાલ એક અંદાજ પ્રમાણે અહીં ૮૪ મોટાં અને ૧૩૪ અન્ય નાનાં દેરાસરો છે. આ પ્રાચીન મંદિરોની કલા સુંદર છે. અને દેશ વિદેશના પ્રવાસીઓને આકર્ષે છે.

આ સિવાય પાટણમાં સહસ્ત્રલીંગ તળાવ ને રાણકીવાવની શીલ્પકળા જોવાલાયક છે. પાટણનાં પટોળાં ને કોતરણીકામ વિખ્યાત છે. હેમચંદ્રાચાર્યના જ્ઞાનમંદિરમાં તાડપત્ર પર લખેલા સંખ્યાબંધ લખાણો, જૈન ગ્રંથો, અન્ય હસ્તપત્રો, સંસ્કૃતને પ્રાકૃતમાં લખાયેલ તત્ત્વજ્ઞાન ને ધર્મસાહિત્ય છે.

**આવાસ સુવિધા:-** ધર્મશાળાઓ, ભોજનાલયો છે. લોજ, સરકારી ગેસ્ટહાઉસ વગેરે પણ છે.

**વાહનવ્યવહાર :-** પાટણ રેલ્વે સ્ટેશન છે. એસ.ટી બસો અવરજવર કરે છે. અમદાવાદ- ૧૩૦ કી.મી. મહેસાણા-૫૨

**માહિતીકેન્દ્ર :-** શ્રી પંચાસરા પાર્શ્વનાથ જૈન દેરાસર ટ્રસ્ટ હેમચંદ્રાચાર્ય રોડ, પાટણ. જિ. મહેસાણા.

**મહેસાણા તીર્થ** :- મૂળનાયક શ્રી સીમંધરસ્વામી. આ તીર્થ સ્થાન અમદાવાદ–મહેસાણા હાઈવે ઉપર મહેસાણા ગામની બહાર આવેલું છે. સીમંધરસ્વામીનું તાજેતરમાં બંધાયેલ ભવ્ય મંદિર અનેકોને આકર્ષે છે. આ મંદિર અર્વાચીન હોવા છતાં તેમાં સુંદર કલાકૃતિ કરવામાં આવેલ છે. પ્રતિમા ભવ્ય ને વિશાળ છે.

વિક્રમની ૧૨ મી સદીમાં વસેલું હોવાનું મનાતું આ શહેર છે. જેમાં ૧૫ મી સદી પૂર્વેના મંદિરો હોવાની શકયતા ગણવામાં આવે છે. બજારમાં સૌથી મોટું શ્રી મનમોહન પાર્શ્વનાથ ભગવાનનું મંદિર છે. અન્ય મંદિરો ને જૈન સંસ્થાઓ પણ શહેરમાં છે.

**આવાસ સુવિધા :-**સીમંધરસ્વામીના મંદિર પાસે હાઇવે ઉપર વિશાળ ધર્મશાળા ને ભોજનાલયની સગવડ છે. શહેરમાં પણ અન્ય લોજ,



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ધર્મશાળાઓ, ગેસ્ટહાઉસ છે.

**વાહનવ્યવહાર** :- મહેસાણા રેલ્વેમથક છે. એસ. ટી. બસો અવરજવર કરે છે. અમદાવાદ, ૭૬ કી.મી

**માહિતી કેન્દ્ર** :- શ્રી સીમંધરસ્વામી જૈન મંદિર પેઢી, નેશનલ હાઈવે, મહેસાણા.

## સાબરકાંઠા જિલ્લો :—

**ખેડબ્રહ્મા તીર્થ** :- મૂળનાયક શ્રી મહાવીર ભગવાન. પ્રાચીન સમયમાં આ તીર્થનું નામ બ્રહ્મપુર, તુલમેટ, અગ્નિમેટ, હિરણપુર વગેરે હતું, એવો ઉલ્લેખ પદ્મપુરાણમાં છે. કે.ઇ સમયે અહીં અનેક દિગંબર મંદિરો હોવાનો ઉલ્લેખ પણ છે.

હાલનું મંદિર ૫૦૦ વર્ષ પુરાણું જણાય છે. અંબાજીના તીર્થધામ તરીકે પણ આ સ્થળ પ્રચલીત છે. તીર્થધામનો અનેકવાર જીર્ણોદ્ધાર થયેલ જણાય છે.

**આવાસ સુવિધા** :- ધર્મશાળા વગેરે સગવડ છે.

**વાહનવ્યવહાર** :- રેલ્વેમથક છે. એસ.ટી બસો અવરજવર કરે છે, અમદાવાદ. ૧૩૨ કી.મી.

**માહિતીકેન્દ્ર** :- શ્રી દશાપારવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક પંચ મહાજન પો. ખેડબ્રહ્મા જિ. સાબરકાંઠા.

**વડાલી તીર્થ** :- મૂળનાયક શ્રી અમીઝરા પાર્શ્વનાથ ભગવાન. વડાલી ગામમાં આ સ્થાન આવેલું છે. પાર્શ્વનાથ ભગવાનનું આ મંદિર ૧૨ મી સદી પૂર્વેનું માનવામાં આવે છે. કહેવાય છે કે આ પ્રતિમામાંથી એક સમયે અસીમ માત્રામાં અમી ઝરેલ હોવાના કારણે તેને અમીઝરા પાર્શ્વનાથ કહેવામાં આવ્યા. અન્ય બે મંદિરો શાંતિનાથ ભગવાનનું તેમજ આદિનાથ ભગવાનનું છે. જે પણ ૧૨ મી સદી પૂર્વેનાં માનવામાં આવે છે.

બધી જ પ્રતિમાઓ ને મંદિર કલાત્મક ને પ્રાચીન જણાય છે.

**આવાસ સુવિધા** :- ધર્મશાળા છે.

**વાહનવ્યવહાર** :- વડાલી રેલ્વેસ્ટેશન છે. એસ.ટી. બસો અવરજવર કરે છે. હિંમતનગર. ૪૪ કી.મી. ઇડર ૧૪ કી.મી.

**માહિતીકેન્દ્ર** :- શ્રી વડાલી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ. પો. વડાલી. જિ. સાબરકાંઠા.



For Private and Personal Use Only

**ઈડર તીર્થ** :- મૂળનાયક શ્રી શાંતિનાથ ભગવાન. ઈડર ગામથી ૧ કીમી. દુર ઈડરગઢની તળેટીથા ૧.૬ કિ.મી ની ઉંચાઈએ પ્રાચીન રમણીય વનયુકત પહાડોની વચ્ચે આ સ્થાન આવેલું છે.

ઈડર એક સમયે ઈલાદુર્ગ, ઈટાદર, ઈલપ્રદ વગેરે નામોથી પ્રાચીન સમયમાં ઓળખાતું હતું. અહીંના ઉપલબ્ધ ઇતિહાસ ઉપરથી એમ જણાય છે કે એક સમય આ ઘણી વિરાટ ને સમૃધ્ધ નગરી હતી જ્યાં અનેક ધનિકો, આચાર્યો વગેરે રહેતા હતા જેમણે ધર્મ પ્રભાવના અને જનકલ્યાણના અનેક કાર્યો કર્યા.

ભગવાન મહાવીરનાં ૨૮૫ વર્ષો બાદ શ્રી સંપ્રતિરાજાએ શ્રી શાન્તિનાથ ભગવાનની પ્રતિષ્ઠા કરાવી હોવાનો ઉલ્લેખ મળી આવે છે, અને ત્યાર બાદ અનેક વાર જીર્ણોદ્ધાર થયાનાં ઉલ્લેખ છે. અંતિમ જીર્ણોદ્ધાર વિ.સં ૧૯૭૦માં થયો ત્યારે આચાર્ય શ્રી લબ્ધિસૂરીશ્વરજીના સુહસ્તે પ્રતિષ્ઠા કરવામાં આવી. બીજા મંદિરો સિવાય પહાડ પર એક દિગમ્બર મંદિર છે. ગામમાં શ્વેતાંબર અને દિગંબર મંદિરો છે. ટેકરી પર શ્રીમદ રાજચંદ્રજીનો વિહાર મંદિર છે, જ્યારે બીજી ટેકરી પર શ્રી ચન્દ્રપ્રભુ ભગવાનની દેરી છે.

ઈડરમાં અન્ય પ્રાચીન અવશેષો જોવાલાયક છે.

**આવાસ સુવિધા** :- ધર્મશાળા, ભોજનશાળા ગામમાં છે.

**વાહનવ્યવહાર** :- ઈડર પર્વત પર ૬૦૦ જેટલાં પગથિયાં છે. તળેટી સુધી વાહન જઈ શકે છે. પર્વત ને મંદિરો માટે પગથિયાં ચડવા પડે છે. ઈડરગામ રેલ્વે સ્ટેશન છે. બસો અવરજવર કરે છે, અમદાવાદ-૧૧૮ કી.મી. હિંમતનગર ૨૪ કી.મી.

**માહિતીકેન્દ્ર** :- શેઠ આણંદજી મંગલજીની પેઢી, કોઠારીવાડ, ઈડર. જિ. સાબરકાંઠા

**મોટાપોસીના તીર્થ** :- મૂળનાયક શ્રી વિઘ્નહરા પાર્શ્વનાથ ભગવાન. મોટાપોસીના ગામમાં આ તીર્થ આવેલું છે. લોક વાયકા એવી છે કે વિ. ની ૧૩ મી સદીમાં આ પ્રતિમા અહીં એક મોટા વૃક્ષની નીચે ભૂગર્ભમાંથી પ્રગટ થઇ હતી. જેને શ્રી કુમારપાળ રાજાએ મંદિરનું નિર્માણ કરાવી પ્રતિષ્ઠિત કરાવી હતી. ત્યારબાદ તેના વારંવાર જીર્ણોદ્ધાર થવાનાં ઉલ્લેખો છે. આ પ્રાચીન તીર્થસ્થળ છે. દર વર્ષે જેઠવદ ૧૧ના ધજા ચઢાવવામાં આવે છે. ત્યારે અનેક યાત્રીઓ આવે છે, જૈનેતર ભાવિકો પણ આવે છે. નજદીકમાં અન્ય બે-ત્રણ મંદિરો પણ છે. બધાજ મંદિરોની પ્રતિમાઓ કલાત્મક ને પ્રાચીન છે.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**આવાસ સુવિધા** :-, ધર્મશાળા ઉપલબ્ધ છે.

**વાહનવ્યવહાર** :- બસો અવરજવર કરે છે. નજદીકનું રેલ્વેમથક ખેડબ્રહ્મા ૪૦ કી.માં છે.

**માહિતીકેન્દ્ર** :- શ્રી મોટા પોસીનાજી જૈન સંઘ પેઢી. પો. મોટા પોસીના- ખેડબ્રહ્મા. જિ. સાબરકાંઠા.

## પંચમહાલ જિલ્લો :-

**પાવાગઢ તીર્થ** :- મૂળનાયક શ્રી પાર્શ્વનાથ ભગવાન. આ સ્થાન ચાંપાનેર ગામની નજદીક ૯૪૫ મીટર ઉંચા પાવાગઢ પર્વત પર આવેલ છે. પર્વત ઉપર અર્ધરસ્તે માંચી સુધી વાહન જાય છે.

આ સ્થાન અતિપ્રાચીન ને પવિત્ર મનાય છે. જૈનેતર, મુસ્લિમ ને, હીંદુ તીર્થ પણ અહીંજ છે. આજે અહીં શ્વેતાંબર મંદિરો નથી એક કાળે હતા તેમ મનાય છે. મુસ્લિમ સુલતાન મહમદબેગડાના સમયમાં તીર્થનો લગભગ નાશ થયેલ. હાલમાં દિગંબર મંદિરો છે. તેમજ વિખ્યાત મહાકાળીનું મંદિર છે.

અહીં અનેક મુનિવરોએ મોક્ષ મેળવ્યાનો ઉલ્લેખ 'નિર્વાણકાંડ' માં છે. એટલે આ સિધ્ધક્ષેત્ર માનવામાં આવે છે.

**આવાસ સુવિધા** :- માંચી ઉપર ૧૪૦ ફૂટ પર તોરણ વિહારધામમાં ધર્મશાળા, ભોજનાલય વગેરે સગવડ છે.
તળેટીમાં નીચે દિગંબર ધર્મશાળા પણ છે.

**વાહનવ્યવહાર** :- પાવાગઢ માંચીસુધી બસ વાહનો અવરજવર કરે છે. ત્યાંથી ઉપર જવા કાચો રસ્તો ને પગથિયાં છે. જે લગભગ અહીંથી ૧૩૦૦ ફીટ ઉપર છે.

તળેટીમાં પાવાગઢ રેલ્વે સ્ટેશન છે. અમદાવાદ- ૧૬૬ કી.મી. વડોદરા-૫૩ કી.મી.

**માહિતીકેન્દ્ર** :- શ્રી દિગંબર જૈન સિધ્ધક્ષેત્ર કોઠી. પાવાગઢ. જિ. પંચમહાલ.

**પારોલી તીર્થ** :- મૂળનાયક શ્રી નેમીનાથ ભગવાન. આ સ્થળનો પ્રતિહાસ અતિ પ્રાચીન મનાય છે.

આ પ્રતિમાની ચમત્કારીક રીતે સ્થાપના થયેલ હોવાથી તેને 'સાચા-દેવ શ્રી નેમીનાથ' પણ કહે છે. ઘણા જૈનેતર ભકતો પણ આવે છે. કહેવાય છે કે વિ.સં. ૧૫૪૦માં સુલતાન મહમદબેગડાના સમયમાં આ પ્રતિમા ધનેશ્વર ગામમાં હતી. ભકતોએ આક્રમણના ભયથી પ્રતિમાજીને નદીમાં સુરક્ષીત રાખી હતી. વર્ષો બાદ એક શ્રાવકને



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સ્વપ્નમાં આનો સંકેત મળવાથી પ્રભુપ્રતિમા શોધ કરતાં પ્રગટ થઈ. ત્યારબાદ વેજલપુર અને અન્ય ગ્રામવાસીઓએ મૂર્તિને પોત-પોતાના ગામમાં લાવવાનો આગ્રહ કરતાં એવું નક્કી થયું કે પ્રતિમાજીને બળદગાડામાં બિરાજીત કરી તેને ફેરવવી અને તે જ્યાં જઈને અટકે ત્યાં મંદિર બનાવવું. આમ આ બળદગાડી પારોલી ગામની આ જગ્યા ઉપર અટકતાં અહીં મંદિરનું નિર્માણ કરવામાં આવ્યું ને પ્રતિમાજીની પ્રતિષ્ઠા કરાઈ.

**આવાસ સુવિધા** :- ધર્મશાળા, ભોજનશાળા છે.

**વાહનવ્યવહાર** :- ગોધરા વડોદરા થી સીધી બસો મળી રહે છે. નજદીકનું રેલ્વેસ્ટેશન વેજલપુર, ૧૬ કી.મી. છે.

**માહિતીકેન્દ્ર** :- શ્રી પારોલી જૈન તીર્થ કમિટિ પો. પારોલી. વાયા વેજલપુર. જિ. પંચમહાલ.

ઓફીસ : ૩૮૧૪૩૧ ઘર : ૪૬૦૫૬૪

# અજીત કોર્પોરેશન

૨૫૩૪, દેવશાનો પાડો, મોરવાડો, રીલીફ રોડ,
અમદાવાદ-૩૮૦ ૦૦૧.

**પાવરલુમ્સ, સ્પેર પાર્ટસ, મીલજીન સ્ટોર્સના વેપારી**



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિભાગ–૩

# ભારતનાં અન્ય જૈન તીર્થધામો

**અચલગઢ તીર્થ**– તીર્થાધિરાજ–શ્રી આદીશ્વર ભગવાન- **(રાજસ્થાન)**

અરવલ્લીની ટેકરીઓમાં અર્બુદાચલ પર્વતના ઉંચામાં ઉંચા શિખર પર રાણા કુંભાએ બનાવેલાં કિલ્લામાં આ સ્થાન આવેલ છે. અચલગઢ પણ અર્બુદાગિરિનો એક ભાગ હોવાથી એની પ્રાચીનતા પણ આબુ જેટલી જ છે. પહાડના ઉંચા શિખર ઉપર શ્રી આદિનાથ ભગવાનનું જગવિખ્યાત ચૌમુખી મંદિર ને પ્રતિમા વિ.સં. ૧૫૬૬ ના દિવસે પ્રતિષ્ઠત કરેલ છે. આ સિવાય અન્ય ત્રણ મંદિરો શ્રી આદિનાથ, શ્રી શાંતિનાથ અને શ્રી કુંથુનાથ ભગવાનનાં છે.

**વાહનવ્યવહાર** :–નજદીકનું રેલ્વેસ્ટેશન આબુરોડ ૩૭ કી.મી. છે. આબુરોડથી અહીં સુધી આવવા બસો અને ટેક્ષીઓ મળી રહે છે. અચલગઢની તળેટીથી મંદિરનું ચઢાણ ૪૦૦ મીટર છે. ડોલીની વ્યવસ્થા છે. માઉન્ટ આબુથી ૬ કી.મી. ને દેલવાડાથી ૪ કી.મી. દૂર છે.

**આવાસ સુવિધા** :–મંદિર પાસે રહેવા માટે ધર્મશાળા છે. આબુમાં રહેવાની અન્ય વ્યવસ્થા–હોટલો છે.

**માહિતીકેન્દ્ર** :– શ્રી અચલસીજી અમરસીજી જૈન શ્વેતાંબર પેઢી. અચલગઢ. માઉન્ટ આબુ, રાજસ્થાન

**દેલવાડા (આબુતીર્થ)** (રાજસ્થાન) તિર્થાધિરાજશ્રી આદિશ્વર ભગવાન. સમુદ્ર સપાટીથી ૧૨૨૦ મીટર ઉંચે પર્વતની ગોદમાં આ રમણીય ગિરિનગર ઉપર સુંદર કલાત્મક કોતરણીવાળા ભવ્ય સંગેમરમરનાં પ્રસિદ્ધ દેરાસરો આવેલા છે. આ તીર્થ મહત્ત્વનું છે અને અનેક પ્રવાસીઓને પણ તેની કોતરણી આકર્ષે છે.

કહેવાય છે કે શ્રી ભરત ચક્રવર્તીએ શ્રી આદિનાથ ભગવાનનું અહીં મંદિર બનાવી ચતુર્મુખ પ્રતિમાને પ્રતિષ્ઠિત કરાવી હતી. જૈન શાસ્ત્રોમાં આને અર્બુદાચલ તથા અર્બુદગિરિ કહે છે. અહીં સહુથી પ્રાચીન મંદિર મંત્રીશ્રી વિમલશાહ દ્વારા વિક્રમની ૧૧મી સદીમાં નિર્મિત થયું. આ પહેલાનાં જૈન મંદિરોની માહિતી મળતી નથી. વિ.સં. ૧૦૮૮માં શ્રી વિમલશાહે અઢાર કરોડ ત્રેપનલાખ રૂપીયા ખર્ચીને મંદિરોનું નિર્માણ કરાવ્યું. આ મંદિરને વિમલ



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વસહી કહે છે. વિમલવસહીની સામેનું મંદિર લાવણ્યવસહી કહેવાય છે. અન્ય પીતલહર મંદિર અને બીજું ચરવલ્લવસહી મંદિર છે. આબુનાં દેલવાડાનાં મંદિરોની શિલ્પકલા વિશ્વભરમાં અજોડ છે. વિમલવસહી અને લાવણ્યવસહીના નિર્માતા મંત્રી શ્રી વિમલ શાહ ને વસ્તુપાળ તેજપાળ છે.

આ બંને મંદિરોની શિલ્પકૃતિઓ બેજોડ અનુપમ ને અત્યંત પ્રભાવશાળી છે. મંદિરની છતો, થાંભલા, ગુંબજો, દરવાજાઓ, સ્તંભો તોરણો ને દિવાલો સુંદરતમ, ઉચ્ચ નકશીકામના નમૂનાઓ છે.

આબુ સહેલાણીઓનું વિહાર કેન્દ્ર છે અને અનેક રમણીય સ્થાનો અહીં છે.

**વાહનવ્યવહાર**:—આબુરોડ રેલ્વેસ્ટેશન છે. જે ૩૪ કી.મી. છે, ત્યાંથી બસો, ટેકસીઓ મળી રહે છે. આબુથી દેલવાડા ર કી.મી. છે. પ્રર્યટકોનો સમય ૧૨ થી ૬ નો છે.

**આવાસ સુવિધા** :—અનેક હોટલો, ધર્મશાળાઓ છે. રાજસ્થાન પ્રવાસી બંગલો, ગુજરાતભવન વગેરે પણ છે.

**માહિતીકેન્દ્ર** :— કલ્યાણજી પરમાનંદજી પેઢી— દેલવાડા જૈન મંદિર, પો. ઓ. મા. આબુ ૩૦૭૫૦૧ જિ. શીરોહી.

**રાણકપુર તીર્થ**— (રાજસ્થાન) તિર્થાધિરાજ શ્રી આદીશ્વર ભગવાન.રાજસ્થાનમાં ઉદેપુરથી ૮૦ કી.મી દુર અરવલ્લી ગિરિમાળામાં નાની ટેકરીઓમાં કુદરતી સૌંદર્યમય વાતાવરણ વચ્ચે આવેલાં આ રાણકપુરના મંદિરો તેની ઉત્કૃષ્ટ કલાકારીગરી અને કોતરણી માટે જગવિખ્યાત છે. તેનું સમગ્ર સ્થાપત્ય દેશવિદેશનાં અનેક પ્રવાસીઓને આકર્ષે છે. અહીં ત્રણ અત્યંત સુંદર કલાકારીગરીથી ભરપૂર મંદિરો છે. તીર્થના નિર્માણનું મુખ્ય શ્રેય અચાર્ય શ્રી સોમસુંદર સૂરીશ્વરજીનું છે. શિલ્પકાર શ્રી દેવાએ ભારતીય શિલ્પકલાનો એક શ્રેષ્ઠ નમૂનો વિશ્વની સમક્ષ પ્રસ્તુત કર્યો છે. આ સિવાય નેમીનાથ ભગવાન, પાર્શ્વનાથ ભગવાન, તથા સૂર્ય મંદિર છે. વિશાળ સપ્રમાણ બાંધણીના મંદિરના ચાર દ્વારો છે. ભગવાન આદિનાથની ૭૨ ઈંચ ઉંચી ચાર દિશાઓમાં ચાર પ્રતિમાઓ બીરાજમાન છે. મંદિરની અદ્વિતિય વિશેષતા તેની વિપુલ સ્તંભાવલી છે. કુલ ૧૪૪૪ સ્તંભો દર્શાવેલા છે. જે તમામ સુંદર કોતરણીથી ભરપૂર છે. દરેક સ્તંભથી ભગવાનની મૂર્તિના દર્શન થાય છે.

**વાહનવ્યવહાર** :— નજદીકનું રેલ્વેસ્ટેશન ફાલના લગભગ ૨૨ કીલો-મીટર દુર છે. નજદીકનુ મોટું ગામ સાદડી ૮ કીલોમીટર છે. ત્યાંથી બસો અને ટેક્સીઓ મળે છે. હવાઈમથક ઉદેપુર. ૮૦ કીમી.



For Private and Personal Use Only

**આવાસ સુવિધા:**– વિશાળ ધર્મશાળામાં તમામ સુવિધાઓ છે. રાજસ્થાન પ્રવાસી બંગલો છે. કેન્ટીન તથા ભોજનશાળાની સગવડ છે.
**માહિતીકેન્દ્ર** :– આણંદજી કલ્યાણજીની પેઢી. રાણકપુર. પો. સાદડી, પીન ૩૦૬૭૦૨ રેસ્ટેશન ફાલના, રાજસ્થાન.

**સમેતશીખરજી તીર્થ** :–(બિહાર) તીર્થાધિરાજ શ્રી શામળીયા પાર્શ્વનાથ ભગવાન.

બિહાર રાજ્યમાં સમુદ્ર સપાટીથી ૪૪૭૯ ફુટ ઉંચે સમેતશિખર પહાડ ઉપર આ તીર્થ આવેલું છે. આ સર્વોપરી તીર્થ સમેતશૈલ સમેતાચલ, સમેતગિરિ, સમેતશિખરિ, સમાધિગિરિ, આદિનામોથી પણ ઓળખવામાં આવતું હતું. હાલ સમેતશિખર અને પારસનાથ પહાડના નામે ઓળખાય છે.

પૂર્વ ચોવીસીઓના કેટલાયે તીર્થંકરો આ પાર્શ્વભૂમિમાં મોક્ષ પામ્યા છે. વર્તમાન ચોવીસીના વીસ તીર્થંકરો આ પ.વન–ભૂમિમાં અનેક મુનિઓ સાથે તપશ્ચર્યા કરી મોક્ષ પામ્યાં છે. સંવત ૧૭૭૦ સુધી પહાડ પર જવાના ત્રણ રસ્તા હતા. પશ્ચિમથી આવતા યાત્રીઓ પટના, નવાદા, ખડગદિહા થઈ, દક્ષિણ પૂર્વમાંથી આવતા યાત્રીઓ માનપુર, જૈપુર, નવાગઢ, પાલગંજ થઈને અને ત્રીજા મધુબન થઈને આવતા હતા.

કહેવાય છે કે પાલગંજ અહીંની તળેટી હતી. યાત્રીઓને પહેલાં પાલગંજ જઈ ત્યાંના રાજાને મળવું પડતું હતું. રાજાના સિપાઈઓ યાત્રીઓની સાથે રહી દર્શન કરાવતા હતા. જોકે એ સમયે પહાડ ઉપર શી સ્થિતિ હતી એનું કોઈ ખુલ્લું વર્ણન મળતું નથી.

સમેતશિખરનો જીર્ણોદ્ધાર કરવાની જગતશેઠની પ્રબળ ઈચ્છા હતી એવો ઉલ્લેખ મળે છે. ખુશાલચંદ શેઠ ૨૦ તીર્થંકરોના નિર્વાણ સ્થાનોની પ્રમાણિકતા પ્રાપ્ત કરી એ ઉપર ચિહનીકાઓ બનાવવાનો પ્રયત્ન કરતા હતા. આ ઈચ્છાથી જગતશેઠ હાથી પર બેસીને મુર્શીદાબાદથી આવતા જતા હતા. પરંતુ સ્થળોનો કોઈ નિર્ણય થઈ શકતો નહોતો. આથી જણાય છે કે જૂના મંદિરો અથવા ટુંકોના ચિંહનો કાળની ગતિથી સ્થાનાંતર થયા હશે અથવા નાશ પામ્યા હશે. પંડીત દેવવિજયજીની પ્રેરણાથી જગતશેઠે અઠ્ઠમે તપ કરી પદ્માવતીદેવીની ઉપાસના કરી. દેવીએ સ્વપ્નમાં પ્રત્યક્ષ હાજર થઈ કહ્યું કે પહાડ ઉપર જયાં જયાં કેસરનાં સ્વસ્તિક ચિહ્નો બને એ જ મૂળસ્થાન માનવામાં આવે અને સ્વસ્તિક સંખ્યા અનુસાર તીર્થંકરોના નિર્વાણસ્થાન સમજી ચોતરા સ્તૂપ અને ચરણપાદુકા-



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઓનું નિર્માણ કરો. આમ દૈવિક શક્તિથી ૨૦ નિર્વાણસ્થાન નિશ્ચિત થયાં, જ્યાં ચબૂતરા બનાવવામાં આવ્યા અને દેરીઓ બનાવી.

એ જ સમયે પહાડ પર જલમંદિર, મધુવનમાં સાતમંદિર ધર્મશાળા અને પહાડના ક્ષેત્રપાલ શ્રી ભોમિયાજીનું મંદિર આદિ બનાવવામાં આવ્યાં. આ તીર્થનો ૨૧ મો જીર્ણોદ્ધાર માનવામાં આવે છે. વિ.સં. ૧૯૨૫ થી ૧૯૩૩ દરમ્યાન બાવીસમો ઉદ્ધાર કરવામાં આવ્યો. આ સમયે શ્રી આદિનાથ, શ્રી વાસુપૂજ્ય ભગવાન, શ્રી નેમીનાથ ભગવાન, શ્રી મહાવીર ભગવાન વિગેરેની નવી દેરીઓનું નિર્માણ થયું. મધુવનમાં પણ કેટલાક નવા જીનાલયો બન્યા.

આ પહાડ જગતશેઠને ભેટરૂપે મળ્યો હતો. ત્યાંથી પાલગંજના રાજાને આપી દેવાયો. ૧૯૦૫–૧૯૧૦માં તેમણે તેને અમદાવાદની આણંદજી– કલ્યાણજી પેઢીને વેચી દીધો. સમેતશીખરની ૩૧ દેરીઓ, જલમંદિર, ગંધર્વનાલાની ધર્મશાળા, મધુબનની જૈન શ્વેતાંબર કોઠી તથા મધુબનનાં બધા શ્વેતાંબર જૈનમંદિર ભોમિયાજીનું મંદિર અને ધર્મશાળાઓની વ્યવસ્થા મધુવન પેઢી દ્વારા થાય છે.

આ તીર્થનો મહિમા જેટલો વર્ણન કરીએ એટલો ઓછો છે. અહીંની યાત્રા માનવનાં સંકટ હરનારા, પુણ્યો પાર્જનકારી અને પાપ વિનાશકારી મનાય છે.

સવારે ચાર–પાંચ વાગ્યે યાત્રરંભ કરતાં શ્રી ભોમિયાજીના મંદિરથી થોડે દૂર જતાંજ પહાડનું ચઢાણ શરૂ થઈ જાય છે. ૬ માઈલનું ચઢાણ ૬ માઇલ પરિભ્રમણ ને ૬ માઇલ ઉત્તરાણું મળી ૧૮– માઈલનો રસ્તો પાર કરવાનો રહે છે. એક તરફ ગૌતમ–સ્વામીજીની ટુંક થઇ જલમંદિર જવાય છે ને જમણા હાથે ડાકબંગલા થઈ શ્રી પાર્શ્વનાથની ટુંકે પહોચાય છે. આ બન્ને માર્ગો લાંબા છે, તેમજ કઠણુ પણ છે. ચઢાણ વખતે જલમંદિર અને પાછા ફરતાં પાર્શ્વનાથ ટૂંક થઈ ને જવું અનુકૂળ પડે છે.

જલમંદિરના માર્ગમાં આગળ જતાં તીર્થંકર ભગવાનોના નિર્વાણ સ્થાનો પર નિર્મિત ટુંકોના દર્શન થાય છે. જુદી જુદી ૩૧ ટુંકો જુદા જુદા તીર્થંકરોની છે. જેઓ ત્યાંથી મોક્ષે સીધાવ્યા હતા.

મધુવનમાં સુંદર મંદિર સમૂહ છે. દર વર્ષે માગશરવદ દશમે અને ફાગણ સુદ પુનમે મેળા ભરાય છે. મધુવનમાં આઠ શ્વેતાંબર મંદિર બે દાદાવાડી ને એક ભોમિયાજીનું મંદિર છે. ઉપરાંત દિગંબર વીશાપંથાની કોઠીના મંદિરમાં આઠ જીનાલય અને દિગંબર



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તેરાપંથીની કોઠીના મંદિરમાં નવ જીનાલય છે.

**વાહનવ્યવહાર :–** મધુબનથી નજદીકનું રેલ્વેસ્ટેશન ગિરડિહ લગભગ ૨૫ કી.મી. ને પાર્શ્વનાથ ઈસરી બજાર લગભગ ૨૨ કી.મી. છે. અહીંથી બસ અને ટેકસીની સગવડ છે. મધુબનથી પહાડની યાત્રા પગે કરવી પડે છે. ડોળીઓ મળી રહે છે.

**આવાસ સુવિધા :–** ગિરડિહ અને પાર્શ્વનાથમાં પણ સ્ટેશનની નજદીક સુવિધાયુકત ધર્મશાળાઓ છે. મધુબનમાં પણ ધર્મશાળાઓમાં તમામ સુવિધાઓ છે. ભોજનશાળા છે હમણાં કચ્છી દાનવીરો તરફથી આધુનિક સગવડવાળી ધર્મશાળા થઈ છે.

**માહિતીકેન્દ્ર :–** શ્રી જૈન શ્વેતાંબર સોસાયટી પેઢી, કોઠા, ગામ મધુબન. પો. ઓ. શિખરજી જિ. ગિરડિહ. બીહારરાજ્ય.

**શ્રી પાવાપુરી તીર્થ** :– તિર્થાધિરાજ શ્રી મહાવીર ભગવાન

બિહાર રાજ્યનાં પાવાપુરી ગામની બહાર સરોવરની મધ્યમાં આવેલ આ તીર્થ પ્રાચીન કાળમાં મગધદેશનું એક શહેર હતું ભગવાન મહાવીરના સમયમાં જ ભગવાનના પરમભકત મગધ નરેશ શ્રેણીકરાજાના પુત્ર અજાતશત્રુ મગધદેશના રાજા બની ચૂકયા હતા. એ સમયે ભગવાન મહાવીર ચંપાપુરીથી વિહાર કરી અહીં પધાર્યા અને રાજા હસ્તિપાલની રજજુગ શાળામાં ચાતુર્માસ માટે બીરાજ્યા. ભગવાન મહાવીરની આ નિર્વાણભૂમિ ગણાય છે. આ અંતિમ સંસ્કાર સ્થળ ઉપર ચોતરા બનાવી પ્રભુના ચરણ સ્થાપિત કર્યા જે આજે ગામ મંદિર અને જલમંદિર તરીકે માનવામાં આવે છે. દિવાળીનાં દિવસે પ્રભુનાં નિર્વાણોત્સવનો મેળો ભરાય છે.

જલમંદિર કમલના ફુલોથી લદબદતા સરોવર વચ્ચે આવેલ છે, જલમંદિરનું શુદ્ધ અને પવિત્ર શાંત વાતાવરણ જોઇ વ્યકિત ભગવાનના સ્મરણમાં લીન થઇ જાય છે.

**વાહનવ્યવહાર :–** પાવાપુરી રોડ રેલ્વેસ્ટેશન ૧૦ કી.મી. છે. નવાદા, ૨૩ કી.મી. દૂર છે. ટેકસી અને બસની સગવડ મળી રહેછે. નજદીકનું મોટુ ગામ બીહારશરીફ ૧૫ કી.મી. છે.

**આવાસ સુવિધા :–** ગામ મંદિર અને નવાસમવસરણ શ્વેતાંબર મંદિરના સંકુલમાં ધર્મશાળા અને ભોજનશાળા છે.

**માહિતીકેન્દ્ર :–** શ્રી જૈન શ્વેતાંબર ભંડારતીર્થ પાવાપુરી. જિ. નાલંદા. બિહાર રાજ્ય



For Private and Personal Use Only

# વિભાગ–૪ સંક્ષિપ્તમાં—જૈન તહેવારો ચાર્ટ–૧

| નંબર | માસ/તિથિ ભારતીય | મહત્વ | અંગ્રેજી માસ આશરે |
|---|---|---|---|
| ૧ | શ્રાવણવદ–૧૨થી ભાદરવા સુદ-૪-૫ | પર્યુષણ–જૈનોનો મહત્વનો તહેવાર – અઠ્ઠાઈતપ થાય છે. છેલ્લા દિવસે એકબીજાને ખમાવે છે. | ઓગસ્ટ–સપ્ટેમ્બર દરમ્યાન |
| ૨ | આસોવદ અમાસ (દિવાળી) | મહાવીર સ્વામીનો નિર્વાણ દિન | ઓકટોબર–નવેમ્બર |
| ૩ | ચૈત્રસુદ–૭થી૧૫<br>આસોસુદ–૭થી૧૫ | આયંબીલની ઓળી નવ દિવસની – અઠ્ઠાઈતપ થાય છે. | — |
| ૪ | કારતકસુદ–૫ | જ્ઞાનપંચમી | ઓકટોબર–નવેમ્બર |
| ૫ | કાર્તિકીપૂનમ | શત્રુંજયને અન્ય સ્થાનોએ મોટો તહેવાર. પટ ખૂલે છે | ઓકટોબર–નવેમ્બર માસ |
| ૬ | કારતકસુદ–૧૪ ફાગણસુદ–૧૪<br>અષાઢસુદ–૧૪ | ચોમાસી ચૌદસ ગણાય છે. જેમાં સુદ સાતમથી ૧૪ સુધી આઠ દિવસ અઠ્ઠાઈતપ પણ થાય છે. | — |
| ૭ | માગશરસુદ–૧૧ | મૌન અગિયારસ | નવે.–ડીસેમ્બર |
| ૮ | માગશરવદ–૧૦ | પોષ દશમ | ડીસે.–જાન્યુઆરી |
| ૯ | પોષવદ–૧૩ | મોક્ષ તેરસ ઋષભદેવનું મોક્ષ કલ્યાણક | જાન્યુ–ફેબ્રુઆરી |
| ૧૦ | ચૈત્રસુદ–૧૩ | મહાવીર સ્વામીનો જન્મ દિવસ | માર્ચ–એપ્રીલ–મે |
| ૧૧ | ચૈત્રીપૂનમ | ઋષભદેવ પ્રભુના ગણધર શ્રી પુંડરીક સ્વામી કરોડ મુનિવરો સાથે મોક્ષેગયા. | માર્ચ–એપ્રીલ |
| ૧૨ | વૈશાખસુદ–૩ | અખાત્રીજ. આ દિવસે શ્રી ઋષભદેવને શ્રેયાંસકુમારે શેરડીના રસથી પારણું કરાવ્યું હતું. | એપ્રીલ–મે–જૂન |



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન તહેવારો ચાર્ટ—૨

(તીર્થધામો પર મેળાઓ ને ધ્વજારોહણની તિથિઓ)

| નંબર | માસ/તારીખ ભારતીય | સ્થળોનું નામ | અંગ્રેજી માસ |
|---|---|---|---|
| ૧ | કારતકસુદ—૧ | શંખેશ્વર, ખેડબ્રહ્મા, | ઓકટો.—નવેમ્બર—ડીસેમ્બર |
| ૨ | કારતક વદ—૪ | મહુડી | નવે.—ડીસેમ્બર |
| ૩ | કાર્તિકી પૂનમ | ભોરોલ, તારંગા, ઈડર, શત્રુંજય, કાવી, ઝઘડીયા, શંખેશ્વર, ગાંધાર, મેત્રાણા, અજાહરા | ઓકટોબર—નવેમ્બર |
| ૪ | માગશરસુદ—૩ | મહુડી | નવેમ્બર—ડીસેમ્બર |
| ૫ | માગશરસુદ—૫ | શિયાણી | ,, |
| ૬ | માગશરસુદ—૬ | મહુડી | ,, |
| ૭ | માગશર—વદ—૧ | ચારૂપ | ડીસેમ્બર—જાન્યુ. |
| ૮ | પોષ—વદ—૧૦ | અજાહરા—શંખેશ્વર—ગાંધાર | જાન્યુ.—ફેબ્રુઆરી, |
| ૯ | મહાસુદ—૪ | ગાંભુ | જાન્યુ.—ફેબ્રુ.—માર્ચ |
| ૧૦ | મહાસુદ—૫ | કુંભારીયા, તેરા જખૌ નલિયા, શંખેશ્વર | ,, |
| ૧૧ | મહાસુદ—૬ | જૂનાડીસા, પ્રભાસપાટણ | ,, |
| ૧૨ | મહાસુદ—૧૦ | ભોયણી | ,, |
| ૧૩ | મહાસુદ—૧૨ | પાવાગઢ | ,, |



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| નંબર | માસ/તારીખ ભારતીય | સ્થળોનું નામ | અંગ્રેજી માસ |
|---|---|---|---|
| ૧૪ | મહાસુદ-૧૩ | ઉપરિયાળા-મહુવા-મેત્રાણા-કોઠારા, પાવાગઢ | જાન્યુ.—ફેબ્રુ.—માર્ચ |
| ૧૫ | મહાસુદ-૧૫ | કમ્બોઈ | ,, |
| ૧૬ | મહા-વદ-૬ | વલ્લભીપુર | ફેબ્રુઆરી—માર્ચ |
| ૧૭ | મહાવદ એકાદશી | અમદાવાદ હઠીસીંગના દહેરાં | ,, |
| ૧૮ | ફાગણસુદ-૩ | ચાણસ્મા, ખંભાત | માર્ચ—એપ્રીલ |
| ૧૯ | ફાગણસુદ-૫ | ભદ્રેશ્વર | ,, |
| ૨૦ | ફાગણસુદ-૮ | દેલવાડા, ઉપરિયાળા | ,, |
| ૨૧ | ફાગણસુદ-૧૨ | ગાંધાર | ,, |
| ૨૨ | ફાગણસુદ-૧૩ | વલ્લભીપુર, શત્રુંજય | માર્ચ—એપ્રીલ |
| ૨૩ | ફાગણવદ-૫ | માતર | ,, |
| ૨૪ | ફાગણવદ-૭ | કાવી | ,, |
| ૨૫ | ફાગણવદ-૧૦ | શંખેશ્વર | ,, |
| ૨૬ | ચૈત્રસુદ પૂનમ | મેત્રાણા, ભોરોલ, ઈડર, શંખેશ્વર, કાવી, ગાંધાર, ઝઘડીયા, અજાહરા, સુથરી | એપ્રીલ—મે |
| ૨૭ | ચૈત્રવદ-એકાદશી | મોટાપોસીના | ,, |
| ૨૮ | વૈશાખસુદ-૩ | શત્રુંજય-વરસીતપના પારણા | એપ્રીલ—મે |
| ૨૯ | વૈશાખસુદ-૪ | ઝઘડીયા | ,, |

For Private and Personal Use Only

| નંબર | માસ/તારીખ ભારતીય | સ્થળોનું નામ | અંગ્રેજી માસ |
|---|---|---|---|
| ૩૦ | વૈશાખસુદ-૫ | માતર | એપ્રિલ—મે |
| ૩૧ | વૈશાખસુદ-૬ | પાનસર, વાલમ, ખીમા, મહેસાણા, વાવ | ,, |
| ૩૨ | વૈશાખસુદ-૭ | બોડેલી, શિરોહી, | ,, |
| ૩૩ | વૈશાખસુદ-૮ | સુથરી | ,, |
| ૩૪ | વૈશાખસુદ-૧૦ | શેરીશા, ભરૂચ | ,, |
| ૩૫ | વૈશાખસુદ-૧૧ | અજાહરા, ઉના | ,, |
| ૩૬ | વૈશાખસુદ-૧૩ | તાલધ્વજગિરિ, વામજ | ,, |
| ૩૭ | જેઠસુદ-૩ | મોઢેરા | જૂન—જુલાઈ |
| ૩૮ | જેઠસુદ-૫ | પાટણ, ચારૂપ | ,, |
| ૩૯ | જેઠવદ-૮ | ભરૂચ | ,, |
| ૪૦ | જેઠવદ-૧૧ | મોટાપોસીના | ,, |
| ૪૧ | આસોસુદ ૧૦ | શત્રુંજય, કદમ્બગિરિ, વલ્લભીપુર | ઓકટો.—નવેમ્બર |

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ચાર્ટ–૩

# જૈન તીર્થંકરો

| | | |
|---|---|---|
| પહેલા તીર્થંકર | | શ્રી આદિનાથ ભગવાન |
| બીજા | ,, | શ્રી અજીતનાથ ભગવાન |
| ત્રીજા | ,, | શ્રી સંભવનાથ ભગવાન |
| ચોથા | ,, | શ્રી અભિનંદન સ્વામી |
| પાંચમા | ,, | શ્રી સુમતિનાથ ભગવાન |
| છઠ્ઠા | ,, | શ્રી પદ્મ પ્રભુ ભગવાન |
| સાતમા | ,, | શ્રી સુપાર્શ્વનાથ ભગવાન |
| આઠમા | ,, | શ્રી ચંદ્ર પ્રભુ ભગવાન |
| નવમા | ,, | શ્રી સુવિધિનાથ ભગવાન |
| દસમા | ,, | શ્રી શીતલનાથ ભગવાન |
| અગીયારમા | ,, | શ્રી શ્રેયાંસનાથ ભગવાન |
| બારમા | ,, | શ્રી વાસુપૂજ્ય ભગવાન |
| તેરમા | ,, | શ્રી વિમલનાથ ભગવાન |
| ચૌદમા | ,, | શ્રી અનંતનાથ ભગવાન |
| પંદરમા | ,, | શ્રી ધર્મનાથ ભગવાન |
| સોળમા | ,, | શ્રી શાંતિનાથ ભગવાન |
| સતરમા | ,, | શ્રી કુંથુનાથ ભગવાન |
| અઢારમા | ,, | શ્રી અરનાથ ભગવાન |
| ઓગણીસમા | ,, | શ્રી મલ્લિનાથ ભગવાન |
| વીસમા | ,, | શ્રી મુનિસુવ્રત સ્વામી |
| એકવીસમા | ,, | શ્રી નમીનાથ ભગવાન |
| બાવીસમા | ,, | શ્રી નેમીનાથ ભગવાન |
| ત્રેવીસમા | ,, | શ્રી પાર્શ્વનાથ ભગવાન |
| ચોવીસમા | ,, | શ્રી મહાવીર સ્વામી |



For Private and Personal Use Only

# જૈન તીર્થધામોની પંચતીર્થીની માહિતી :-

ગુજરાતના કેટલાક જૈન તીર્થધામોની પંચતીર્થીના રૂટ ને માહીતી નીચે આપેલ છે. તીર્થની વિશેષ વિગતો પુસ્તકમાં જોવી. અંતર આશરે કીલોમીટરમાં અપાયેલ છે.

| | |
|---|---|
| ૧. અમદાવાદથી | પંચતીર્થીના ગામ શેરીસા, ભોંયણી, પાનસર, મહુડી, આગલોડ, અમદાવાદ<br>દિવસ–૧. કી.મી. ૨૫૦. |
| ૨. અમદાવાદ થી | શંખેશ્વર, ગાંભુ, મહેસાણા, મહુડી, વીજાપુર,<br>દિવસ–૧. કી.મી. ૩૫૦ |
| ૩. કચ્છ–ભદ્રેશ્વર થી (અમદાવાદ- ભદ્રેશ્વર- ૪૨૧ કી.મી ) | નાની પંચતીર્થી ભદ્રેશ્વર(વસઈ)થી, મુંદ્રા, ભુજપુર, નાનીખાખર, બિદડા, જૈનઆશ્રમ-માંડવી.<br>દિવસ–૧. કી.મી.–૭૫<br>મોટી પંચતીર્થી ભદ્રેશ્વરથી માંડવી સુથરી, ૧૩૫ કી.મી. કોઠારા, નલીયા, જખૌ, તેરા થઈ ભુજ, કચ્છ-૨૦૦ કીમી<br>દિવસ–૨–કુલ કી મી. ૩૩૫ |
| ૪. પાલીતાણા-શેત્રુંજયથી (અમદાવાદ-પાલીતાણા ૨૧૪ કી.મી.) | શેત્રુંજય, કદંબગીરી, તળાજા, મહુવા, હસ્તગીરી;<br>દિવસ–૧–કી.મી. ૨૫૦ |
| ૫. [illegible] ([illegible] ૧૧૨ કી.મી), | [illegible] ઝઘડીયા, વડોદરા<br>દિવસ–૧ થી ૨. કી.મી. ૩૯૨ |
| ૬. જૂનાગઢ-ગિરનારથી (અમદાવાદ - જૂનાગઢ ૩૨૬ કી.મી), | ગિરનાર, પ્રભાસપાટણ, દીવ, દેલવાડા, ઉના-જૂનાગઢ<br>દિવસ ૧ થી ૨ ૩૪૦ કી.મી. |



For Private and Personal Use Only

ખરીદો...

ઘેર-ઘેર વસાવવા
યોગ્ય સમાજ ઉપયોગી

પ્રકાશનો

ગાલા પબ્લીશર્સ

ગોમતીપુર,
અમદાવાદ-૩૮૦ ૦૨૧.

ફોન : ૩૬૫૭૧૯

INSIST ON
ASARWA
FABRICS.....

Choose from ASARWA's
Exciting Varieties of
Polyester/Cotton Blended
Shirting AND
Dress Materials
in Rotary Prints

ASARWA MILLS
Asarwa Road,
Ahmedabad-380 016.

Phone : 385520-23

શુભેચ્છાઓ સાથે...........

વાડીલાલ લાવ્યા છે મનને લલચાવતા પાંચ નવા
સ્વાદ મૂંઝવણ એ છે કે કયો પહેલો ખાવો ?

- સ્વીટ હાર્ટ
- પિન્ક વન્ડર
- આદાબ
- સરસ
- સ્ટ્રોબરી ચીઝ

વાડીલાલ
આઇસ્ક્રીમ

વાડીલાલ માર્કેટીંગ પ્રા. લી.
"પિતૃ આશીષ" ઈશ્વરભુવન રોડ,
જરીવાલા પાર્ક પાસે, પૂર્ણિમા એપાર્ટમેન્ટની સામે,
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.
ફોન : ૪૪૯૮૩૩, ૪૬૧૮૮૨, ૪૬૫૧૪૨

શહેરમાં સર્વશ્રેષ્ઠ તાજો સ્વાદ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**With Best Compliments From :—**

# BHAILAL RAYCHAND AND CO.

H. O. : Bhailal Bhuvan, 118, Keshavji Naik Road,
Bombay-400 009.
Phone : 861512, 866029

Ahmedabad - Krishna Mansion, Kalupur, Ghee Bazar.
Phone : 383623

Whole Salers : **Parle Products Pvt. Ltd.,**
Redi. Stockist : **Hindustan Lever Ltd.,**
**Lipton India Ltd.,**
Commission Agent : **Levers Glycerine.**





For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# STEEL BUILD

Plot No. 501 GIDC Estate Near Anup Eng. Ltd.,
ODHAV 382415

Ahmedabad Phone : 887279

**Contractors : Construction of Factory Sheds, Steel Structures, Tubular Structures, M. S. Tanks, M. S. Chimneys etc.**



# રૂા.૧,૦૦,૭૫૦

## યુવતી થતાં એની સંપત્તિ

**બેશક ! અને સ્વાભાવિક રીતે !**

આજે રાષ્ટ્રીય બચતપત્રો (શ્રેણી-૬) માં એના નામે રૂા. ૬૨૫૦/ નું રોકાણ કરશો તો જેમ એની વય વધતી જશે તેમ એની સાથો સાથ ૨૪ વર્ષ સુધી રોકાણની રકમ પણ ખબર ના પડે એ રીતે વધતી જશે અને એ યુવતી થતાં એના ખાતે વધીને થશે રૂા૧,૦૦,૭૫૦

રાષ્ટ્રીય બચતપત્રો (શ્રેણી-૬) માં
છ વર્ષ માટે રોકેલાં નાણાનું ફરીથી ત્રણ વાર
એટલેકે દર છ વર્ષે રોકાણ થઇ શકે છે.
આ રાષ્ટ્રીય બચતપત્રોમાં ૧૨% નું ચ.વૃ. વ્યાજ.
મળે છે અને છ છ મહિને જમા થાય છે.
છ વર્ષમાં રકમ બમણી થઇ જાય છે.

**રાષ્ટ્રીય બચત પત્રો
(શ્રેણી-૬)માં નાણાં રોકો**

– સી.આર. બિશ્વાસ
કમિશ્નર/સચિવ
નાનાબચત અને રાજ્ય લોટરી. નાણાંખાતું
ગુજરાત




For Private and Personal Use Only

# SOMAIYA ORGANICS LTD.

**MANUFACTURERS OF**

INDUSTRIAL SOLVENTS AND ORGANIC CHEMICALS, SUCH AS

**BUTANOL**
**BUTYLACETATE**
**ACETIC ACID**
**ETHYLACETATE**
**PARALDEHYDE**
**CROTONALDEHYDE**
**ACETALDEHYDE**

AND ALSO OTHER ALLIED CHEMICALS

**FACTORY & REGD. OFFICE**

SOMAIYA NAGAR
DEWA ROAD
BARABANKI
TEL-326 360
GRAM-SOMORGANIC
TELEX-0535 232 SOIL IN (LKO)
0535 372 SOIL IN (BBK)

**HEAD OFFICE**

NARANG HOUSE
34 CHH. SHIVAJIMAHARAJMARG
BOMBAY
TEL-2024624, 2024698
GRAM-SOMORGANIC
TELEX-SOIL 011 3664 SOIL IN

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નકશા માટે માર્ગદર્શન—અનુક્રમ

(૧) કુંભારીયાજી
(૨) પ્રહલાદનપુર—પાલનપુર
(૩) જૂના ડીસા
(૪) થરાદ
(૫) ખીમા
(૬) વાવ
(૭) ભોરોલ
(૮) જમણપુર
(૯) પાટણ
(૧૦) મૈત્રણા
(૧૧) તારંગા
(૧૨) ખેડબ્રહ્મા
(૧૩) વડાલી
(૧૪) ઈડર
(૧૫) મોટાપોસીના
(૧૬) વાલમ
(૧૭) મહેસાણા
(૧૮) ગાંભુ
(૧૯) મોઢેરા
(૨૦) કમ્બોઇ
(૨૧) ચાણુસ્મા
(૨૨) શિયાણી
(૨૩) ચારૂપ
(૨૪) ભીલડીયાજી
(૨૫) તેરા
(૨૬) જખૌ
(૨૭) નલીયા
(૨૮) કોઠારા
(૨૯) સુથરી
(૩૦) ભદ્રેશ્વર
(૩૧) ગિરનાર
(૩૨) પ્રભાસપાટણ
(૩૩) દીવ
(૩૪) અજાહરા
(૩૫) દેલવાડા
(૩૬) ઉના
(૩૭) મહુવા
(૩૮) તાલધ્વજગિરિ
(૩૯) ઘોઘા
(૪૦) કદમ્બગિરિ
(૪૧) હસ્તગિરિ
(૪૨) શત્રુંજય-પાલીતાણા
(૪૩) વલ્લભીપુર
(૪૪) ધોળકા—કલીકુંડ
(૪૫) શંખેશ્વર
(૪૬) ઉપરિયાળા
(૪૭) વામજ
(૪૮) ભોંયણી
(૪૯) પાનસર
(૫૦) મહુડી
(૫૧) શેરીસા
(૫૨) કર્ણાવતી - અમદાવાદ
(૫૩) માતર
(૫૪) ખંભાત
(૫૫) પાવાગઢ
(૫૬) કાવી
(૫૭) ગાંધાર
(૫૮) ભરૂચ
(૫૯) ઝઘડીયા
(૬૦) દર્ભાવતી
(૬૧) બોડેલી
(૬૨) પારોલી
(૬૩) જામનગર
(૬૪) ભૂજ
(૬૫) મુંદ્રા
(૬૬) માંડવી



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ગુજરાતનાં જૈન તીર્થધામો




For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

कैलास
कोबा,

Serving JinShasan
178545
gyanmandir@kobatirth.org



For Private and Personal Use Only